આઝાદી કા
અમૃત મહોત્સવ

વર્ષ : ૬૨ ■ અંક : ૩ ■ તા.૧-૨-૨૦૨૨

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક







## ૭૩મા પ્રજાસત્તાક પર્વની
## ગૌરવવંતા ગીર સોમનાથમાં ગરિમાપૂર્ણ ઉજવણી

# રાજ્યભરમાં પ્રજાસત્તાક પર્વની થયેલી ઉજવણીની તસવીરી ઝલક



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી
રાજભવન, ગાંધીનગર



મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી અરવિંદ કુમાર
ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ



મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી
રાજકોટ



મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ
અમદાવાદ



મંત્રી શ્રી પૂર્ણેશભાઇ મોદી
બનાસકાંઠા



મંત્રી શ્રી કનુભાઇ દેસાઇ
સુરત




મંત્રી શ્રી કિરીટસિંહ રાણા
ભાવનગર



મંત્રી શ્રી નરેશભાઇ પટેલ
વલસાડ



મંત્રી શ્રી પ્રદીપભાઇ પરમાર
વડોદરા



મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ
પંચમહાલ

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 62 ▪ Issue : 3 ▪ Date 1-2-2022

**તંત્રી** : ડી. પી. દેસાઇ
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૦૭૯-૨૩૨૫૩૪૪૨

**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com

**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત


**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# શબ્દશઃ

- સ્વતંત્રતાનો ભવ્ય ઈતિહાસ - સમૃદ્ધ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસો આપણે નવી પેઢીને આપવાનો છે.
- આદિવાસી છાત્રોને પોતાના ઘર પાસે ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે એવી વ્યવસ્થા કરાઈ છે.
- ગુજરાતની યુવાશક્તિને ગ્લોબલ યુથ બનાવવાની પ્રતિબદ્ધતામાંથી સેક્ટરલ યુનિવર્સિટીઝની નવતર પહેલ થઈ છે.
- આત્મનિર્ભર ભારતના નિર્માણમાં યુવાશક્તિ માટે અનેક અવસરો અને તકો છે.
- પદવીપ્રાપ્ત યુવાઓ રાષ્ટ્રહિતનાં કાર્યો અને જનકલ્યાણ ભાવનાને એમના જીવનમાં અભિન્ન હિસ્સો બનાવે.
- નગરો-મહાનગરોમાં આધુનિકતા સાથે સર્વાંગી વિકાસ કરી આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતનો સંકલ્પ સિદ્ધ કરવો છે.
- રિસર્ચ અને ઇનોવેશનને વેગ આપી ગુજરાત સરકારે નવી શિક્ષણનીતિમાં હૉલિસ્ટિક ડેવલપમેન્ટનો રોડમેપ તૈયાર કર્યો છે.
- સપ્ટેમ્બર ૨૦૨૨ સુધીમાં સમગ્ર ગુજરાતમાં ૧૦૦% 'નલ સે જલ' આપવાની નેમ છે.
- રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધુ વિસ્તારવાનાં ઉપાયો માટે આગામી દિવસોમાં રૂ. ૧૦૦ કરોડનું ફંડિંગ ફાળવાશે.
- રાજ્યનો કોઈપણ નાગરિક વિકાસથી વંચિત રહી ન જાય તેવી નેમ સાથે સરકાર કાર્યરત છે.
- અમારી નવી ટીમે પહેલા જ દિવસથી લોકપ્રશ્નોને સરકાર સુધી પહોંચાડવાના દરવાજા ખુલ્લા કરી દીધા છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)




**14** કવર સ્ટોરી

**૭૩મા પ્રજાસત્તાક પર્વની ગૌરવવંતા ગીર સોમનાથમાં ગરિમાપૂર્ણ ઉજવણી**

**દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની પરેડમાં સાબરકાંઠાના પાલ-દઢવાવના આદિવાસી ક્રાંતિવીરોની કથા ઉજાગર કરતો ટેબ્લો પ્રસ્તુત કરાયો** - પંકજ મોદી / હિરેન ભટ્ટ





**24** પરિશ્રમગાથા

**સેવાની સુવાસ પ્રસરાવવાની સંકલ્પબદ્ધતા સાથે સુશાસનના ૧૨૧ દિવસ**

**121 દિવસની જનસેવાની પરિશ્રમયાત્રા** - પુલક ત્રિવેદી





**40** સિધ્ધિ

**૧૨૧ દિવસ કિસાન કલ્યાણના** - દિલીપ ગજ્જર





**50** સન્માન

**સુરતની ‘રબર ગર્લ’ને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર-૨૦૨૨**

**06** સંવાદ

મન કી બાત

**10** સાવચેતી

કોવિડની ત્રીજી લહેર સામે સજ્જતા : રસીકરણ, સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક, સેનિટાઇઝેશન જ શ્રેષ્ઠ માર્ગ

**12** ક્રાંતિ

સોલાર રૂફટોપમાં ગુજરાત અગ્રેસર - શૈલેષ નાયક

**13** નિરીક્ષણ

CM ભારત બાયોગેસ એનર્જીના પ્લાન્ટની મુલાકાતે

**19** ટેક્નોલોજી

I-Createના ઇલેક્ટ્રિક વ્હીકલ સેન્ટર ઓફ એક્સલન્સનું ઉદ્ઘાટન

**20** વિકાસગાથા

સોમનાથમાં આધુનિક અતિથિગૃહનું ઇ-લોકાર્પણ કરતા વડાપ્રધાનશ્રી

- રાજકોટમાં નવનિર્મિત અંડર બ્રિજનું સીડીએસ બિપિન રાવત નામકરણ આપી ઈ-લોકાર્પણ
- આર્સેલર મિતલ નિપોન સ્ટીલ ઇન્ડિયા ગુજરાતમાં રૂ.1.66 લાખ કરોડનું સૂચિત રોકાણ કરશે

**42** ગૌરવ

GIDMને સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર એનાયત

**43** માર્ગદર્શન

વિડીયો સિરીઝથી પોલીસ ભરતીનું માર્ગદર્શન

**44** આસપાસ

**45** નિર્ણય

**46** સમાચાર વિશેષ



# ગુજરાતના સર્વાંગી વિકાસના અડગ નિર્ધાર સાથે પરિણામલક્ષી પ્રયાસ...

જ્યાં માનવી ત્યાં સુવિધાની રાજ્ય સરકારની વિભાવના રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની 'ટીમ ગુજરાત' નિષ્ઠાપૂર્વક તેજ રફતારથી ગુજરાતના ખૂણે ખૂણાના વિકાસને વધુ બળવત્તર બનાવી રહી છે. રાજ્ય સરકાર તમામ ક્ષેત્રે સર્વસમાવેશક વિકાસ માટે પ્રતિબધ્ધ છે તેની પ્રતીતિ જન જનને સુપેરે થઈ રહી છે. ઊર્જાવાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નિર્ણાયક નેતૃત્વમાં રાજ્ય સરકારે ૧૨૧ દિવસમાં જનહિતના અનેક કલ્યાણકારી કાર્યો કરીને દ્રઢ સંકલ્પશક્તિ અને પરિણામલક્ષિતાનો પરિચય આપ્યો છે. રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધુ વિસ્તારવાનાં ઉપાયો અને તેને લગતા કાર્યો માટે રૂ. ૧૦૦ કરોડનું ફંડીંગ આપવામાં આવનાર છે. આ ઉપરાંત સમગ્ર ગુજરાતને ૧૦૦ ટકા 'નલ સે જલ' આપવાનો નિર્ધાર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વ્યક્ત કર્યો છે.

રાષ્ટ્રીય પર્વોની જિલ્લા કક્ષાએ ઉજવણી કરવાનો પ્રારંભ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં કર્યો હતો. આ વર્ષના પ્રજાસત્તાક દિવસની ઉજવણી ગીર સોમનાથ જિલ્લાનાં મુખ્યમથક વેરાવળ ખાતે કરવામાં આવી હતી. પ્રજાસત્તાક દિનનું પર્વ વિકાસ અને પર્યાવરણીય સુરક્ષાના સમન્વયનુ દ્યોતક બન્યું. મુખ્યમંત્રીશ્રીએ જિલ્લાના વિકાસ માટે રૂપિયા પાંચ કરોડની રકમ ફાળવી. આ પ્રસંગે ગીર સોમનાથ જિલ્લાની જનતાએ ૧૧ લાખ વૃક્ષારોપણનો સંકલ્પ અને તેના જતનની જવાબદારી સ્વીકારી પર્યાવરણ જાળવણીમાં મહત્ત્વનું કદમ માંડ્યું.

કોરોનાને નિયંત્રણમાં રાખવા અને નાગરિકોના આરોગ્યની સુખાકારી માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. મહામારી સામે મક્કમતાપૂર્વક લડવા રાજ્યની હોસ્પિટલ્સ, દવાઓનો પૂરતો પુરવઠો અને ઓક્સિજન પ્લાન્ટ્સ તૈયાર કરવામાં આવ્યા છે. ફ્રન્ટલાઈન વોરીયર્સ એવા આરોગ્યકર્મીઓ પણ સતત ખડેપગે રહીને જનતાની સેવા કરી રહ્યાં છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એક્સપર્ટ ગ્રુપ ઓફ ડોક્ટર્સ સાથે ચર્ચા-વિચારણા કરીને રાજ્યમાં આગામી સમયમાં કોવિડનાં સંક્રમણને રોકવા, તેના ઉપાયો અને ભાવિ રણનીતિ અંગે ચર્ચા-વિચારણા કરી હતી. રાજ્યમાં રસીકરણની કામગીરી સુદ્રઢ રીતે થઇ રહી હોવાથી કોરોનાની ત્રીજી લહેરનો સામનો ગુજરાત મજબૂત રીતે કરી રહ્યું છે.

રાજ્ય સરકારે ખેડૂતોના હિતને સદાય સર્વોપરી રાખ્યું છે. કચ્છના ખેડૂતોને સિંચાઈનું પાણી પ્રાપ્ત થાય તે માટે નર્મદાનાં એક મિલીયન ઘન ફીટ પાણીને કચ્છ સુધી પહોંચાડવા માટેના કાર્યનો પ્રારંભ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ સાથે, લઘુતમ ટેકાના ભાવથી તુવેર, ચણા અને રાયડાની ખેડૂતો પાસેથી રાજ્ય સરકારે સીધી ખરીદી કરીને ખેડૂતોના આર્થિક સશક્તિકરણની દિશામાં નક્કર કામ આરંભ્યું છે. કોરોના મહામારી દમિયાન પણ વિકાસ કાર્યોની ગતિને રાજ્ય સરકારે મંદ પડવા દીધી નથી. પાક્ષિકના આ અંકમાં ગુજરાત સરકારે જનહિતલક્ષી લીધેલા વિવિધ નિર્ણયો અને કલ્યાણકારી યોજનાઓની જાણકારી સંકલિત સ્વરૂપે પ્રસ્તુત કરવામાં આવી છે, જે ગુજરાત પાક્ષિકના સુજ્ઞવાચકોને ઉપયોગી બની રહેશે.

જય જય ગરવી ગુજરાત...

- **ડી.પી. દેસાઇ** આઇ.એ.એસ.
**માહિતી નિયામક**



# મન કી બાત

## જાન્યુઆરી 2022

### લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યના અંશોની ઝલક પ્રસ્તુત છે.***

મારા પ્રિય દેશવાસીઓ, નમસ્કાર. મન કી બાતની એક વધુ કડી દ્વારા આપણે એક સાથે જોડાઈ રહ્યા છીએ. આ ૨૦૨૨ની પહેલી મન કી બાત છે. આજે આપણે ફરી એવી ચર્ચાઓને આગળ વધારીશું જે આપણા દેશ અને દેશવાસીઓની સકારાત્મક પ્રેરણાઓ અને સામૂહિક પ્રયત્નો સાથે જોડાયેલી છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીની પુણ્યતિથિએ ૩૦ જાન્યુઆરીનો આ દિવસ આપણને બાપુના ઉપદેશોની પણ યાદ અપાવે છે. હજી થોડા દિવસ પહેલાં જ આપણે ગણતંત્ર દિવસ પણ ઉજવ્યો. દિલ્હીમાં રાજપથ પર આપણે દેશના શૌર્ય અને સામર્થ્યની જે ઝલક જોઈ તેણે સૌને ગર્વ અને ઉત્સાહથી ભરી દીધા છે. આ વખતે તમે એક બદલાવ જોયો હશે. હવે પ્રજાસત્તાક દિવસ સમારંભ ૨૩ જાન્યુઆરી એટલે કે, નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતીથી શરૂ થશે અને ૩૦ જાન્યુઆરી સુધી એટલે કે, ગાંધીજીની પુણ્યતિથિ સુધી ચાલશે. ઈન્ડિયા ગેટ પર નેતાજીની ડીજીટલ પ્રતિમા પણ સ્થાપિત કરી દેવાઈ છે. આ બાબતનું જે રીતે દેશે સ્વાગત કર્યું, દેશના ખૂણેખૂણાથી આનંદનું જે મોજું ફરી વળ્યું, દરેક દેશવાસીએ જે પ્રકારની ભાવનાઓ પ્રગટ કરી, તેને આપણે ક્યારેય ભૂલી નહીં શકીએ.

સાથીઓ, આઝાદીના અમૃત મહોત્સવમાં દેશ આ પ્રયાસોના માધ્યમથી પોતાના રાષ્ટ્રીય પ્રતીકોને પુનઃ પ્રતિષ્ઠિત કરી રહ્યો છે. આપણે જોયું કે, ઈન્ડિયા ગેટને અડીને "અમર જવાન જ્યોતિ" છે અને નજીકમાં જ "રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક" પર પ્રજ્વલિત જ્યોત છે તેને એક કરી દેવામાં આવી છે. આ ભાવુક અવસરે કેટલાય દેશવાસીઓ અને શહીદ પરિવારોની આંખોમાં આંસુ હતા. "રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક" માં આઝાદી પછી શહીદ થયેલા દેશના તમામ વીરોના નામ અંકિત કરવામાં આવ્યા છે. સેનાના કેટલાક ભૂતપૂર્વ જવાનોએ મને પત્ર લખીને કહ્યું છે કે, "શહીદોની સ્મૃતિની સામે પ્રજ્જવલિત થઈ રહેલી અમર જવાન જ્યોતિ શહીદોના અમરત્વનું પ્રતીક છે." ખરેખર "અમર જવાન જ્યોતિ"ની જેમ જ આપણા શહીદો, તેમની પ્રેરણા અને તેમનું યોગદાન પણ અમર છે. હું આપ સૌને કહીશ કે, જ્યારે પણ તક મળે "રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક" પર જરૂર જજો. પોતાના પરિવાર અને બાળકોને પણ ચોક્કસ લઈ જજો. ત્યાં તમને એક અલગ ઊર્જા અને પ્રેરણાનો અનુભવ થશે.

સાથીઓ, અમૃત મહોત્સવના આ આયોજનોની વચ્ચે દેશમાં કેટલાયે મહત્ત્વના રાષ્ટ્રીય પુરસ્કારો પણ આપવામાં આવ્યા. તેમાંનો એક છે, પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર. આ પુરસ્કાર એવા બાળકોને મળ્યા, જેમણે નાની ઉંમરમાં જ

સાહસિક અને પ્રેરણાદાયક કામ કર્યું છે. આપણે બધાંએ પોતાના ઘરમાં આ બાળકો વિશે જરૂર જણાવવું જોઈએ. તેનાથી આપણાં બાળકોને પણ પ્રેરણા મળશે અને તેમનામાં દેશનું નામ રોશન કરવાનો ઉત્સાહ જાગશે. દેશમાં હમણાં જ પદ્મ પુરસ્કારોની પણ જાહેરાત થઇ છે. પદ્મપુરસ્કાર મેળવનારામાં કેટલાય એવા નામ પણ છે જેમના વિશે બહુ ઓછા લોકો જાણે છે. આ આપણા દેશના unsung heroes છે. જેમણે સાધારણ સંજોગોમાં પણ અસાધારણ કામ કર્યું છે. જેમ કે, ઉત્તરાખંડના બસંતી દેવીજીને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા છે. બસંતી દેવીએ તેમનું પૂરૂં જીવન સંઘર્ષોની વચ્ચે વિતાવ્યું. નાની ઉંમરમાં જ તેમના પતિનું અવસાન થઇ ગયું હતું અને તેઓ એક આશ્રમમાં રહેવા લાગ્યાં. ત્યાં રહીને તેમણે નદીને બચાવવા માટે સંઘર્ષ કર્યો અને પર્યાવરણ માટે અસાધારણ યોગદાન આપ્યું. તેમણે મહિલાઓના સશક્તીકરણ માટે પણ ઘણું કામ કર્યું છે. આ રીતે જ મણિપુરના ૭૭ વર્ષના લૌરેમ્બમ બીનો દેવી દાયકાઓથી મણિપુરની લીબા વસ્ત્રકળાનું સંરક્ષણ કરી રહ્યા છે. તેમને પણ પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા છે. મધ્યપ્રદેશના અર્જુનસિંહને બૈગા આદિવાસી નૃત્યની કળાને ઓળખ અપાવવા માટે પદ્મ સન્માન મળ્યું છે. પદ્મ સન્માન મેળવનારા વધુ એક મહાનુભાવ છે શ્રીમાન અમાઈ મહાલિંગા નાઈક. તેઓ એક ખેડૂત છે. અને કર્ણાટકના નિવાસી છે. તેમને કેટલાક લોકો ટનલ મેન પણ કહે છે. તેમણે ખેતીમાં એવા એવા નવીનીકરણ કર્યા છે, જેને જોઈને કોઈપણ દંગ રહી જાય. તેમના પ્રયાસોનો બહુ મોટો લાભ નાના ખેડૂતોને થઇ રહ્યો છે. આવા બીજા પણ કેટલાય unsung heroes(અસ્તુત્ય નાયકો) છે. દેશે તેમના યોગદાન માટે જેમને સન્માનિત કર્યા છે. આપ તેમના વિષે જાણવાની પણ ચોક્કસ કોશિશ કરજો. તેમનાથી આપણને જીવનમાં ઘણુંબધું શીખવા મળશે.

> **“રાષ્ટ્રીય બાળ પુરસ્કાર વિજેતા એવા બાળકોને વડાપ્રધાન મળ્યા, જેમણે નાની ઉંમરમાં જ સાહસિક અને પ્રેરણાદાયક કામ કર્યું છે. આપણે બધાંએ પોતાના ઘરમાં આ બાળકો વિશે જરૂર જણાવવું જોઇએ. તેનાથી આપણાં બાળકોને પણ પ્રેરણા મળશે અને તેમનામાં દેશનું નામ રોશન કરવાનો ઉત્સાહ જાગશે.”**

મારા વ્હાલા દેશવાસીઓ, અમૃત મહોત્સવ વિશે તમે બધા સાથીઓ મને ઢગલાબંધ પત્રો અને સંદેશા મોકલો છો, અનેક સૂચનો કરો છે. આ શ્રેણીમાં કંઇક એવું થયું છે, જે મારા માટે અવિસ્મરણીય છે. એક કરોડથી વધુ બાળકોએ મને પોતાની મન કી બાત પોસ્ટકાર્ડ દ્વારા લખી મોકલી છે. આ એક કરોડ પોસ્ટકાર્ડ દેશના, જુદાજુદા ભાગમાંથી આવ્યા છે, વિદેશથી પણ આવ્યા છે. તેમાંથી ઘણા પોસ્ટકાર્ડ મેં સમય કાઢીને વાંચવાનો પ્રયત્ન કર્યો છે. આ પોસ્ટકાર્ડઝમાં એ બાબતનું દર્શન થાય છે કે દેશના ભવિષ્ય માટે આપણી નવી પેઢીની વિચારસરણી કેટલી વ્યાપક અને કેટલી વિશાળ છે.

સાથીઓ, એક પોસ્ટકાર્ડ મારી સામે છે ચેન્નાઇના મોહંમદ ઈબ્રાહીમનો. ઈબ્રાહીમ ૨૦૪૭માં ભારતને સંરક્ષણ ક્ષેત્રમાં એક મોટી શક્તિના રૂપમાં જોવા ઇચ્છે છે. તેઓ ઇચ્છે છે કે, ચંદ્ર પર ભારતનું પોતાનું સંશોધન મથક હોય, અને મંગળ પર ભારત, માનવ વસ્તીને, વસાવવાનું કામ શરૂ કરે. સાથોસાથ ઈબ્રાહીમ પૃથ્વીને પણ પ્રદૂષણથી મુક્ત કરવામાં ભારતની મોટી ભૂમિકા જુએ છે. ઈબ્રાહીમ, જે દેશની પાસે તમારા જેવા નવજુવાન હોય, તેમના માટે કશું પણ અસંભવ નથી.

સાથીઓ, મારી સામે એક પત્ર છે. મધ્યપ્રદેશના રાયસેનમાં સરસ્વતી વિદ્યામંદિરની દસમા ધોરણની વિદ્યાર્થિની ભાવનાનો. સૌથી પહેલા તો હું ભાવનાને કહીશ કે, તમે જે રીતે તમારા પોસ્ટકાર્ડને ત્રિરંગાથી શણગાર્યું છે તે મને બહુ ગમ્યું. ભાવનાએ ક્રાંતિકારી શિરીષકુમાર વિષે લખ્યું છે.

સાથીઓ, ગોવાથી મને લોરેન્શિયો પરેરાનું પોસ્ટકાર્ડ મળ્યું છે. તે બારમા ધોરણના વિદ્યાર્થી છે. તેમના પત્રનો પણ વિષય છે. આઝાદીના unsung heroes (અસ્તૃત્ય નાયકો). હું તેનો ગુજરાતી ભાવાર્થ તમને જણાવું છું. તેમણે લખ્યું છે, “ભીખાજી કામા ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં સામેલ થનારા સૌથી બહાદુર મહિલાઓમાંના એક હતાં.” તેમણે દીકરીઓને સશક્ત બનાવવા માટે દેશવિદેશમાં ઘણા અભિયાન ચલાવ્યાં. અનેક પ્રદર્શનો યોજ્યા. ચોક્કસપણે ભીખાજી કામા સ્વાધીનતા આંદોલનના સૌથી નીડર મહિલાઓમાંના એક હતા. ૧૯૦૭માં તેમણે જર્મનીમાં ત્રિરંગો લહેરાવ્યો હતો. આ ત્રિરંગાને સ્વરૂપ આપવામાં જે વ્યક્તિએ જેમને સાથ આપ્યો હતો, તે હતા - શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા. શ્રી શ્યામજી કૃષ્ણ વર્માજીનું નિધન ૧૯૩૦માં જીનીવામાં થયું હતું. તેમની અંતિમ ઇચ્છા હતી કે, ભારતની આઝાદી પછી તેમના અસ્થિ ભારત લાવવામાં આવે. હું જયારે ગુજરાતનો મુખ્યમંત્રી હતો, ત્યારે વર્ષ ૨૦૦૩માં તેમના અસ્થિ ભારત લાવવામાં આવ્યા હતા. શ્યામજી કૃષ્ણ વર્માની યાદમાં તેમના જન્મસ્થાન, કચ્છના માંડવીમાં એક સ્મારકનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે.

સાથીઓ, ભારતની આઝાદીના અમૃત મહોત્સવનો ઉત્સાહ

કેવળ આપણા દેશમાં જ નથી. મને ભારતના મિત્ર દેશ ક્રોએશિયાથી પણ ૭૫ પોસ્ટકાર્ડ મળ્યા છે. ક્રોએશિયાના જાગ્રેબમાં School of Applied Arts and Design ના વિદ્યાર્થીઓએ આ ૭૫ કાર્ડઝ ભારતના લોકો માટે મોકલ્યા છે અને અમૃત મહોત્સવના અભિનંદન આપ્યા છે. હું આપ સૌ દેશવાસીઓ તરફથી ક્રોએશિયા અને ત્યાંના લોકોને ધન્યવાદ આપું છું.

મારા દેશવાસીઓ, ભારત શિક્ષણ અને જ્ઞાનની તપોભૂમિ રહ્યું છે. આપણે શિક્ષણને પુસ્તકિયા જ્ઞાન સુધી મર્યાદિત નથી રાખ્યું, પરંતુ તેને જીવનના એક સમગ્ર અનુભવના રૂપે જોયું છે. આપણા દેશની મહાન વિભૂતિઓનો પણ શિક્ષણ સાથે ગાઢ નાતો રહ્યો છે. પંડિત મદન મોહન માલવીયજીએ જ્યાં બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી, તો મહાત્મા ગાંધીજીએ ગુજરાત વિદ્યાપીઠના નિર્માણમાં મહત્વની ભૂમિકા નિભાવી. આપણા આણંદમાં એક બહુ સરસ જગ્યા છે - વલ્લભ વિદ્યાનગર. સરદાર પટેલના આગ્રહથી તેમના બે સહયોગીઓ, ભાઈ કાકા અને ભીખા ભાઈએ ત્યાં યુવાનો માટે શિક્ષણકેન્દ્રોની સ્થાપના કરી. એ રીતે જ પશ્ચિમ બંગાળમાં ગુરૂદેવ રવિન્દ્રનાથ ટાગોરે શાન્તિનિકેતનની સ્થાપના કરી. મહારાજા ગાયકવાડ પણ કેળવણીના પ્રબળ સમર્થકોમાંના એક હતા. તેમણે અનેક શિક્ષણ સંસ્થાઓનું નિર્માણ કરાવ્યું અને ડોકટર આંબેડકર તથા શ્રી અરબિંદો સહિત અનેક વિભૂતિઓને ઉચ્ચ શિક્ષણ માટે પ્રેરિત કરી.

> “ ભારત શિક્ષણ અને જ્ઞાનની તપોભૂમિ રહ્યું છે. આપણે શિક્ષણને પુસ્તકિયા જ્ઞાન સુધી મર્યાદિત નથી રાખ્યું, પરંતુ તેને જીવનના એક સમગ્ર અનુભવના રૂપે જોયું છે. આપણા દેશની મહાન વિભૂતિઓનો પણ શિક્ષણ સાથે ગાઢ નાતો રહ્યો છે. ”

સાથીઓ, આપણા દેશમાં જુદાજુદા ક્ષેત્રો સાથે જોડાયેલા એવા ઘણા લોકો છે, જે બીજાની મદદ કરીને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવે છે. મને અત્યંત આનંદ છે કે આ રીતના પ્રયાસો ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં, ખાસ કરીને આપણી અલગ અલગ આઈઆઈટીમાં સતત જોવા મળી રહ્યા છે. કેન્દ્રીય વિશ્વવિદ્યાલયોમાં પણ આ પ્રકારના પ્રેરક ઉદાહરણોની ખોટ નથી.

મારા વ્હાલા દેશવાસીઓ, પ્રકૃતિને પ્રેમ અને જીવ માત્ર માટે કરૂણા એ આપણી સંસ્કૃતિ પણ છે અને સહજ સ્વભાવ પણ છે આપણા આ સંસ્કારોની ઝલક હમણાં તાજેતરમાં જ ત્યારે જોવા મળી જ્યારે મધ્યપ્રદેશના પેંચ વાઘ અભ્યારણ્યમાં એક વાઘણે દુનિયાને અલવિદા કરી દીધી. આ વાઘણને લોકો કોલર વાળી વાઘણ કહેતા હતા. વન વિભાગે તેને ટી-૧૫ નામ આપ્યું હતું. આ વાઘણના મૃત્યુએ લોકોને એટલા ભાવુક બનાવી દીધા, જાણે તેમનું કોઇ સ્વજન દુનિયા છોડી ગયું હોય. લોકોએ રીતસર તેના અંતિમ સંસ્કાર કર્યા, તેને પૂરા સન્માન અને સ્નેહ સાથે વિદાઇ આપી. તમે પણ આ તસ્વીરો સોશિયલ મીડિયામાં જરૂર જોઇ હશે. પૂરી દુનિયામાં પ્રકૃતિ અને જીવો માટે આપણા, ભારતીયોના આ પ્રેમની ખૂબ પ્રશંસા થઇ. કોલરવાળી વાઘણે તેના જીવનકાળમાં ૨૯ બચ્ચાંને જન્મ આપ્યો અને ૨૫ને પાળી પોષીને મોટાં પણ કર્યાં. આપણે ટી-૧૫ના આ જીવનને પણ ઉજવ્યું અને તેણે જયારે દુનિયા છોડી તો તેને ભાવસભર વિદાઇ પણ આપી. આ જ તો ભારતના લોકોની ખૂબી છે. આપણે દરેક ચેતન જીવ સાથે પ્રેમનો સંબંધ બનાવી લઇએ છીએ.

એવું જ એક દ્રશ્ય આપણને આ વખતે પ્રજાસત્તાક દિવસની પરેડમાં પણ જોવા મળ્યું. આ પરેડમાં રાષ્ટ્રપતિના અંગરક્ષકોના ચાર્જર ઘોડા વિરાટે પોતાની આખરી પરેડમાં ભાગ લીધો. આ ઘોડો વિરાટ, ૨૦૦૩માં રાષ્ટ્રપતિભવન આવ્યો હતો અને દરેક વખતે પ્રજાસત્તાક દિવસે કમાન્ડન્ટ ચાર્જરના રૂપમાં પરેડની આગેવાની લેતો હતો. જયારે કોઇ વિદેશી રાષ્ટ્રાધ્યક્ષનું રાષ્ટ્રપતિભવનમાં સ્વાગત થયું હતું, ત્યારે પણ તે પોતાની આ ભૂમિકા નિભાવતો હતો. આ વર્ષે સેના દિવસે એ અશ્વ વિરાટને સેના પ્રમુખ દ્વારા સેનાધ્યક્ષ પ્રશસ્તિપત્ર પણ આપવામાં આવ્યું. વિરાટની વિરાટ સેવાઓને જોઇને તેની સેવાનિવૃત્તિ પછી એટલી જ ભવ્ય રીતે તેને વિદાઇ આપવામાં આવી.

મારા વ્હાલા દેશવાસીઓ, જયારે એક નિષ્ઠ પ્રયાસ થાય છે, સદભાવનાથી કામ થાય છે તો તેના પરિણામ પણ મળે છે. તેનું એક સર્વોત્તમ ઉદાહરણ સામે આવ્યું છે, આસામમાંથી. આસામનું નામ લેતાં જ ત્યાંના ચાના બગીચા અને ઘણા બધાં રાષ્ટ્રીય ઉદ્યાનોનો વિચાર આવે છે. સાથોસાથ એક શીંગી ગેંડા એટલે કે, One horn Rhinoનું ચિત્ર પણ આપણા મનમાં ઉપસી આવે છે. આપ સૌ જાણો છો કે આ એક શીંગી ગેંડો અસમિયા સંસ્કૃતિનો ભાગ રહ્યો છે.

સાથીઓ, ભારતીય સંસ્કૃતિના વિવિધ રંગો અને આધ્યાત્મિક શક્તિએ હંમેશા દુનિયાભરના લોકોને પોતાની તરફ આકર્ષ્યા છે. હું જો આપને કહું કે ભારતીય સંસ્કૃતિ, અમેરિકા, કેનેડા, દુબઇ, સિંગાપુર, પશ્ચિમી યુરોપ અને જાપાનમાં ખૂબ જ લોકપ્રિય છે તો આ વાત આપને બહુ સામાન્ય લાગશે, આપને કોઇ નવાઇ નહીં લાગે. પરંતુ, હું

જો એમ કહું કે, ભારતીય સંસ્કૃતિનું લેટીન અમેરિકા અને દક્ષિણ અમેરિકામાં પણ ભારે આકર્ષણ છે, તો તમે એક વખત ચોક્કસ વિચારમાં પડી જશો. મેક્સિકોમાં ખાદીને પ્રોત્સાહન આપવાની વાત હોય કે, પછી બ્રાઝિલમાં ભારતીય પરંપરાઓને લોકપ્રિય બનાવવાનો પ્રયાસ, મન કી બાતમાં આપણે અગાઉ આ વિષયો પર ચર્ચા કરી ચૂક્યા છીએ.

હું આપને આર્જેન્ટીનામાં ફરકી રહેલા ભારતીય સંસ્કૃતિના ધ્વજ વિષે વાત કરીશ. આર્જેન્ટીનામાં આપણી સંસ્કૃતિને ખૂબ પસંદ કરવામાં આવે છે. ૨૦૧૮માં મેં આર્જેન્ટીનાની મારી મુલાકાત દરમિયાન યોગના કાર્યક્રમમાં - શાંતિ માટે યોગમાં ભાગ લીધો હતો. અહીં આર્જેન્ટીનામાં એક સંસ્થા છે - હસ્તિનાપુર ફાઉન્ડેશન. તમને સાંભળીને નવાઇ લાગે છે ને ! ક્યાં આર્જેન્ટીના અને ત્યાં પણ હસ્તિનાપુર ફાઉન્ડેશન ! આ ફાઉન્ડેશન આર્જેન્ટીનામાં ભારતીય વૈદિક પરંપરાઓના પ્રસારમાં વ્યસ્ત છે. તેની સ્થાપના ૪૦ વર્ષ પહેલાં એક મહિલા પ્રોફેસર એડા અલબ્રેસ્ટે કરી હતી. આજે પ્રોફેસર એડા અલબ્રેસ્ટ ૯૦ વર્ષના થવા જઇ રહ્યા છે. ભારતની સાથે એમનો લગાવ કેવી રીતે થયો તે પણ ખૂબ રસપ્રદ છે. તેઓ જયારે ૧૮ વર્ષના હતા ત્યારે પહેલીવાર ભારતીય સંસ્કૃતિની શક્તિનો તેમને પરિચય થયો. તેમણે ભારતમાં સારો એવો સમય વિતાવ્યો. ભગવદગીતા અને ઉપનિષદો વિષે ઉડાણથી અભ્યાસ કર્યો. આજે હસ્તિનાપુર ફાઉન્ડેશનના ૪૦ હજારથી વધુ સભ્યો છે અને આર્જેન્ટીના તથા અન્ય લેટિન અમેરિકી દેશોમાં તેની લગભગ ૩૦ શાખાઓ છે. હસ્તિનાપુર ફાઉન્ડેશને સ્પેનિશ ભાષામાં ૧૦૦થી વધુ વૈદિક અને દાર્શનિક ગ્રંથ પણ પ્રકાશિત કર્યા છે. તેમનો આશ્રમ પણ ખૂબ મનમોહક છે. આશ્રમમાં ૧૨ મંદિરોનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં અનેક દેવીદેવતાઓની મૂર્તિઓ છે. આ બધાના કેન્દ્રમાં એક એવું મંદિર પણ છે તે અદ્વૈતવાદી ધ્યાન માટે બનાવવામાં આવ્યું છે.

મારા વ્હાલા દેશવાસીઓ, હવે હું આપને અને ખાસ કરીને આપણા યુવાઓને એક પ્રશ્ન કરવા માંગું છું. હવે વિચારો, તમે એક વારમાં કેટલા પુશ-અપ્સ કરી શકો છે. આપને હું જે જણાવવાનો છું તે ચોક્કસપણે આશ્ચર્યમાં મૂકી દેશે. મણિપુરમાં ૨૪ વર્ષના યુવાન થૌનાઓજમ નિરંજોય સિંહે એક મિનિટમાં ૧૦૯ પુશ-અપ્સ કરીને વિક્રમ સર્જયો છે. નિરંજોય સિંહ માટે વિક્રમ તોડવો કોઇ નવી વાત નથી. તેમણે આ અગાઉ પણ એક મિનિટમાં એક હાથથી સૌથી વધુ પુશ-અપ્સનો વિક્રમ રચ્યો હતો. મને પૂરો વિશ્વાસ છે કે નિરંજોય સિંહથી તમે પ્રેરિત થશો અને શારીરિક તંદુરસ્તીને તમારા જીવનનો હિસ્સો બનાવશો.

સાથીઓ, આજે હું તમને લદ્દાખની એક એવી જાણકારી આપવા માંગું છું તે જેના વિશે જાણીને તમને ચોક્કસ ગર્વ થશે. લદ્દાખને બહુ જલ્દી એક શાનદાર ઓપન સિન્થેટીક ટ્રેક અને એસ્ટ્રો ટર્ફ ફૂટબોલ સ્ટેડિયમની ભેટ મળવાની છે. આ સ્ટેડિયમ દસ હજાર ફૂટથી વધુ ઉંચાઇએ બની રહ્યું છે અને તેનું નિર્માણ જલદી પૂરૂં થવામાં છે. લદ્દાખનું આ સૌથી મોટું ખુલ્લું સ્ટેડિયમ હશે, જયાં ૩૦ હજાર દર્શકો એક સાથે બેસી શકશે. લદ્દાખના આ આધુનિક ફૂટબોલ સ્ટેડિયમમાં આઠ લેન વાળો એક સિન્થેટીક ટ્રેક પણ હશે. આ ઉપરાંત ત્યાં એક હજાર પથારીવાળી એક છાત્રાલયની સગવડ પણ હશે. લદ્દાખના અનેક યુવાનોને પણ આ સ્ટેડિયમનો લાભ થશે.

મારા વ્હાલા દેશવાસીઓ, મન કી બાત માં આ વખતે પણ આપણે અનેક વિષયો પર વાત કરી. હજી એક વધુ વિષય છે, જે અત્યારે સૌના મનમાં છે અને તે છે. કોરોનાનો વિષય. કોરોનાની નવી લહેર સામે ભારત બહુ સફળતાપૂર્વક લડી રહ્યો છે અને એ પણ ગર્વની વાત છે કે, અત્યારસુધીમાં લગભગ સાડા ચાર કરોડ બાળકોએ કોરોના રસીનો ડોઝ લઇ લીધો છે. એનો અર્થ એ થયો કે ૧૫ થી ૧૮ વર્ષની વય શ્રેણીના લગભગ ૬૦ ટકા તરૂણોએ ૩ થી ૪ અઠવાડિયામાં જ રસી લઇ લીધી છે. તેનાથી આપણા યુવાનોની માત્ર રક્ષા જ નહીં થાય પરંતુ તેમનો અભ્યાસ ચાલુ રાખવામાં પણ મદદ મળશે. વધુ એક સારી વાત એ છે કે, ૨૦ દિવસના સમયમાં જ એક કરોડ લોકોએ પ્રિકોશન ડોઝ પણ લઇ લીધો છે. આપણા દેશની રસી પર દેશવાસીઓનો ભરોસો આપણી બહુ મોટી તાકાત છે. હવે તો કોરોનાનો ચેપ લાગવાના કેસ પણ ઓછા થવાના શરૂ થઇ ગયા છે - આ ખૂબ હકારાત્મક સંકેત છે. લોકો સલામત રહે, દેશની આર્થિક પ્રવૃતિઓની ગતિ યથાવત રહે. તે જ દરેક દેશવાસીની કામના છે. આપ તો જાણો છો જ, મન કી બાતમાં કેટલીક વાતો કહ્યા વિના હું રહી જ, નથી શકતો, જેમ કે, સ્વચ્છતા અભિયાનને આપણે ભૂલવાનું નથી, સિંગલ યુઝ પ્લાસ્ટીક વિરૂદ્ધના અભિયાનમાં આપણે વધુ ઝડપ લાવવી જરૂરી છે, વોકલ ફોર લોકલનો મંત્ર એ આપણી જવાબદારી છે, આપણે આત્મનિર્ભર ભારત અભિયાન માટે ખરા દિલથી જોડાઇ રહેવાનું છે. આપણા સૌના પ્રયાસોથી જ દેશ, વિકાસની નવી ઉંચાઇએ પહોંચશે. એ જ મનોકામના સાથે, હું, આપની વિદાય લઉં છું.

ખૂબ ખૂબ ધન્યવાદ. ●

> “ ૧૫ થી ૧૮ વર્ષની વય શ્રેણીના લગભગ ૬૦ ટકા તરૂણોએ ૩ થી ૪ અઠવાડિયામાં જ રસી લઇ લીધી છે. ”

### કોવિડની ત્રીજી લહેર સામે સજ્જતા

# રસીકરણ, સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક, સેનિટાઇઝેશન જ શ્રેષ્ઠ માર્ગ

કોરોનાના પ્રર્વતમાન સંજોગોમાં કોવિડ-19 ગાઇડલાઇનનું પાલન અત્યંત અનિવાર્ય છે. ઓમિક્રોન વાયરસને ફેલાતો અટકાવવા રાજ્ય સરકાર તમામ જરૂરી પગલાં લઈ રહી છે, પરંતુ લોકો પણ જાગૃત રહી કોવિડ ગાઇડલાઇનનું પાલન કરે તે પણ એટલું જ જરૂરી છે.

રાજ્યમાં કોવિડ-19 સંક્રમણ નિયંત્રણ-ઉપાયો-સારવાર-સૂચનો અને ભાવિ રણનીતિમાં સરકારને મદદરૂપ થવા માર્ગદર્શન અંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી એક્સપર્ટ ગ્રુપ ઑફ ડૉક્ટર્સ-ટાસ્ક ફોર્સના તજજ્ઞ તબીબોએ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન બાદ કોરોના વાયરસના સંક્રમણ નિયત્રંણ અંગે વિવિધ ઉપાયો-જાણકારી આપી હતી.

આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે આ અંગે જણાવ્યું હતુ કે, વૈશ્વિક મહામારીમાં નાગરિકોનાં જાગૃતિપૂર્ણ પગલાં એ વાયરસને ફેલાતો અટકાવવા માટેનું અસરકારક માધ્યમ છે. રાજ્ય સરકાર ઇચ્છે છે કે નાગરિકો કોરોના ગાઇડલાઇનનું પાલન કરે, જેથી દંડ જેવાં પગલાંઓની જરૂરિયાત જ ન રહે. આરોગ્યમંત્રીશ્રીએ વ્યસ્ત સમય વચ્ચે પણ કોવિડ અંગે જનજાગૃતિ ઊભી કરવા માટે આવેલા તજજ્ઞ તબીબોનો આભાર વ્યક્ત કર્યો હતો.



**ડૉ. સુધીર શાહે** કહ્યું કે, ઓમિક્રોનથી બચવા માટે માસ્ક, સેનિટાઇઝેશન અને સોશિયલ ડિસ્ટન્સિંગ એ જ શ્રેષ્ઠ વિકલ્પ છે. ડો. શાહે કહ્યું કે, વાયરસની હાલ તીવ્ર અસર જોવા મળતી નથી, પરંતુ આપણે કોમોર્બિડ અને વયસ્ક દર્દીઓ માટે વિશેષ સાવચેતી રાખવાની જરૂરિયાત છે. ડૉ. સુધીર શાહે પાત્રતા ધરાવતા નાગરિકોને ઝડપથી રસીકરણ કરાવવા માટે અનુરોધ કર્યો હતો. ડો. શાહે કોવિડ મહામારીમાં રસીકરણ, માસ્ક, હેન્ડ સેનિટાઇઝેશન અને સોશિયલ ડિસ્ટન્સિંગને એકમાત્ર વિકલ્પરૂપે ગણાવ્યાં હતાં.



**ડૉ. અતુલ પટેલ** જણાવ્યું હતું કે, ઓમિક્રોનના સંક્રમણની ગતિ ઝડપી છે, પરંતુ તે ડેલ્ટા વેરિયેન્ટ જેટલો ઘાતક નથી. તેમણે કહ્યું કે, ડેલ્ટા વેરિયન્ટ સમયે આપણે ત્યાં રસીકરણનું પ્રમાણ ઓછું હતું, પરંતુ આજે સઘન રસીકરણના પગલે જોખમમાં ઘટાડો થયો છે. ત્રીજી લહેરમાં દર્દીઓનો હૉસ્પિટલાઇઝેશનનો દર માત્ર 1થી 2 ટકા જેટલો જ રહ્યો છે.

ઇમ્યુનોકૉમ્પ્રોમાઇઝ્ડ (રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય), હાઇબ્રીડ ઇમ્યુનિટી ધરાવતા અને ઍન્ટિબૉડીઝ ડેવલપ થયા ન હોય તેવા પ્રકારના લોકોને જ ઓમિક્રોન વાયરસની ગંભીર અસરો વર્તાઈ શકે છે. ઓછું રિસ્ક ધરાવતા દર્દીઓને ફક્ત મૉનિટરિંગ કરવું અને લક્ષણો આધારિત સારવાર આપવી, જેના પરિણામે આવા દર્દીઓને મહત્તમ 5થી 7 દિવસની અંદર સાજા થવાની સંભાવનાઓ પ્રબળ રહેલી છે.

જ્યારે વધારે રિસ્ક ધરાવતા દર્દી કે જેઓને અગાઉ કોઈ રિનલ ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યું હોય, કોમોર્બિડ હોય, રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય, વયસ્ક હોય તેવા દર્દીઓને સતત 2 દિવસ 101થી 102 ડિગ્રી સુધી તાવ રહે અને શ્વાસ લેવામાં તકલીફ જણાય તેવા દર્દીઓને દાખલ કરવાની કે આઇ.સી.યુ.માં સારવાર અપાવવાની જરૂર જણાશે. વૈશ્વિક સ્તરે થયેલા સંશોધનો પ્રમાણે ઓમિક્રોનની સારવારના પ્રાથમિક ત્રણ દિવસમાં રેમડેસિવીર ઇન્જેક્શન અસરાકરક નીવડશે, જે 89 ટકા સુધી વાયરસને બ્લૉક કરવામાં સફળતા મળે છે.



**ડૉ. દિલીપ માવળંકરે** ગુજરાતમાં થયેલા વ્યાપક રસીકરણના કારણે ઓમિક્રોન વાયરસનું ડિ-કપલિંગ થયું છે એટલે કે કોરોનાના કેસ વધવા છતાં પણ ઑક્સિજન કે આઇ.સી.યુ. અથવા વેન્ટિલેટર પર સારવાર આપવાની જરૂરિયાત ઓછી જણાઈ છે તેમ જણાવ્યું હતું. આ વાયરસની ચેઇન તોડવા અને વાયરસનું સંક્રમણ આગળ વધતું અટકાવવા માટે સરકારી દિશાનિર્દેશોનું ચુસ્તપણે પાલન કરવું ખૂબ જ જરૂરી છે. તેમણે એન-95 અથવા થ્રી લેયરના ડબલ માસ્ક પહેરવા પણ અનુરોધ કર્યો છે.



**ડૉ. વી.એન. શાહે** લોકોને કોરોના સંલગ્ન ભ્રમણાઓ અને ગેરમાન્યતાઓથી દૂર રહેવા અનુરોધ કરતાં પ્રવર્તમાન સ્થિતિમાં પણ કોરોના અનુરૂપ વ્યવહારનું પાલન કરવા અને સરકારી દિશાનિર્દેશોને અનુસરવા અપીલ કરી છે. કોરોનાના ઓમિક્રોન સ્વરૂપથી ઉદ્ભવતાં શરદી-ઉધરસનાં લક્ષણને ફક્ત એક ફ્લુના સમજીને તેને ગંભીરતાથી લઈ ટેસ્ટ કરાવી તેને અનુરૂપ સારવાર કરાવવા સૂચન કર્યું હતુ.

આપણે પેન્ડેમિકના અંત તરફ આગળ વધી રહ્યા છે ત્યારે બેદરકારી ના દાખવીને સાવચેતી રાખવા તેમણે કહ્યું હતું. વિશ્વમાં ઓમિક્રોનથી સંક્રમિત થઈ આઇ.સી.યુ.માં દાખલ દર્દીઓમાં 80 ટકા લોકોએ વેક્સિન ન લીધું હોવાનું તારણ

## કોવિડ-19 સંક્રમણ નિયંત્રણ ઉપાયો-સારવાર સૂચનો માટે

# એક્સપર્ટ ગ્રુપ ઓફ ડોક્ટર્સની CM સાથે બેઠક



રાજ્યમાં કોવિડ-19 સંક્રમણના નિયંત્રણ, ઉપાયો, સારવાર સૂચનો અને ભાવિ રણનીતિમાં સરકારને મદદરૂપ થવા માર્ગદર્શન અંગે રચાયેલા એક્સપર્ટ ગ્રુપ ઑફ ડૉક્ટર્સની બેઠક મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં યોજાઈ હતી.

આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં ઉપસ્થિત રહેલા ટાસ્કફોર્સના સર્વે તબીબોએ રાજ્યમાં આગામી દિવસોમાં સંક્રમણનો વ્યાપ વધે નહીં તે માટે જનજાગૃતિ અને સતર્કતા અંતર્ગત માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ, સેનિટાઇઝર અપનાવવા અને વારંવાર હાથ ધોવા તથા ભીડભાડવાળી જગ્યા-પ્રસંગોથી દૂર રહેવાની જનજાગૃતિ ઝુંબેશ ચલાવવા ખાસ તાકીદ કરી હતી.

આ તબીબોએ એવો સ્પષ્ટ મત દર્શાવ્યો કે, હાલ જે સંક્રમણની સ્થિતિ છે તેની ગંભીરતા લોકો સુધી પહોચે અને જનતા જનાર્દન સ્વયંભૂ SMS-સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક અને સેનિટાઇઝર અપનાવે તેવી વ્યાપક પ્રચાર-પ્રસાર સઘન વ્યવસ્થા થાય તે સમયની માગ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આવી જનજાગૃતિ માટે રાજ્ય સરકાર આવશ્યક પગલાં લેશે. એટલું જ નહીં, કોરોના સંક્રમણ નિયંત્રણ અને સારવાર માટેના પહેલી બે લહેરના અનુભવોના આધારે રાજ્યમાં આગામી દિવસોમાં આરોગ્ય સેવાઓનું માળખું વધુ સુગ્રથિત કરવા અને બાકી રહેલા લોકોના ઝડપથી વેક્સિનેશન સરકાર આયોજનબદ્ધ રીતે રણનીતિ અપનાવશે તેમ જણાવ્યું હતું.

આ બેઠકમાં આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથાર તેમજ એક્સપર્ટ ગ્રુપ ઑફ ડૉક્ટર્સના તજજ્ઞો સર્વ શ્રી ડૉ. વી. એન. શાહ, સુધીરભાઈ શાહ, આર. કે. પટેલ, અમીબહેન પરીખ, તુષાર પટેલ, અતુલ પટેલ અને દિલીપ માવળંકરે કોવિડ-ઓમિક્રોન પેશન્ટ્સની ટ્રીટમેન્ટના પોતાના અનુભવો અને આગામી દિવસોની સંભવિત સ્થિતિનાં તારણો રજૂ કર્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તા અને વરિષ્ઠ સચિવશ્રીઓ પણ આ બેઠકમાં જોડાયા હતા.●

બહાર આવ્યું છે, જેથી કોરોનાનું રસીકરણ કરાવવા પણ તેમણે અનુરોધ કર્યો હતો.



**ડૉ. તુષાર પટેલ**ના મતે ઓમિક્રોનના દર્દીને માઇલ્ડ, મોડરેટ અને સિવિયર લક્ષણોના આધારે અલગ તારવી શકાય. દર્દીને 101થી 102 બે દિવસ તાવ આવે અને પછી ત્રીજા દિવસે સામાન્ય અનુભવ થાય, શરદી આવે, નાક બંધ થઈ જાય, ખાંસી આવે અને ખાસ કરીને ગળામાં અસહ્ય દુખાવો થાય ત્યારે આ પ્રકારનાં લક્ષણોને માઇલ્ડ ગણીને તેની સારવાર કરાવવી જોઈએ. આ તબક્કે મીઠાના ગાર્ગલ કરવા પણ તેમણે સૂચવ્યું છે. હાલના તબક્કે 97 ટકા જેટલા કોરોના-ઓમિક્રોનના દર્દીઓ હોમ આઇસોલેશનમાં જ સાજા થઈ રહ્યા છે તેમ જણાવીને કોરોનાથી ગભરાવવાની જરૂર નથી તેમ પણ તેમણે કહ્યું હતુ.

ઓમિક્રોન વેરિયન્ટમાં શરીરમાં કળતર થવી, શરીર દુખવું, માથામાં અસહ્ય દુખાવો રહેવો જેવાં લક્ષણો જણાઈ આવતાં શરીરમાં ડિહાઇડ્રેશનની પરિસ્થિતિ ન સર્જાય તે માટે દિવસમાં 3થી 4 લીટર પાણી પીવું જોઈએ. ઓમિક્રોનનાં લક્ષણો દરમિયાન શરીરમાં ઑક્સિજનનું પ્રમાણ ઘટતુ જણાય તો તેને મોડરેટ લક્ષણો માનીને હૉસ્પિટલમાં દાખલ થવું જોઈએ.

ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલે તજજ્ઞો દ્વારા રાજ્યના નાગરિકોને જે પણ સલાહ-સૂચનો આપવામાં આવી રહ્યાં છે તેનું અવશ્ય પાલન રાજ્યના તમામ નાગરિકોએ કરવું જોઈએ એમ જણાવ્યું હતું. ●

# સોલાર રૂફટોપમાં ગુજરાત અગ્રેસર

✎ **શૈલેષ નાયક**

ગુજરાતના અનેક નાગરિકોએ તેમના ઘર પર સોલાર રૂફટોપ લગાવીને રાજ્યમાં સોલાર ક્રાંતિ આણી છે. ગુજરાત સોલર શક્તિના ઉપયોગમાં સમગ્ર દેશમાં અગ્રેસર રહીને સતત પ્રગતિ સાધી રહ્યું છે. નવીન અને પુન:પાપ્ય ઉર્જા મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા ફેઝ-2ના તબક્કા અંતર્ગત ગુજરાતે ઓગસ્ટ, 2019થી ડિસેમ્બર, 2021 સુધીમાં 87 ટકા સોલાર રૂફટોપ ઈન્સ્ટોલ કર્યા છે. સમગ્ર દેશ કુલ 1177 મેગાવોટ ક્ષમતાના સોલાર રૂફ સ્થપાયા છે. તેની સામે ગુજરાતે 1029 મેગાવોટ ક્ષમતાના સોલર રૂફટોપ સ્થાપવાની સિદ્ધિ હાંસલ કરી છે.

રાજ્યમાં સોલાર ઉર્જાનો વ્યાપ વધે અને નાગરિકોને ઘર આંગણે કિફાયતી દરે વીજળી મળે તે માટે ગુજરાત સરકાર દ્વારા સોલાર પૉલિસી અમલી બનાવાઈ છે. આ પૉલિસીને સારો પ્રતિસાદ મળ્યો છે. હવે ગુજરાત સરકારે નવી સોલાર પાવર પૉલિસી ૨૦૨૧ અમલમાં મૂકી છે.



અમદાવાદના ઘાટલોડીયા વિસ્તારમાં આવેલા અનાર બંગ્લોઝમાં રહેતા શ્રી સિધ્ધાંતભાઈ પંચાલ હવે નિશ્ચિંત બની ગયા છે. કેમકે તેમણે બે મહિના પહેલા જ તેમના ઘરની અગાસી પર સોલાર પેનલ લગાવી છે.તેઓ જણાવે છે કે 'સોલાર રૂફટોપ લગાવવામાં ફાયદો છે. મને અત્યારે ખર્ચ થયો, પણ વનટાઈમ ઈન્સ્ટોલમેન્ટમાં લાઈફ ટાઈમ વીજળી ફ્રી થશે. મેં ૫.૨૮ કિલો વોટની ૧૬ પેનલ લગાવી છે. મને જાણકારી મળી કે સોલાર પેનલ લગાવવી ભવિષ્યમાં સસ્તી પડે, ઈલેક્ટ્રિસિટી બિલમાં ફાયદો થશે. મેં આ વિશે જાણ્યું અને મને તેનું મહત્વ સમજાતા મેં સોલાર પેનલ મારા ઘરે લગાવી છે.'

શ્રી સિધ્ધાંતભાઈ પંચાલ જેવા ગુજરાતમાં ઘણા એવા નાગરિકો છે કે જેઓએ તેમના ઘરની અગાસી પર સોલાર પેનલ લગાવી છે અને તેનો લાભ તેમને મળી રહ્યો છે. વીજળીની કીંમત અને વીજળીની બચતના ફાયદાઓ સમજી ગયેલા ગુજરાતના નાગરિકો હવે સોલાર વીજળીને અપનાવી રહ્યાં છે. ગુજરાત સરકારે સોલાર પાવર પૉલિસી જાહેર કરીને તેનો પ્રચાર અને પ્રસાર કરતા આજે ગુજરાતમાં નાગરિકો પોતાના ઘર પર સોલાર રૂફટોપ નંખાવી રહ્યાં છે જેના કારણે આજે દેશમાં ગુજરાત ટોપ પર પહોંચી ગયું છે.

ગુજરાતમાં સોલાર રૂફટોપના વધી રહેલા ઈન્સ્ટોલમેન્ટ અને વપરાશ અંગે રીન્યુએબલ એનર્જી કમિટી, ASSOCHAMના ચેરમેન શ્રી કુંજભાઈ શાહે જણાવ્યું હતું કે, 'ડીસેમ્બર - ૨૦૨૧ સુધીમાં ૧૬૪૦ મેગાવોટનું રજીસ્ટ્રેશન થયું છે અને અત્યાર સુધીમાં ૩ લાખ ૨૭ હજાર ઘરોમાં નાગરિકોએ સોલાર રૂફટોપ લગાવ્યાં છે. ગુજરાતમાં રેસીડેન્સીયલ સ્કીમ છે તેમાં ગુજરાત સોલાર રૂફટોપ ઈન્સ્ટોલેશન કેપેસિટીમાં મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિત દેશના બીજા રાજયો કરતા આગળ છે. આપણા ત્યાં ફાયદો એટલે થયો છે કે ગુજરાત સરકારની પોલીટિકલ લીડરશીપ છે તેની પોલીટિકલ વીલ હતી કે અમારે સોલાર રૂફટોપને સફળ કરવું છે. તેના માટે પહેલા સંકલન ટીમ બનાવી.દર અઠવાડીયે તેની મીટીંગ મળે અને પ્રશ્નોનું નિરાકરણ લાવતા રહ્યાં.'

સોલાર રૂફ ટોપની સફળતા અંગે તેઓ વધુમાં જણાવ્યું હતું કે 'મેં મારે ત્યાં પહેલી સ્કિમમાં સોલાર રૂફ ટોપ લગાવ્યું હતું અને મને ફાયદો થયો એટલે બીજા મિત્રોને તે અંગે કહ્યું. બીજા મિત્રોને પણ ફાયદો થતા તેઓએ અન્યોને આ બાબતે કહ્યું અને એક ચેઈન બનતી ગઈ પરિણામે આ સ્કીમ સફળ થઈ છે. બીજુ એ છે કે સોલાર રૂફટોપનો પ્રચાર પ્રસાર થયો છે એટલે તેનો ઉપયોગ વધ્યો છે.સોલાર રૂફટોપ લગાવવાથી વીજળી ફ્રી થઈ જાય છે, બીલ ઓછુ થઈ જાય છે. સોલાર રૂફટોપનું રીટર્ન એ છે કે એવરેજ વર્ષે ૨૦થી ૨૫ ટકા રીટર્ન છુટે છે.મારા સર્કલમાં ઘણા બધાને ત્યાં સોલાર રૂફટોપ લગાવ્યાં છે અને તેના ફાયદા પણ થઈ રહ્યાં છે.'

રાજ્ય સરકારના વિઝન અને નાગરીકોના સહકારથી આજે પરિણામ એ આવ્યું છે કે વધુને વધુ નાગરિકો સોલાર પ્લાન્ટસને આવકારીને ઈન્સ્ટોલ કરી રહ્યાં છે અને ઘરના ટેરેસ પર સોલાર વીજળીનું ઉત્પાદન કરી રહ્યાં છે જેના કારણે રાજયમાં સોલાર રૂફટોપનું મહત્તમ ઈન્સ્ટોલેશન થવા સાથે સોલાર વીજળી ઉત્પન્ન કરવામાં ગુજરાત બીજા રાજ્યો કરતા આગળ નીકળી ગયું છે જે રાજય માટે ગૌરવની બાબત બની રહી છે. ●

**સમગ્ર દેશમાં કુલ 1177 મેગાવોટ ક્ષમતાના સોલાર રૂફ સ્થપાયા છે. તેની સામે ગુજરાતે 1029 મેગાવોટ ક્ષમતાના સોલાર રૂફટોપ સ્થાપવાની સિદ્ધિ હાંસલ કરી છે.**

# CM ભારત બાયોગેસ એનર્જીના પ્લાન્ટની મુલાકાતે



આણંદ જિલ્લાના સુંદલપુરામાં કાર્યરત ભારત બાયોગેસ એનર્જી લિ.ના પ્લાન્ટની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મુલાકાત લઇ વિવિધ વિભાગોનું રસપૂર્વક નિરીક્ષણ કર્યુ હતું. કંપની દ્વારા બાયોગેસ એનર્જીના માધ્યમથી હાથ ધરવામાં આવેલા પ્રાકૃતિક ખેતી અને ઓર્ગેનિક મિશનના કાર્યોની પણ જાત માહિતી મેળવી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'બેક ટુ બેઝિક'ના ધ્યેયને હાંસલ કરવા પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા ધરતીપુત્રોને કરેલા અનુરોધને ગુજરાતના ધરતીપુત્રો સાથે મળીને સાકાર કરે તેવું આહવાન શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કર્યુ હતું. આ સંદર્ભમાં કહ્યું કે, પ્રાકૃતિક ખેતીથી પર્યાવરણ જતન સાથોસાથ પાણીની બચત અને ખેત ઉત્પાદનના સારા ભાવો મળવાના ત્રિવિધ લાભ પણ થાય છે. પ્રાકૃતિક ખેતીથી પકવેલા ધાન્ય રાસાયણિક ખાતર મુકત હોવાથી માનવ સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક છે.

મુખ્યમંત્રીશ્રીએ કંપનીના ચેરમેન અને ડાયરેકટરર્સ સાથે બેઠક યોજીને ગુજરાત પ્રાકૃતિક કૃષિક્ષેત્રે આગળ વધે તે માટે રાજ્ય સરકારનો સંપૂર્ણ સહયોગ આપવામાં આવશે તેમ જણાવ્યું હતું. ભારત બાયોગેસ એનર્જી લિમિટેડ દ્વારા વિવિધ ઉત્પાદનોના માધ્યમથી હાથ ધરાયેલ ગ્રીન એનર્જી અને ઓર્ગેનિક મિશનના કાર્યને બિરદાવ્યું હતું. વડાપ્રધાનશ્રીની કલ્પનાને અનુરૂપ પ્રાકૃતિક ખેતીને યોગ્ય બળ પુરૂં પાડતા આ એકમ દ્વારા નવી પેઢીને પ્રાકૃતિક ખેતી સાથે જોડવાના ફળદાઈ કાર્યની તેમણે સરાહના કરી હતી.





આ પ્રસંગે ભારત બાયોગેસ એનર્જી લિમિટેડના ચેરમેન શ્રી ભરત પટેલે રાસાયણિક ખાતર અને કીટનાશકોના વધુ પડતા ઉપયોગના કારણે આજે માનવજાત સમકક્ષ ઉભી થયેલી વિકટ પરિસ્થિતિને પી.પી.ટી ના માધ્યમથી વર્ણાવી છેલ્લા ૮ વર્ષથી ગેસ અને ફર્ટીલાઈઝર ક્ષેત્રે કાર્યરત ભારત બાયોગેસ એનર્જી લી. દ્વારા ગ્રીન એનર્જીની જાળવણી માટેના કાર્યોની વિસ્તૃત વિગતો આપી હતી. આ તકે વડાપ્રધાનશ્રીના ગ્રીન એનર્જી મિશનનો ઉલ્લેખ કરી પ્રાકૃતિક કૃષિ મિશન, ઝિરો બજેટ ખેતી, ગાય આધારીત કૃષિ, બાયોગેસ અને તેની પ્રક્રિયા સહિતના મુદ્દાઓની સવિસ્તાર માહિતી આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કંપનીના વિવિધ પ્લાન્ટ, બાયો-સીએનજી, લેબોરેટરી અને ઓર્ગેનિક ખાતર પ્લાન્ટનું નિરીક્ષણ કરવાની સાથે જરૂરી જાણકારી મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીના હસ્તે કંપનીના સૌ પ્રથમ એકસપોર્ટ યુનિટના કન્ટેનરનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતો સાથે પણ સંવાદ કર્યો હતો.

આ મુલાકાત દરમિયાન આણંદના સાંસદ શ્રી મિતેષભાઇ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હંસાબેન પરમાર, જિલ્લા કલેકટર શ્રી એમ.વાય.દક્ષિણી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જી.પ્રજાપતિ, જિલ્લા પોલીસ વડા શ્રી અજીત રાજયાન, શ્રી વિપુલભાઇ પટેલ, ભારત બાયોગેસ એનર્જી લિમિટેડના સર્વશ્રી નિરજ શાહ, રોનક પટેલ, નિકુલ પટેલ, કિન્નર શાહ, ડો. ધ્યાન પટેલ, સુબોધ શાહ, ભૂષણ ફરિન્દા સહિત અન્ય અધિકારીઓ સાથે રહ્યા હતા. ●







# ૭૩મા પ્રજાસત્તાક પર્વની ગૌરવવંતા ગીર સોમનાથમાં ગરિમાપૂર્ણ ઉજવણી

પ્રજાસત્તાક પર્વ એટલે રાષ્ટ્રભાવના સાથે દેશની આન, બાન, શાનને પોંખવાનો દિવસ. આ રાષ્ટ્રીય પર્વનું સાચું હાર્દ લોકોના હૃદયમાં ચિરંજીવ રહે એ પ્રકારનો પ્રયાસ તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયો. પ્રજાસત્તાક પર્વની સહિયારી ઉજવણીને તેઓ ગામડે ગામડે લઈ ગયા. આ પરંપરાને આગળ ધપાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગીર સોમનાથમાં 73મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરી. ગુજરાત સરકારે લોકભાગીદારી અને જનસમર્થનના સાવ સાદા છતાં પરિણામલક્ષી સફળ પ્રયાસો દ્વારા રાષ્ટ્રીય પર્વની ઉજવણીને જનસુલભ બનાવી છે. ગીર સોમનાથ સહિત રાજ્યના પ્રત્યેક નાગરિકને દેશનું ગૌરવ અનુભવાય એ પ્રકારની ઉજવણીના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા.

૭૩મા પ્રજાસત્તાક પર્વના સુપ્રભાતે રાજ્યકક્ષાની ઉજવણીમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ - પ્રભાસ-પાટણના સદ્ભાવના ગ્રાઉન્ડમાં ધ્વજવંદન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ તિરંગાને સલામી આપી ગીર સોમનાથથી સમગ્ર રાજ્યના પ્રજાજનોને ૭૩મા પ્રજાસત્તાક પર્વની શુભકામના પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ તિરંગો લહેરાવ્યો ત્યારે રાષ્ટ્રપ્રેમની ભાવના સાથે વાયુદળના હેલિકૉપ્ટરમાંથી સમારોહના સ્થળે

## રાજ્યપાલશ્રીએ પ્રજાસત્તાક દિન નિમિત્તે ગુજરાતના નાગરિકોને શુભકામનાઓ પાઠવી



ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે રાષ્ટ્રના 73મા ગણતંત્ર દિવસે રાજ્યના તમામ નાગરિકોને હાર્દિક શુભકામના પાઠવતાં કહ્યું કે, ગુજરાત સરકાર ગુજરાતીઓના કલ્યાણ અને સ્વાસ્થ્ય માટે નિરંતર પ્રયાસરત છે.

રાજ્યપાલશ્રીએ પ્રજાજોગ સંદેશ આપતાં જણાવ્યું કે, કોરોના જેવા સંકટ સમયમાં પણ ગુજરાત અડગ રહ્યું અને વિકાસની ગતિને અવિરત રાખી, એ આપણા સૌ માટે ગર્વની બાબત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા પ્રયાસ અને સબ કા વિશ્વાસ' એ ધ્યેયમંત્ર સાથે રાજ્ય ઝડપભેર પ્રગતિનાં સોપાનો સર કરી રહ્યું છે.


ભારતે કોરોનાના કપરા કાળમાં સો કરોડથી વધુ નાગરિકોને રસી આપી ઈતિહાસ રચ્યો, તેમ પણ તેમણે જણાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ કોરોનાવિરોધી રસીકરણના અભિયાનમાં ગુજરાતે કરેલી કામગીરીની પણ પ્રશંસા કરી હતી.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે રાજ્યમાં નારી ગૌરવ અને મહિલા સશક્તીકરણની દિશામાં રાજ્ય સરકારે કરેલી નોંધપાત્ર કામગીરી માટે અભિનંદન પાઠવ્યાં હતાં. તેમણે રાજ્યમાં ગાંધીજયંતીના અવસરે યોજાયેલી વિશેષ ગ્રામસભાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. ગુજરાતમાં નાગરિકોને ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાઓ નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવા સરકારે 2 કરોડથી વધુ લાભાર્થીઓને પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના અને મુખ્યમંત્રી અમૃતમ યોજનામાં સમાવિષ્ટ કર્યા હોવાનો પણ આ અવસરે ઉલ્લેખ કર્યો હતો. શ્રી આચાર્ય દેવવ્રતે પ્રજાજોગ સંદેશમાં ગુજરાત સરકારે આદિવાસી વિસ્તારોમાં આરોગ્યક્ષેત્રે થયેલી વિશેષ કામગીરીનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે આદિવાસી વિસ્તારોમાં 167 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં 17 જેટલા લેબોરેટરી ટેસ્ટ થતા હતા, તે સંખ્યા હવે વધારીને 33 કરવામાં આવી છે. તેમણે રાજ્યમાં દુર્ગમ ક્ષેત્રમાં સ્વાસ્થ્ય સેવાઓ સુદૃઢ બનાવવા માટે 250 મોબાઇલ ક્લિનિક વાન જનસેવામાં કાર્યરત હોવાનું પણ ઉમેર્યું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે નાગરિકોને રાજ્યના વિકાસમાં અવિરત સહયોગ અને સમર્થન આપવાની પણ અપીલ કરી હતી. ●











આકાશમાંથી પુષ્પવર્ષા કરવામાં હતી.

કોવિડ-૧૯ની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને કોવિડ પ્રોટોકોલ સાથે યોજાયેલા આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ખુલ્લી જીપમાં વિવિધ પ્લાટુનનું નિરીક્ષણ કરી લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. ખુલ્લી જીપમાં નિરીક્ષણ વેળાએ મુખ્યમંત્રીશ્રીની સાથે મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર અને પોલીસ મહાનિર્દેશક શ્રી આશિષ ભાટિયા પણ જોડાયા હતા. પરેડનુ નેતૃત્વ મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી અભિષેક ગુપ્તાએ કર્યું હતું. સેકન્ડ પરેડ કમાન્ડર તરીકે મદદનીશ પોલીસ કમિશનર શ્રી સાગર સાબડા રહ્યા હતા.

પરેડમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર પ્લાટુનમાં પ્રથમ ક્રમે ગુજરાત જેલ પોલીસ પ્લાટુન, દ્વિતીય ક્રમે ગુજરાત મરીન કમાન્ડો પ્લાટુન અને ત્રીજા ક્રમે જૂનાગઢ મહિલા પોલીસ પ્લાટુન અને

પેરામિલિટરી કેટેગરીમાં રેપિડ ઍક્શન ફોર્સના પ્લાટુન કમાન્ડરને ટ્રોફી એનાયત કરી સન્માન કર્યું હતું.

આ પ્રસંગે રાષ્ટ્રીય બાળ પુરસ્કાર-૨૦૨૨ વિજેતા અને શારીરિક અક્ષમતા છતાં યોગાસનમાં મહારત હાંસલ કરનાર ગુજરાતની દીકરી સુશ્રી અન્વી ઝાંઝરુકિયાનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કરુણા અભિયાન અંતર્ગત ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વેટરનરી ડૉક્ટર પાર્થકુમાર મહેતા, પ્રકૃતિ નેચર ક્લબના શ્રી યોગેશભાઈ ચૂડાસમા, આગાખાન એજન્સી ફૉર હેબિટાટ, ચિત્રાવડના શ્રી અરવિંદભાઈ ભગવાનભાઈ મેર, વૉલન્ટિયર શ્રી સુરેશભાઈ બચુભાઈ બાખલખિયા અને શ્રી નીતિનભાઈ હરેશભાઈ રામનું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં કોરાના વૉરિયર-ફ્રન્ટલાઈન કાર્યકર્તાઓને કોરોના વેક્સિનનો પ્રિકોશન ડોઝ આપવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગીર સોમનાથના કલેક્ટર શ્રી રાજદેવસિંહ ગોહિલને નગરપાલિકા વિસ્તારના વિકાસ માટે રૂ. ૨.૫૦ કરોડનો અને જિલ્લાના ગ્રામીણ વિસ્તારના વિકાસ માટે ડી.ડી.ઓ. શ્રી રવીન્દ્ર ખતાલેને રૂ. ૨.૫૦ કરોડનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીના સમારોહમાં જુદાં-જુદાં સુરક્ષા દળોની ૧૮ જેટલી પ્લાટુન્સ દ્વારા શિસ્તબદ્ધ રીતે પરેડ કરવામાં આવી હતી. આ પ્લાટુન્સમાં કોસ્ટ ગાર્ડ, આર.એ.એફ. વસ્ત્રાલ, મરીન કમાન્ડો જામનગર, જૂનાગઢ મહિલા પોલીસ પ્લાટુન, રાજકોટ શહેર પોલીસ મહિલા પ્લાટુન, ગીર સોમનાથ જિલ્લા પોલીસ, ગુજરાત જેલ પોલીસ, પોરબંદર જિલ્લા પોલીસ, અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ, ગુજરાત વન વિભાગ મહિલા પ્લાટુન, જિલ્લા હોમગાર્ડ પ્લાટુન, જિલ્લા સાગર રક્ષક દળ પ્લાટુન, વિદ્યાર્થીઓની એન.એસ.એસ. પ્લાટુન, ગુજરાત શ્વાન દળ, ગુજરાત અશ્વ દળ અને એસ.આર.પી. પાઈપ બેન્ડ પ્લાટુન્સે કદમ-તાલ સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

આ પ્રસંગે અધિક મુખ્ય સચિવ શ્રી એ. કે. રાકેશ, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, જિલ્લા પંચાયતનાં પ્રમુખ શ્રીમતી રામીબહેન વાઝા, ધારાસભ્ય શ્રી પુંજાભાઈ વંશ, શ્રી વિમલભાઈ ચૂડાસમા સહિતના સમાજશ્રેષ્ઠીઓ, મહાનુભાવો જોડાયા હતા. ●

## સોમનાથ ટ્રસ્ટનાં ૧૧ લાખ વૃક્ષોના વાવેતરના સંકલ્પને આવકારતા મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગીર સોમનાથ જિલ્લામાં ૭૩મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી બાદ પ્રભાસપાટણમાં સોમનાથ ટ્રસ્ટ સંચાલિત ગૌશાળા અને ચંદનવનની મુલાકાત લીધી હતી.

રાજ્ય સરકારના પર્યાવરણીય જાગૃતિ અભિયાનમાં સંસ્થાઓની - લોકોની જનભાગીદારી થકી ગુજરાતને હરિયાળું કરી 'ગ્રીન ગુજરાત'નુ સૂત્ર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાદર્શનમાં સાર્થક થઈ રહ્યું છે.

સોમનાથ મંદિર ટ્રસ્ટે ગીર સોમનાથ જિલ્લામાં વિશેષ સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે ૧૧ લાખ વૃક્ષારોપણનો સંકલ્પ લીધો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સોમનાથ ટ્રસ્ટના આ સેવાયજ્ઞને આવકારી પર્યાવરણ જતનની આ પ્રેરણારૂપ પહેલ બદલ સૌને અભિનંદન આપ્યાં હતાં.

તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને હરિયાળું બનાવવા અને પર્યાવરણ સુરક્ષામાં ગુજરાતની અગ્રેસરતા આગળ વધારતાં એક દાયકા પૂર્વે સોમનાથમાં હરિહર વનનુ નિર્માણ કરાવ્યું હતું. સોમનાથ ટ્રસ્ટના ચેરમેન તરીકે પણ હાલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી હોવાથી તેમના માર્ગદર્શન હેઠળ સોમનાથ ટ્રસ્ટ અનેક સેવાકીય કાર્ય હાથ ધરી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ ગૌશાળા ચંદન વન ખાતે વૃક્ષારોપણ કર્યું હતું. તેઓશ્રી દ્વારા બોરસલ્લીની કલમનું સોમનાથ ગૌશાળા ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.



## સોમનાથ મહાદેવનાં દર્શન અને પૂજાઅર્ચના કરતાં CM

*મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગીર સોમનાથ જિલ્લામાં ૨૬મી જાન્યુઆરી - પ્રજાસત્તાક પર્વની પૂર્વસંધ્યાએ સોમનાથ મહાદેવનાં ભાવપૂર્વક દર્શન કર્યાં હતાં. મુખ્યમંત્રી બન્યા બાદ પ્રથમ વખત સોમનાથ મહાદેવની પૂજા અને અભિષેક કરી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ધન્યતા અનુભવી હતી. મુખ્યમંત્રીશ્રીએ સોમનાથ મહાદેવને ગુજરાતના લોકોની આરોગ્ય-સુખાકારી, સમૃદ્ધિ અને સ્વસ્થ જીવનની પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સોમનાથ મહાદેવની શાસ્ત્રોક્ત પૂજા પણ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ વીર શહીદ હમીરસિંહ ગોહિલના સ્મારક ખાતે પણ શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતાં.*

# દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની પરેડમાં સાબરકાંઠાના પાલ-દઢવાવના આદિવાસી ક્રાંતિવીરોની કથા ઉજાગર કરતો ટેબ્લો પ્રસ્તુત કરાયો

✎ **પંકજ મોદી / હિરેન ભટ્ટ**



ભારતના 73 મા પ્રજાસત્તાક પર્વે નવી દિલ્હીના રાજપથ પર યોજાયેલી રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના આદિવાસી ક્રાંતિવીરોનો ટેબ્લો શાનભેર પ્રસ્તુત થયો હતો. આઝાદીના સંગ્રામમાં સાબરકાંઠા જિલ્લાના પાલ અને દઢવાવ તથા આસપાસના ગામોના આદિવાસી ક્રાંતિવીરોની બલિદાનગાથા ટેબ્લોના માધ્યમથી ભારત રાષ્ટ્ર સમક્ષ સૌપ્રથમ વખત પ્રસ્તુત થઈ હતી. રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં રાજપથ પર પરેડ નિહાળી રહેલી જનમેદનીએ ગુજરાતના ટેબ્લોને તાળીઓના લાંબા ગડગડાટ સાથે વધાવી લીધો હતો.

ઉત્તર ગુજરાતના પાલ-દઢવાવમાં 7 મી માર્ચ 1922ના દિવસે અંગ્રેજ ઓફિસર એચ.જી.સટર્ને કરના કાયદાનો વિરોધ કરવા એકત્ર થયેલા આદિવાસી નાગરિકો પર ગોળીબારનો આદેશ આપી દીધો હતો. 1200 જેટલા આદિવાસીઓ શહીદ થઈ ગયા હતા. જલિયાંવાલા બાગ કરતાં પણ ભીષણ હત્યાકાંડની શતાબ્દીનું આ વર્ષ છે. ગુજરાત સરકારના માહિતી ખાતાએ આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે ગુજરાતના આદિવાસી ક્રાંતિવીરોની આ કથાને ટેબ્લોના માધ્યમથી ઉજાગર કરી હતી.

**'ગુજરાતના આદિવાસી ક્રાન્તિવીરો' : ગુજરાતના આ ટેબ્લોની વિશેષતા :**

પ્રજાસત્તાક દિવસની પરેડમાં નવી દિલ્હીના રાજપથ પર પ્રસ્તુત થનારા ગુજરાતના 45 ફૂટ લાંબા, 14 ફૂટ પહોળા અને 16 ફૂટ ઊંચા આ ટેબ્લોમાં પાલ-દઢવાવના આદિવાસી ક્રાંતિવીરો પર અંગ્રેજોના અંધાધૂંધ ગોળીબારની ઘટનાને પ્રસ્તુત કરવામાં આવી હતી. આદિવાસી નાગરિકો જેને 'કોલીયારીનો ગાંધી' કહે છે તે શ્રી મોતીલાલ તેજાવતના સાત ફૂટના આબેહૂબ સ્ટેચ્યુએ ટેબ્લોની ગરિમા વધારી હતી. ઘોડેસવાર અંગ્રેજ અમલદાર એચ.જી.સટર્નનું સ્ટેચ્યુ પણ શિલ્પકલાનું બેનમૂન ઉદાહરણ સમુ હતું. આ ઉપરાંત ટેબ્લો પર અન્ય છ સ્ટેચ્યુ અને છ લાઈવ આર્ટિસ્ટ પણ હતા, જેમણે સ્ટેચ્યુ સાથે ઓતપ્રોત થઈને પોતાના જીવંત અભિનયથી ઘટનાની ગંભીરતાનો આબેહૂબ ચિતાર રજૂ કર્યો હતો. લાઈટ ઈફેક્ટસ અને સ્મોક મશીનથી એ દિવસની ઘટના આબેહૂબ તાદ્રશ્ય થઈ હતી.

ટેબ્લોની ફરતે પાંચ મ્યુરલ હતા. શિલ્પકલા અને ચિત્રકલાના અદ્ભુત સમન્વય સમા આ મ્યુરલમાં આદિવાસી ક્રાંતિવીરોની સભાના દ્રશ્યોને અસરકારક રીતે પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. ટેબ્લો પર બન્ને તરફ બે કુવા બનાવાયા, ઢેખળીયો કૂવો અને દુધિયો કુવો; કે જે શહીદ આદિવાસીઓની લાશોથી ભરાઈ ગયા હતા તેનું નિરુપણ કરાયું હતું.

ટેબ્લોના અગ્રભાગમાં હાથમાં મશાલ લઈને ક્રાંતિની મિશાલ આપતા ચાર આદિવાસી ક્રાંતિવીરોના સ્ટેચ્યુ હતા. ચાર ફૂટ ઊંચા આ સ્ટેચ્યુએ સ્વાધીનતા સંગ્રામમાં આદિવાસીઓના શૌર્ય, સાહસ અને સમર્પણને ઉજાગર કર્યા.

સાબરકાંઠા જિલ્લાના આ વિસ્તારમાં આદિવાસી નાગરિકો પોતાની મનોકામના પૂર્ણ થાય તેવા ઉદ્દેશથી દેવને માટીના ઘોડા ભક્તિભાવપૂર્વક અર્પણ કરે છે. માટીકલાના વિશિષ્ટ નમૂનારૂપ વિશેષ પ્રકારના આ ઘોડા સાબરકાંઠા જિલ્લાની ઓળખ છે. ટેબ્લોની બન્ને તરફ આવા બે-બે ઘોડા પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

ટેબ્લો સાથે સાબરકાંઠા જિલ્લાના જ આદિવાસી કલાકારોએ જ નવી દિલ્હીમાં પરંપરાગત ગેર નૃત્ય પ્રસ્તુત કર્યુ હતું. પરંપરાગત પોષાકોમાં સજ્જ આ 10 જેટલા આદિવાસી કલાકારો પોશીના તાલુકાના નાનકડા ગામમાંથી આવ્યા હતા. પોતાના પૂર્વજોના બલિદાનની આ અભૂતપૂર્વ ઘટનાની પ્રસ્તુતિમાં તેઓએ પણ પોતાનું યોગદાન આપ્યું હતું. સાબરકાંઠા જિલ્લાના જ વાદ્યકારો અને ગાયકો દ્વારા પરંપરાગત વાજિંત્રોના

વાદન સાથે તૈયાર કરવામાં આવેલો મ્યુઝીક ટ્રેક અમદાવાદના જાણીતા સંગીતકાર શ્રી નિશિથ મહેતાએ તૈયાર કર્યો હતો.

પાલ-દઢવાવના આદિવાસીઓની શૌર્યગાથાનું વર્ણન કરતાં ગીતો આજે પણ આ વિસ્તારમાં આદિવાસીઓ લગ્ન જેવા શુભ પ્રસંગોએ લોકબોલીમાં ગાય છે અને પોતાના વીર પૂર્વજોનું સ્મરણ કરે છે. શ્રી મોતીલાલ તેજાવતને 'કોલીયારી નો વાણિયો ગાંધી' જેવું સંબોધન કરતું આદિવાસીઓએ જ લોકબોલીમાં ગાયેલું ગીત પણ ટેબ્લો સાથે પ્રસ્તુત કરાયું હતું.

ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રતિવર્ષ પ્રસ્તુત કરાતા આ ટેબ્લોના નિર્માણમાં સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, માહિતી નિયામક શ્રી ડી. પી. દેસાઈ અને વિષય નિષ્ણાત, ઇતિહાસકાર-લેખક શ્રી વિષ્ણુભાઈ પંડ્યાના માર્ગદર્શનમાં શ્રી પંકજભાઈ મોદી અને નાયબ માહિતી નિયામક શ્રી હિરેનભાઇ ભટ્ટએ યોગદાન આપ્યું હતું. ગુજરાતના આ ટેબ્લોના નિર્માણની કામગીરી અમદાવાદના જાણીતા કલાકાર શ્રી સિધ્ધેશ્વર કાનુગાએ સંભાળી હતી.

આઝાદીની સુવર્ણ જયંતીના આ અવસરે, આજે 100 વર્ષ પછી ગુજરાતના આદિવાસીઓનો સ્વાધિનતા સંગ્રામ પ્રજાસત્તાક પરેડના માધ્યમથી સમગ્ર વિશ્વ સમક્ષ ઉજાગર થયો એ જ આઝાદી માટે શહીદ થઈ ગયેલા ગુજરાતના આદિવાસીઓને સાચી શ્રદ્ધાંજલિ છે... ●

## જલિયાંવાલા બાગ કરતાં પણ ભીષણ પાલ-દઢવાવની આ ઐતિહાસિક ઘટના શું છે ?

આજથી 100 વર્ષ પહેલાંની આ વાત... તા. 7મી માર્ચ 1922. ગુજરાતના અંતરિયાળ વિસ્તાર - સાબરકાંઠા જિલ્લામાં ભીલ આદિવાસીઓની વસ્તીવાળા ગામો પાલ, દઢવાવ, ચિતરીયાના ત્રિભેટે હેર નદીના કાંઠે ભીલ આદિવાસીઓ જમીન મહેસૂલ વ્યવસ્થા, જાગીરદારો અને રજવાડાના કાયદાઓનો વિરોધ કરવા શ્રી મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં એકત્ર થયા હતા.

આદિવાસી બહુમતીવાળા કોલિયારી ગામમાં, વણિક પરિવારમાં જન્મેલા શ્રી મોતીલાલ તેજાવત કરુણા, આત્મીયતા અને નિર્મળ પ્રેમના ગુણો ધરાવતા સાહસિક અને સ્વાભિમાની વ્યક્તિ હતા. આદિવાસીઓ પર થતા બેસુમાર અત્યાચાર અને શોષણના વિરોધમાં તેમનામાં સંવેદનાની સરવાણી ફૂટી હતી. સત્ય, વફાદારી, સમર્પણ અને વિશ્વાસ જેવા તેમના સદગુણો આદિવાસીઓને સ્પર્શી ગયા હતા. આદિવાસી કિસાનોમાં એકતા માટે, તેમનામાં રહેલા સામાજિક દુષણોને નાથવા માટે શ્રી મોતીલાલ તેજાવતે પ્રયત્નો કર્યા હતા. બ્રિટિશ તંત્ર અને દેશી રજવાડાઓને શ્રી મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં ભીલ આદિવાસીઓની એકતા અને પ્રવૃત્તિઓ વિઘાતક લાગી હતી. 1919 ની 13મી એપ્રિલે પંજાબના અમૃતસરમાં જલિયાંવાલા બાગમાં 600 જેટલા નિર્દોષ નાગરિકોની હત્યા થઈ હતી... 1920 માં કલકત્તામાં પૂ. ગાંધીજીએ અસહકાર આંદોલનની શરૂઆત કરી દીધી હતી. સમગ્ર દેશમાં આઝાદીના સંગ્રામની શરૂઆત થઈ ગઈ હતી. ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં, અરવલ્લીની ગિરિમાળાઓમાં ખુમારીભર્યું જીવન જીવતા ભીલ આદિવાસીઓમાં પણ અંગ્રેજો અને સામંતોના શોષણ, આકરા કરવેરા તથા વેઠપ્રથા સામે વિરોધનો સૂર પ્રગટ્યો હતો.

હોળીના દિવસો નજીક હતા... તે દિવસે આમલકી અગિયારસ હતી. 'કોલિયારીના ગાંધી' તરીકે ઓળખાતા શ્રી મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં આઝાદી ઝંખતા આદિવાસી પ્રજાજનો મેળે મળ્યા હતા, જંગી સભા સ્વરૂપે ભેગા થયા હતા... ત્યાં જ મેવાડ ભીલ કોર્પ્સ (એમ. બી. સી.) નામના બ્રિટિશ અર્ધલશ્કરી દળના હથિયારબંધ જવાનો જરામરાની ટેકરીઓ પર ગોઠવાઈ ગયા. એમ.બી.સી. ના અંગ્રેજ ઓફિસર મેજર એચ.જી. સટર્ને હજ્જારોની સંખ્યામાં એકત્ર થયેલા આદિવાસીઓ પર ગોળીબાર કરવાનો આદેશ આપ્યો. લગભગ 1200 જેટલા નિર્દોષ આદિવાસીઓ ગોળીએ વીંધાઈ ગયા. આદિવાસીઓના નર્તન અને ઢોલના નાદ મશીનગનમાંથી છૂટથી ગોળીઓના અવાજમાં કાયમ માટે વિલાઈ ગયા... ચોમેર લાશોના ઢગલા ખડકાઈ ગયા. લડાઈના મેદાનની જેમ આખું મેદાન લાશોથી ભરાઈ ગયું હતું. બાજુમાં આવેલા ઢેખડીયા કૂવા અને દુધિયા કૂવા 1200 જેટલા નિર્દોષ આદિવાસીઓના મૃતદેહોથી ઉભરાઈ ગયા હતા. શ્રી મોતીલાલ તેજાવતને પણ બે ગોળી વાગી હતી, તેમના સાથીદારો તેમને ઊંટ પર નાખીને નદી માર્ગે ડુંગરા તરફ લઇ ગયા હતા. આજે પણ આ વિસ્તારના આદીવાસીઓ પોતાના લગ્ન ગીતોમાં આ ઘટનાના ગાણા ગૌરવભેર ગાય છે. જલિયાંવાલા બાગની ઘટનાના ત્રણ વર્ષ પછી ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં બનેલી આ ભીષણ ઘટનાને ઈતિહાસે ભૂલાવી દીધી હતી, પણ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ઈતિહાસના આ પૃષ્ઠને દુનિયા સમક્ષ ઉજાગર કર્યું હતું. આજે આ વિસ્તારમાં શહીદ સ્મૃતિ વન અને શહીદ સ્મારક આ હત્યાકાંડના સાક્ષી સમા ઉભા છે. ●



# I-Createના ઇલેક્ટ્રિક વ્હીકલ સેન્ટર ઓફ એક્સલન્સનું ઉદ્‌ઘાટન



સાતત્યપુર્ણ વિકાસ માટે પ્રકૃતિનું જતન થાય તે આવશ્યક છે. કુદરતી સંશાધનનો ઓછામાં ઓછો ઉપયોગ અને પુન:પાપ્ય સ્ત્રોતનો વધુમાં વધુ ઉપયોગ થાય તે દિશામાં કાર્ય થઈ રહ્યુ છે. આથી સી. એન.જી. અને બેટરી સંચાલિત ઈલેક્ટ્રિક વાહનોને ઉપર ભાર મુકાઈ રહ્યો છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઈન્ટરનેશનલ સેન્ટર ફોર એન્ટરપ્રેનિયોરશિપ એન્ડ ટેક્નોલોજી (I-Create) ખાતે ઈલેક્ટ્રીક વ્હીકલ સેન્ટર ઓફ એક્સલન્સનું ઉદ્‌ઘાટન કર્યુ હતુ.

I-Create ઈલેક્ટ્રીક વ્હીકલ સેન્ટર ઓફ એક્સલન્સમાં નાના ઈલેક્ટ્રિક વાહનો માટે યુનિક અને ઈન્ટિગ્રેટેડ ઓપન-સોર્સ પ્લેટફોર્મ બનાવવાથી માંડીને શહેરો માટે ઓપન સ્ટાન્ડર્ડ્સ તરીકે ગ્રીન અર્બન માસ મોબિલિટી પ્લેટફોર્મ વિકસાવવા સુધીની અનેક પહેલો ચાલી રહી છે. ભારત સરકારના ૨૦૩૦ના ઈલેક્ટ્રિક વાહનો (EV)ના લક્ષ્યાંકને સમર્થન આપવા અને આ લક્ષ્યાંકને હાંસલ કરવા માટે રાજ્ય સરકારે ગુજરાત ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-૨૦૨૧ ઘડી છે. તેમાં EV ખરીદદારો અને EV ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં રોકાણ કરનારાઓ માટે સબસિડી/પ્રોત્સાહન તરીકેની યોજનાનો પણ સમાવેશ થયેલો છે. આ નીતિની સફળતા માટે ઈનોવેશન ઈકોસિસ્ટમના સમર્થનની જરૂરિયાત માટે i-Create જેવી અગ્રણી સંસ્થાએ Evsને ફોક્સ એરિયા બનાવવા માટે કરેલી પહેલ EV ટેક્નોલોજી ઉપયોગમાં ગુજરાતને મદદરૂપ થશે.

સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને ઉબર સાથે મળીને i-Create એ તાજેતરમાં ઈલેક્ટ્રિક વાહનોનો વપરાશ વધારવા અને તેને અપનાવવા માટેના પ્રગતિશીલ વિચારોને સમર્થન આપવા માટે ગ્રીન મોબિલીટી ઈનોવેશન ચેલેન્જ હાથ ધરી હતી. આ ચેલેન્જમાં સમગ્ર ભારતમાંથી EV ઈનોવેટર્સની ૪૦૦ જેટલી એન્ટ્રીઓ આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ Evangeliseના વિજેતાઓને અભિનંદન આપ્યા અને i-Createની ૨ અને ૩ વ્હીલર ઈલેક્ટ્રિક વાહનો (EV) માટેની મેગા ઈનોવેશન ચેલેન્જના વિજેતાઓને પણ અભિનંદન પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, i-Createનું EV સેન્ટર ઓફ એક્સેલન્સ ઉદ્યોગ જગતની અગ્રણી કંપનીઓ સાથે ભાગીદારી કરી રહ્યું છે. જેથી સ્ટાન્ડર્ડાઈઝેશન, ઈન્ટરઓપરેબિલિટી અને ફ્યુચર પ્રૂફિંગના લાભો મેળવી શકાય. તેનાથી નેક્સ્ટ જનરેશન ઈનોવેશનને પ્રોત્સાહન મળશે, જેને ઝડપથી બજારમાં લઈ જઈ શકાશે એમ મુખ્યમંત્રીશ્રીને આ મુલાકાત દરમ્યાન જણાવવામાં આવ્યું હતું. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ બેઠક યોજીને i-Createની ભાવિ યોજનાઓની સમીક્ષા કરી અને i-Create સમર્થિત અનેક સ્ટાર્ટઅપ્સ સાથે સંવાદ કરી તેમને પ્રેરણા આપી હતી.

**ભારત સરકારના ૨૦૩૦ના ઇલેક્ટ્રિક વાહનો (EV)ના લક્ષ્યાંકને સમર્થન આપવા અને આ લક્ષ્યાંકને હાંસલ કરવા માટે રાજ્ય સરકારે ગુજરાત ઇલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-૨૦૨૧ ઘડી છે.**

મુખ્યમંત્રીશ્રીએ તેમની મુલાકાત દરમિયાન વિવિધ સ્ટાર્ટઅપની નવિન શોધ-સંશોધન, ગતિવિધિઓની તલસ્પર્શી માહિતી મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ તેમની આ મુલાકાત દરમિયાન I-Createના તેમજ યુવા સ્ટાર્ટઅપ્સ સાથે પ્રત્યક્ષ વાતચીત કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા, i- create ફાઉન્ડીંગ ટીમની મેમ્બર સભ્યશ્રી કે. થયાગરંજન, શ્રી એમ.સી.ગુપ્તા, બિઝનેસ હેડ રાજીવ બોઝ, એડમિનિસ્ટ્રેશન હેડ શ્રી વિજય નાયર, માર્કેટિંગ હેડ પાયલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ●










### સોમનાથમાં આધુનિક અતિથિગૃહનું ઈ-લોકાર્પણ કરતા વડાપ્રધાનશ્રી

# એક ભારત - શ્રેષ્ઠ ભારતનું પ્રતિનિધિત્વ કરે છે સોમનાથધામ

દેશના પશ્ચિમ કિનારે આવેલું જ્યોતિર્લિંગ સોમનાથધામ એ રાષ્ટ્રની એકતા અને અખંડિતતાના પ્રતીક સમાન છે. સોમનાથના વિકાસ માટે અને શ્રદ્ધાળુઓની સુવિધા માટે રાજ્ય સરકારે રૂ. 30 કરોડના ખર્ચે અત્યાધુનિક અતિથિગૃહનું નિર્માણ કર્યું છે. આ અતિથિગૃહનું ઈ-લોકાર્પણ તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નવસારીના સાંસદ શ્રી સી. આર. પાટીલ વર્ચ્યુઅલી ઉપસ્થિત રહ્યા હતા તેમજ સોમનાથ નવનિર્મિત સર્કિટ હાઉસ ખાતે માર્ગ મકાન તથા પ્રવાસન યાત્રાધામ વિકાસમંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી અને રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણીની ઉપસ્થિતિમાં આ સમારોહ યોજાયો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સોમનાથમાં અતિથિગૃહનું વર્ચ્યુઅલી લોકાર્પણ કરતાં સગૌરવ જણાવ્યું હતું કે, સોમનાથ સહિતની દેશની સાંસ્કૃતિક વિરાસતો રાષ્ટ્રીય એકતા સાથે એક ભારત શ્રેષ્ઠ ભારતનું પણ પ્રતિનિધિત્વ કરે છે. આઝાદી કા અમૃત મહોત્સવના માધ્યમથી આપણે અતીતમાંથી જે શીખવા માગીએ છીએ, તેના માટે સોમનાથ જેવા આસ્થા અને સાંસ્કૃતિક સ્થળો તેનાં મુખ્ય કેન્દ્રો છે. સ્વદેશ દર્શન યોજના હેઠળ દેશમાં ૧૫ થીમ આધારિત પ્રવાસન સર્કિટ્સ વિકસિત કરવામાં આવી રહી છે.

સોમનાથ ટ્રસ્ટ દ્વારા સોમનાથમાં યાત્રિકોની સુવિધા માટે અવિરત પ્રયાસો અને કામો કરવામાં આવી રહ્યાં છે. સોમનાથમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં એક પછી એક વિકાસકાર્ય થઈ રહ્યાં છે. થોડા સમય પહેલાં સમુદ્ર પથ, એક્ઝિબિશન ગેલેરી સહિત પ્રકલ્પોનું લોકાર્પણ અને મા પાર્વતીના મંદિરના શિલાન્યાસ સહિત વિવિધ કાર્યોનો ઉલ્લેખ કરીને વડાપ્રધાનશ્રીએ કહ્યું કે સોમનાથ ક્ષેત્રમાં ઉપલબ્ધ થઈ રહેલી આ સુવિધાઓથી દીવ, ગીરથી માંડીને બેટ દ્વારકા સુધીની સર્કિટથી સોમનાથ સેન્ટર બનશે. સોમનાથમાં ગુજરાત સરકાર દ્વારા નિર્મિત સર્કિટ હાઉસમાં રોકાનાર યાત્રિકોને દરિયાની લહેરો તેમજ સોમનાથ મહાદેવના મંદિરનું શિખર આ બંનેનાં દર્શન થશે અને નવી ચેતના જાગશે.

વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં દ્વારકા, બેટ દ્વારકા, સોમનાથ, અંબાજી, પાવાગઢ, સાપુતારા, સ્ટેચ્યુ ઑફ યુનિટી, ગિરનાર, સફેદ રણ સહિતનાં સ્થળોએ થયેલાં વિકાસકાર્યોનો પણ ઉલ્લેખ કર્યો હતો. સ્ટૅચ્યુ ઑફ યુનિટીમાં અત્યાર સુધી ૭૫

લાખ યાત્રિકોએ મુલાકાત લીધી છે તેમ પણ સગૌરવ જણાવ્યું હતું.

આ પ્રસંગે વર્ચ્યુઅલ ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં સાંસ્કૃતિક ધરોહરોના જીર્ણોદ્ધાર સાથે નવી સુવિધા ઉપલબ્ધ થઈ રહી છે. મુખ્યમંત્રીશ્રીએ હર્ષની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું કે વડાપ્રધાન સોમનાથ મંદિર ટ્રસ્ટના ચૅરમૅન છે અને તેમના માર્ગદર્શનમાં સોમનાથમાં યાત્રિકોની સુવિધા માટે અનેક કાર્યો પૂર્ણ થયાં છે.

આ પ્રસંગે માર્ગ મકાન તથા પ્રવાસન અને યાત્રાધામ વિકાસ મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાશી વિશ્વનાથ, સોમનાથ સહિત સાંસ્કૃતિક વિરાસતનાં સ્થળોનો ગરિમા સાથે પર્યટનલક્ષી વિકાસ થઈ રહ્યો છે તે અંગે આનંદની લાગણી વ્યક્ત કરી હતી. ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાદર્શનમાં રાજ્યનાં પ્રવાસન અને તીર્થસ્થળો વિકસાવવા માટે ટુરિઝમ સર્કિટ તૈયાર કરવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે તેમ જણાવી પ્રવાસન સ્થળોના વિકાસ માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

ગીર સોમનાથ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણીએ દેશ-દુનિયામાંથી સોમનાથ તીર્થનાં દર્શનાર્થે આવતા ભાવિકો માટે વિકસાવેલી અદ્યતન સુવિધાની જાણકારી આપતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને આત્મનિર્ભર ગુજરાત થકી સાકાર કરવા આહ્વાન કર્યું હતું.

સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમાએ જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લાને પ્રવાસનનું પ્રવેશદ્વાર ગણાવતાં રાજ્ય સરકાર દ્વારા પવિત્ર યાત્રાધામ અને પ્રવાસન સ્થળોએ વિકસાવેલી સુવિધાઓની જાણકારી આપી હતી. આ સાથે તેમણે



## સોમનાથ મહાદેવ અને દરિયાદેવની મહાઆરતી યોજાઈ

યાત્રાધામ સોમનાથ મંદિરના સમુદ્રકિનારે પ્રવાસન અને યાત્રાધામ વિકાસમંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં સોમનાથ મહાદેવ અને દરિયાદેવની અગિયારસો દીવડા અને મશાલ સાથે ભવ્ય મહાઆરતી કરવામાં આવી હતી. આ સાથે સમુદ્રમાં આઝાદી કા અમૃત મહોત્સવને અનુલક્ષીને ૭૫ બોટના માધ્યમથી પ્રતિકૃતિ બનાવવામાં આવી હતી. પ્રવાસન અને યાત્રાધામમંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ સોમનાથ સમુદ્રદર્શન વૉક-વે ખાતે દરિયાદેવની તેમજ સોમનાથ મંદિરની મહાઆરતી કરી હતી. આ તકે મંત્રીશ્રી મોદીએ જણાવ્યું હતું કે, વિશ્વનેતા અને ભારતના સર્વાધિક લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદૃષ્ટિથી સોમનાથ તીર્થનો કાયાકલ્પ થયો છે. સોમનાથ મહાદેવનાં ચરણોમાં કેન્દ્ર સરકારની પ્રસાદ યોજનામાં બનાવાયેલા સમુદ્રદર્શન પથમાં આજે સરકારની દીર્ઘદૃષ્ટિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ જોવા મળે છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રાજ્યનાં યાત્રાધામોને ઉત્તમ માળખાકીય સુવિધાઓ પૂરી પાડીને તીર્થ પ્રવાસનને વેગવંતું બનાવ્યું છે. આ મહાઆરતીના પ્રસંગે પદાધિકારીઓ, નામાંકિત કલાકારો ઉપસ્થિત રહ્યા હતા.

## અતિથિગૃહની વિશેષતા

**સોમનાથના મહાલય જેવા લાગતા નવનિર્મિત અતિથિગૃહમાં આલીશાન ચાર માળ, કુલ પ્લોટ ૧૫૦૦૦ ચો.મી. એરિયામાં ફેલાયેલા છે, જેનો કુલ કાર્પેટ એરિયા ૭૦૭૭ ચો.મી. છે. અદ્યતન સુવિધા સાથેના આ સર્કિટ હાઉસમાં ૨ વીવીઆઈપી સ્યુટ રૂમ, ૮ વીવીઆઈપી રૂમ, ૮ વીઆઈપી રૂમ, ૨૪ ડિલક્સ રૂમ સાથે કિચન, જનરલ અને વીઆઈઈપી ડાઈનિંગ, સ્ટોર રૂમ, કૉન્ફરન્સ રૂમ અને ૨૦૦ લોકોને સમાવતા ઑડિટોરિયમ હૉલ સહિતની સુવિધાઓ વિકસાવવામાં આવી છે.**

જણાવ્યું હતું કે, તીર્થસ્થળોને પ્રવાસન સાથે જોડીને વિકાસને નવી ગતિ આપી શકાય તે દિશામાં રાજ્ય સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે.

આ અતિથિગૃહના લોકાર્પણ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી શ્રી દેવાભાઈ માલમ, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, ટ્રસ્ટી શ્રી જે. ડી પરમાર, માર્ગ અને મકાન વિભાગના સચિવ શ્રી એસ. બી. વસાવા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી રામીબેન વાજા, પૂર્વ મંત્રી શ્રી જસાભાઈ બારડ, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રી આર. આર. રાવલ, કલેક્ટર શ્રી રાજદેવસિંહ ગોહિલ, પૂર્વ ધારાસભ્ય શ્રી રાજશીભાઈ જોટવા, શ્રી જેઠાભાઈ સોલંકી, શ્રી માનસિંહ પરમાર સહિતના મહાનુભાવો ઉપરાંત કલાકાર સર્વ શ્રી માયાભાઈ આહીર, કીર્તિદાન ગઢવી, આદિત્ય ગઢવી, અરવિંદ વેગડા, ઉર્વશી રાદડિયા, કિંજલ રાજપ્રિય જેવા નામાંકિત કલાકારો ઉપરાંત તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા ફેમ મયૂર વાંકાણી ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# રાજકોટમાં નવનિર્મિત અંડર બ્રિજનું સીડીએસ બિપિન રાવત નામકરણ આપી ઈ-લોકાર્પણ



રાજ્યની વિકાસયાત્રામાં શહેરી વિકાસનું મહત્ત્વનું યોગદાન છે. શહેરોમાં કોઈ એક જ બાબતનાં કાર્યો કરવાના બદલે રાજ્ય સરકારે સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને શહેરી વિકાસની નવી વ્યાખ્યા પ્રસ્થાપિત કરી લોકોની સર્વાંગી સુખાકારી ધ્યાનમાં રાખી વિકાસકાર્યોનો પ્રારંભ કર્યો છે. રાજકોટ મહાનગરપાલિકાએ કોરોનાની વૈશ્વિક મહામારીમાં રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ વિકાસનાં કાર્યો સમયસર પૂર્ણ કર્યાં છે. રાજકોટ મહાનગરને આધુનિકતાનો રંગ આપવા માટે તેમજ લોકોની સુખાકારી માટે ઘણા પ્રકલ્પો ચાલી રહ્યા છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજકોટમાં રૂપિયા ૪૨.૩૮ કરોડના ખર્ચે નિર્મિત લક્ષ્મીનગર અંડર બ્રિજનુ નામકરણ શહીદ સીડીએસ બિપિન રાવત બ્રિજ નામ આપી ઈ-લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આત્મનિર્ભર ભારત અભિયાન ચાલી રહ્યું છે. આઝાદી કા અમૃત મહોત્સવની પણ આપણે ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે ગુજરાતમાં શહેરી વિકાસ સાથે આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતનો સંકલ્પ આપણે સિદ્ધ કરવો છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં બિનપરંપરાગત ઊર્જાના ઉપયોગના પ્રકલ્પો તેમજ અને ક્લિન એનર્જી ગ્રીન એનર્જી સાથે પર્યાવરણ સુરક્ષામાં પણ ગુજરાતે ભાગીદારી નોંધાવી નવી સિદ્ધિ હાંસલ કરી છે. મહાનગરોના ગંદા પાણીનો નિકાલ તેમજ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને શહેરીજનોને શુદ્ધ પાણી મળી રહે, ઉપરાંત શહેરો ટ્રાફિકની સમસ્યાથી મુક્ત થાય એ માટે અનેક વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યાં છે. રાજકોટ માટે જરૂરિયાત મુજબના ટી.પી.ડી.પી મંજૂર કરીને આયોજિત વિકાસ આપવાની પણ આપણી નેમ છે.

તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા ૧૮૭ કરોડનાં ૧૭૦ કામો કરવાની પણ સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. સૌનો સાથ સૌનો વિકાસ અને સૌના વિશ્વાસ સાથે રાજ્યનાં નગરો મહાનગરોને શહેરી વિકાસ સાથે ધબકતાં રાખવાનો આપણો સંકલ્પ છે તેમ અંતમાં જણાવ્યું હતું.

વાહનવ્યવહાર રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર જવાબદારીપૂર્વક નાગરિક સેવાઓનો વ્યાપ વધારી માળખાગત વિકાસનાં કાર્યો થાય તે માટે પણ કટિબદ્ધ છે. રાજકોટમાં મહાનગરપાલિકા દ્વારા રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ ઘણા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજકોટમાં વિકાસનાં અનેક કાર્યો મંજૂર કરવામાં આવ્યાં છે. અગાઉ પણ રાજકોટમાં વિકાસનાં અનેક કાર્યો પૂર્ણ કરવામાં આવ્યાં છે અને હજુ વધુ વિકાસકાર્યો હાથ ધરવાનું સરકારનું આયોજન છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલા આ લક્ષ્મીનગર અંડર બ્રિજને લીધે હવે આ વિસ્તારમાં શહેરીજનોને ટ્રાફિકની સમસ્યા નહીં નડે તેમ જણાવી શહેરી વિકાસ માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

રાજકોટ મહાનગરમાં જુદા જુદા વિસ્તારમાં લોકોને ટ્રાફિકની સમસ્યા ન થાય તે માટે અંડર અને ઓવરબ્રિજ બનાવવામાં આવી રહ્યા છે. લક્ષ્મીનગર રેલવે બ્રિજ ટ્રાફિકને ધ્યાનમાં લઈને જરૂરિયાત મુજબ બનાવવામાં આવ્યો છે. લક્ષ્મીનગર અંડરબ્રિજનું લોકાર્પણ થતાં આશરે પથી ૬ લાખ લોકોને ટ્રાફિકની રોજિંદી સમસ્યામાંથી મુક્તિ મળશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રેલવે વિભાગ પાસે ડિપોઝિટ વર્કથી ચાર માર્ગીય રેલવે અંડર બ્રિજ બનાવવામાં આવ્યો છે. આ બ્રિજની બંને બાજુ ૭.૫૦ મીટર પહોળાઈ તથા ૪.૫૦ મીટર ઊંચાઈ હોવાને કારણે સ્કૂલ બસ, ઔદ્યોગિક વિસ્તારનાં વાહનના આવન જાવન માટે સુગમ બનશે. આ ઉપરાંત રાહદારીઓ તથા સાઇકલસવાર માટે અલગથી પાથ વે બનાવવામાં આવ્યો છે. પાણીના નિકાલ માટે અંડરગ્રાઉન્ડમાં પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના મેયર ડૉ. પ્રદીપભાઈ ડવ, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર શ્રી અમિત અરોરા, સ્ટેન્ડિંગ સમિતિના ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલ સહિત પદાધિકારીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## આર્સેલર મિત્તલ નિપોન સ્ટીલ ઇન્ડિયા

# ગુજરાતમાં રૂ.1.66 લાખ કરોડનું સૂચિત રોકાણ કરશે



ગુજરાતમાં શાંતિ, સમૃદ્ધિ અને પારદર્શિતાના કારણે સમગ્ર વિશ્વમાંથી મૂડીરોકણકારો આવી રહ્યા છે. ગુજરાતના પનોતાપુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રી કાર્યકાળ દરમિયાન શરૂ કરેલી વાઈબ્રન્ટ સમિટના કારણે આજે ગુજરાતમાં અનેક રોકાણકારો આવ્યા છે. જેનાથી માત્ર રાજ્યના જ નહી પરંતુ દેશના લાખો લોકો માટે ગુજરાતમાં રોજગારીની તકો મળી છે. આ પ્રવાહ અવિરત ચાલુ જ છે તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે આર્સેલર મિત્તલ નિપોન સ્ટીલ ઈન્ડિયા લિમીટેડે રાજ્યમાં વિવિધ ૬ પ્રોજેક્ટસમાં રૂ. ૧. ૬૬ લાખ કરોડના સૂચિત રોકાણોના MoU કરવામાં આવ્યા હતા.

**અંદાજે ૧.૮૦ લાખ જેટલા પ્રત્યક્ષ-પરોક્ષ રોજગાર અવસરો મળતા થશે.**

૧૦મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ અંતર્ગત ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગ અને આર્સેલર મિત્તલ નિપોન સ્ટીલ ઈન્ડિયા લિમીટેડ વચ્ચે થયેલા આ MoU પર ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તા તથા આર્સેલર મિત્તલ નિપોન સ્ટીલ ઈન્ડિયા વતી સી.ઈ.ઓ શ્રી દિલીપ ઓમેને હસ્તાક્ષર કર્યા હતા.

આ MoU અનુસાર આર્સેલર મિત્તલ નિપોન સ્ટીલ ઈન્ડિયા લિમીટેડ દ્વારા ૬ સૂચિત પ્રોજેક્ટસમાં રોકાણ થવાનું છે. તેમાં હઝીરા ખાતેની હયાત કેપ્ટીવ જેટીના એક્સપાન્શન અને મોર્ડનાઈઝેશન માટે રૂ. ૪૨૦૦ કરોડ, હાલના 8.6 MMTPAના સ્ટીલ મેન્યૂફેક્ચરીંગ પ્લાન્ટની ક્ષમતા વધારીને 18 MMTPA કરવા માટેના રૂ. ૪૫ હજાર કરોડ, સુરતના સુવાલી ખાતે ગ્રીન



સ્ટીલ પ્લાન્ટને કેપ્ટીવ પોર્ટ કેપેસિટી સાથેના એક્સપાન્શન માટે રૂ. ૩૦ હજાર કરોડ તથા કીડીઆબેટ સુરતમાં સ્ટીલ સિટી અને ઈન્ડસ્ટ્રીયલ કલસ્ટર માટે રૂ. ૩૦ હજાર કરોડના રોકાણોનો સમાવેશ થાય છે.

એટલું જ નહિ, રાજ્યમાં વિવિધ સ્થળોએ અંદાજે રૂ. ૪૦ હજાર કરોડના રોકાણ સાથે કુલ ૧૦ ગીગાવોટ રિન્યુએબલ પાવર જનરેશન પ્લાન્ટ આર્સેલર મિત્તલ નિપોન સ્ટીલ દ્વારા ઉભા કરાશે. જેમાં હાઈબ્રીડ, સોલાર અને વિન્ડ એનર્જી ત્રણેયનો સમાવેશ થવાનો છે. આ પ્લાન્ટસ પૈકી પ્રથમ તબક્કામાં ભાવનગર જિલ્લાના કાનાતળાવ ખાતે ૨૨૦૦ મેગાવોટના પ્લાન્ટ માટે પણ આ MoU થયા છે. સુરતના હઝિરામાં અન્ય એક ડાઉન સ્ટ્રીમ, કોક ઓવન પ્રોજેક્ટસમાં પણ રૂ. ૧૭ હજાર કરોડનું રોકાણ આર્સેલર મિત્તલ નિપોન સ્ટીલ ઈન્ડિયા દ્વારા થવાનું છે.

આ બધાજ પ્લાન્ટમાં કુલ મળીને અંદાજે ૧ લાખ ૮૦ હજારથી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગાર અવસર પણ પ્રાપ્ત થશે. ગુજરાત સરકાર આ પ્રોજેક્ટસ સમયસર શરૂ થાય તે માટે લેવાની થતી નિયમાનુસારની જરૂરી પરવાનગીઓ અને અન્ય જરૂરી બાબતો માટે વર્તમાન પોલિસીઝ અને નિયમોને આધિન રહીને આર્સેલર મિત્તલને સહયોગ કરશે.

મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ MoU સાઈનીંગ અવસરે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા તથા આર્સેલર મિત્તલના વરિષ્ઠ પ્રતિનિધિઓ પણ જોડાયા હતા. ●




# સેવાની સુવાસ પ્રસરાવવાની સંકલ્પબદ્ધતા સાથે સુશાસનના ૧૨૧ દિવસ

શબ્દની આગળ 'સુ' પ્રત્યય લગાવવાથી શબ્દનો અર્થ અનોખો બની જાય. સુવાસ, સુવાક્ય, સુશોભનની જેમ શાસન આગળ 'સુ' લાગતા સુશાસના સુંદર શબ્દની સુવાસ પ્રસરે છે. આપણે ઘણા બધા શબ્દો સાંભળીએ પછી એને સમજીએ ત્યાર બાદ અનુભવીએ. ગુજરાતીઓ માટે સુશાસન એ માત્ર શબ્દ નથી, પણ ગુર્જરવાસીઓની પ્રતિતી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની વર્તમાન રાજ્ય સરકારની જનસેવા યાત્રાના સુશાસનના સફળ ૧૨૧ દિવસ પૂર્ણ કર્યા તે અવસરે મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલમાં આયોજિત કાર્યક્રમમાં "સુશાસનના 121 દિવસ" પુસ્તિકાનું વિમોચન કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જનતા જનાર્દનની સેવા કરવાની તેમની ટીમને મળેલી તક અને રાજ્યની વિકાસયાત્રાને તેજોમય બનાવવાની પરિશ્રમ યાત્રાની સફળતાનું શ્રેય ગુજરાતના સૌ નાગરિકોના ચરણે ધર્યું છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતનું ધ્યેય સાકાર કરવાના મંત્ર સાથે કૃષિ, ઉદ્યોગ, સેવા, સમાજકલ્યાણ સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં ગુજરાતે ૧૨૧ દિવસ દરમિયાન કરેલી ગતિ-પ્રગતિની વિશદ છણાવટ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં પ્રાકૃતિક ખેતી બે લાખ ખેડૂતોએ અપનાવી છે અને વનબંધુ ડાંગ જિલ્લો સંપૂર્ણ પ્રાકૃતિક ખેતીયુક્ત જિલ્લો બન્યો છે તેની ભૂમિકા આપી હતી. તેમણે એમ પણ જાહેર કર્યું કે, રાજ્ય સરકાર પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધુ વિસ્તારવા રૂ. ૧૦૦ કરોડના ફંડિંગ સાથે આગામી દિવસોમાં ગ્રામ્ય કક્ષાએ ખેડૂત તાલીમ કાર્યક્રમો, કૃષિ શિબિર, ગુણવત્તા ચકાસણી લૅબોરેટરી માસ્ટર ટ્રેનર્સ વગેરેની સુવિધા વિકસાવવાનું કાર્ય આયોજન હાથ ધરશે.


કોરોનાનું સંકટ હોય કે કુદરતી આફતનો કહેર, પ્રજાની પડખે રહી તેને હૂંફ અને સધિયારો આપવાના સેવાધર્મથી તેમની ટીમ ગુજરાત સતત દિનરાત ખડેપગે રહી છે. તેમણે રાજ્યમાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલા નુકસાન સામે બે તબક્કામાં ૧ હજારથી વધુ કરોડનાં સહાય પૅકેજનો લાભ અસરગ્રસ્ત ૧૫૩૦ ગામના ૫.૦૬ લાખ ખેડૂતોને અપાયો છે તેની અને માછીમારો માટે ૨૬૫ લાખના સહાય પૅકેજની પણ વિગતો મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ૧૨૧ દિવસના જનહિતકારી શાસન દરમિયાન લોકાભિમુખ વહીવટ અને લોકોનાં કામોના સરળીકરણના અનેકાનેક નિર્ણયો કર્યા છે, તેની પણ વિસ્તૃત વિગતો આપતાં જણાવ્યું કે, ગુજરાતે ગુડ ગવર્નન્સની સ્પર્ધામાં દેશનાં રાજ્યોમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. એટલું જ નહીં, પૂર્વ વડાપ્રધાન શ્રી સ્વ. અટલ બિહારીજીના જન્મદિને સુશાસન સપ્તાહની ઉજવણી અન્વયે વિવિધલક્ષી વિકાસકામોથી પ્રજાને લાભ આપવામાં પણ ગુજરાત અગ્રેસર રહ્યું છે. ગુજરાતમાં ૧ કરોડ જેટલાં PMJAY-MA કાર્ડ આપવા સાથે વડાપ્રધાનશ્રીની ફલેગશિપ યોજનાઓનો લાભ લક્ષિત લાભાર્થીઓને પહોંચાડવા સમયબદ્ધ કાર્યઆયોજન રાજ્ય સરકારે કર્યું છે. મુખ્યમંત્રીશ્રીએ એવી સ્પષ્ટ નેમ વ્યક્ત કરી કે, તેમની નવી ટીમ ગુજરાત મિનિમમ ગવર્નમેન્ટ - મેક્સિમમ ગવર્નન્સના ધ્યેય સાથે જનસેવાના પ્રબળ સંકલ્પ, અડગ આત્મવિશ્વાસ અને અતૂટ જુસ્સાથી કર્તવ્યરત રહેવા પ્રતિબદ્ધ છે.

મહેસૂલમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કે. કૈલાસનાથન, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર અને વરિષ્ઠ સચિવો તથા પ્રચાર માધ્યમોના પ્રતિનિધિઓ આ અવસરમાં સહભાગી થયા હતા. ●

સરળ, સહજ અને સૌમ્ય સ્વભાવ,
નીડર, નક્કર અને નિર્ણાયક નેતૃત્વ...

# 121 દિવસની જનસેવાની પરિશ્રમયાત્રા



# સુશાસનના 121 દિવસ

## આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત



પુલક ત્રિવેદી

ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા ગુજરાતના વિકાસપથ ઉપર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ટીમ ગુજરાત વધુ તેજ રફતારથી જનસેવાના નિર્ધાર સાથે વિકાસયાત્રા આગળ ધપાવી રહી છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત રાજ્યની જનતાની સેવા કરવા માટે તા. 13મી સપ્ટેમ્બર, 2021ના રોજ રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.

મુખ્યમંત્રીશ્રી અને તેમની ઊર્જાવાન ‘ટીમ ગુજરાતે’ નવા આત્મવિશ્વાસ સાથે સુરાજ્યના સ્વપ્નને સાકાર કરવાના નવા અધ્યાયનો આરંભ કર્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્ત્વવાળી ઊર્જાવાન ટીમ ગુજરાતની જનસેવાના 121 દિવસ પૂર્ણ થયા છે. આ 121 દિવસના ટૂંકાગાળામાં ગુજરાતે અનેક ક્ષેત્રોમાં વિકાસની રીતસર હરણફાળ ભરી છે. ગુજરાતની શાસનધુરા સંભાળી તે ક્ષણથી વિકસિત ગુજરાતની તેજ રફતારને વધુ ગતિશીલ બનાવવાનો કાર્યારંભ થયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઊર્જાવાન સરકાર, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રબોધેલા ગુજરાતના જનહિતના રાહ ઉપર નિષ્ઠાપૂર્વકના જનસેવાના અભિગમ સાથે સુશાસનના સ્વપ્નને ચરિતાર્થ કરવા વિકાસની નવતર રાહ કંડારી રહી છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારે ગુજરાતનો કેટલોક વિસ્તાર અતિવૃષ્ટિનો ભોગ બન્યો હતો. પળનો પણ વિલંબ કર્યા વગર ઊર્જાવાન મુખ્યમંત્રીશ્રી અસરગ્રસ્તોની વહારે ધસી ગયા હતા. ત્યાર બાદ સુશાસન સપ્તાહ, નદી મહોત્સવ, આરોગ્ય સુરક્ષા અને વાઈબ્રન્ટ ગુજરાત જેવા અનેક જનહિતને લગતાં કલ્યાણકારી પરિણામલક્ષી કાર્યો આરંભાયા છે. પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજીની સ્મૃતિમાં સુશાસન સપ્તાહની ઉજવણી કરી રાજ્યના પ્રત્યેક નાગરિકને સરળતાથી સરકારી સેવાઓનો લાભ આપવા સાથે નાગરિકોની સમસ્યાઓ નિવારવાના રાજ્યભરમાં અનેક પરિણામલક્ષી કામ કરવામાં આવ્યા.

દેશના તમામ રાજ્યો વચ્ચે રહેલી સુશાસન સ્પર્ધાની કોમ્પિટેટિવ રેંકમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે આવ્યું છે. ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાબરમતી આશ્રમથી આઝાદીના અમૃત મહોત્સવનો રાષ્ટ્રભરમાં શુભારંભ કરાવ્યો. ગુજરાતે 75 સપ્તાહ સુધી વિવિધ રાષ્ટ્રપ્રેમના કાર્યક્રમોના આયોજન દ્વારા તેની અવિસ્મરણીય ઉજવણીની પરિભાષા અંકિત કરી છે.

વિકાસકાર્યોની સ્પર્ધાની રાજનીતિના કલ્યાણ મંત્ર સાથે ‘સૌનો સાથ, સૌનો વિકાસ’ના સૂત્રને સાચા અર્થમાં સાકાર કરવા







ગુજરાતનો વિકાસ વધુ ગતિશીલ બન્યો છે. વાઇબ્રન્ટ ગુજરાતની દસમી શૃંખલાની તડામાર તૈયારીઓ સાથે દેશ વિદેશમાં રોડ શો અને પ્રિ-વાઇબ્રન્ટ ઈવેંટ્સનું સફળતાપૂર્વક આયોજન હાથ ધરવામાં આવ્યું, પરંતુ વૈશ્વિક મહામારી કોરોના અને એના નવા વેરીયંટ ઓમિક્રોને ફરી પાછુ માથું ઉચક્યું. ગુજરાત સહિત સમગ્ર વિશ્વમાં કોરોનાના કેસ વધતા મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાનશ્રીએ ગુજરાતની જનતાના વ્યાપક હિતને ધ્યાને લઈને વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ - 2022 સહિત ફ્લાવર શો, આંતરરાષ્ટ્રીય કાઇટ ફેસ્ટિવલ વગેરે મહત્ત્વપૂર્ણ કાર્યક્રમો મોકુફ રાખીને સમગ્ર વહીવટી તંત્રને જન આરોગ્ય સુરક્ષા માટે પ્રેરિત કર્યું.

'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'ના કન્સેપ્ટને મૂર્તિમંત કરવાની પ્રતિબદ્ધતા સાથે ગુજરાત આજે કૃષિ, ઉદ્યોગ અને સેવા ત્રણેય ક્ષેત્રોમાં દેશભરમાં ઊડીને આંખે વળગે તેવી વિકાસની નૂતન કેડી કંડારી રહ્યું છે. કોરોના મહામારીની ત્રીજી લહેરે માથું ઊંચકવાનું શરૂ કર્યું એ પહેલાં ગુજરાતના ગામડાંઓમાં શહેર જેવી સુવિધા ઉપલબ્ધ બનાવી ગ્રામજનોના સમગ્રતયા વિકાસને અગ્રતા આપતી 'આત્મનિર્ભર ગ્રામ યાત્રા' યોજવામાં આવી. જેનાથી વિકાસપથ ઉપર વધુ ગતિશીલતાથી ગ્રામજનોને સર્વાંગી વિકાસની અનુભૂતિ થઇ. ફક્ત ત્રણ જ દિવસમાં રૂ. 1,500 કરોડ ઉપરાંતના ખર્ચે 43,000 જેટલાં ગ્રામવિકાસના કામો હાથ ધરાયા. આ સિદ્ધિ નાની સુની નથી.

વિકસિત દેશો સહિત સમગ્ર વિશ્વ કોરોનાની મહામારી સામે લડી રહ્યું છે, ત્યારે ગુજરાત સરકારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ ટેસ્ટ, ટ્રેસ, ટ્રીટ અને વેક્સિનેશનનો બહુપાંખીયો વ્યૂહ અપનાવી કોરોનાને નિયંત્રણમાં રાખવા લીધેલા વ્યાપક પગલાંને સફળતા મળી છે. 100 ટકા રસીકરણ સહિત, ઓક્સિજન પ્લાન્ટ અને સારવારની અતિ આધુનિક સુવિધા ઊભી કરવા આગોતરું આયોજન હાથ ધર્યું છે. રાજ્ય સરકારે રાજ્યની 40 ટકા એટલે કે ત્રણ કરોડ ઉપરાંત જનતાના આરોગ્યની ચકાસણી કરી છે.

સૌમ્ય, સાલસ અને સહજ સ્વભાવ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનું સૌથી મોટું જમા પાસું છે. તેમણે મુખ્યમંત્રીશ્રીના પદને સત્તા નહિં બલકે જનતાની સેવા કરવા માટેનું માધ્યમ બનાવ્યું છે. એક પાયાના કાર્યકરથી લઈને ગુજરાતના સૂત્રધાર સુધીની સફર દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના વિકાસ અને જનહિતના ઉદ્દેશને સર્વોચ્ચ પ્રાધાન્ય આપ્યું છે. મૂલ્યનિષ્ઠ રાજનીતિનો નવો અધ્યાય તેમણે આરંભ્યો છે. સમગ્ર પ્રશાસનને જીવંત રાખી જનહિતને સમર્પિત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે 121 દિવસના ટૂંકાગાળામાં સુશાસન દ્વારા અદ્વિતીય આગવી ઓળખ ઊભી કરી છે.

# ઘર આંગણે ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ




ગુજરાત રાજ્યમાં કોરોનાની મહામારી સામે રોગ પ્રતિકારક શક્તિ વધે, સંક્રમણ અટકે તેમ જ મહામારી સામે રક્ષણ મળે તે ઉદ્દેશ્યથી રાજ્યમાં છેલ્લા 121 દિવસમાં 53.87 લાખથી વધુ લોકોને કોવિડ રસિકરણનો પ્રથમ ડોઝ તથા 2.33 કરોડ લોકોને દ્વિતીય ડોઝ આપવામાં આવ્યો. હાલ કુલ 4.77 કરોડ લોકોને કોવિડ રસિકરણનો પ્રથમ ડોઝ તથા 4.36 કરોડ લોકોને દ્વિતિય ડોઝ આપવામાં આવ્યો.

રાજયના 15થી 18 વર્ષની વયના યુવાનોને કોવિડ-19થી સુરક્ષિત કરવા મહાઅભિયાન આરંભીને રાજ્યના પ્રત્યેક યુવાનને રસી આપવા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. 35000થી વધુ સેન્ટરો શાળાઓ, આઇ.ટી.આઇ. કે શાળાએ ન જતા 36 લાખથી વધુ યુવાનોને આ મહાઅભિયાનમાં આવરી લેવામાં આવ્યાં છે.

રાજ્યના નાગરિકોને કોવિડ-19થી સુરક્ષિત કરવા નક્કર કામગીરી હાથ ધરીને 60 વર્ષથી વધુ વયના વડીલો, ફ્રન્ટ લાઇન વર્કરો, હેલ્થ વર્કરને કોવિડ-19 સામે રક્ષણ આપવા પ્રોત્સાહક ડોઝ આપવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સરકાર દ્વારા હાથ ધરાયેલ સઘન રસીકરણ, ટ્રેસિંગ અને ટ્રેકિંગના પગલે સ્થિતિ નિયંત્રણમાં છે. જાન્યુઆરી તારીખ 5, 2022ના રોજના આંકડા અનુસાર રાજ્યમાં કોરોના દર્દીઓનો રિવકરી રેટ 97.48 ટકા છે. રાજ્યમાં 6 ઝોન કક્ષાના વેક્સિન સ્ટોર, 43 જિલ્લા કોર્પોરેશન કક્ષાના સ્ટોર, 2,236 કોલ્ડ ચેઈન પોઈન્ટ તથા 12 હજારથી વધુ તાલીમબદ્ધ વેક્સીનેટરની સેવા ઉપલબ્ધ કરવામાં આવી છે.

કોરોના વિરોધી રસી ઝુંબેશમાં સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. પ્રતિ 100 વ્યક્તિએ 169.2 વેક્સિન ડોઝ અપાયા છે તેની તુલનાએ ફ્રાન્સમાં 166.9, યુ.એસ.એ.માં 138.4, જર્મની 153.6, કેનેડા 164.7, ઇટલી 159, નેધરલેન્ડ 168.8 ડોઝની સંખ્યા ધરાવે છે એટલું જ નહિ, ગુજરાત કરતાં અન્ય જે રાષ્ટ્રોમાં આવી સંખ્યા ઓછી છે તેમાં ફિનલેન્ડ 167.5, સ્વીડન 165.8, મેક્સીકો 157.9 તેમજ સ્વીત્ઝરલેન્ડ 148.8, સાઉદી અરેબિયા 147.9, હંગેરી 137, વિયેટનામ 130.7 અને રશિયા 107.3નો સમાવેશ થાય છે.



એક પણ રસી નિયત તાપમાનને અભાવે બગડે નહીં તે માટે કોલ્ડચેઈન સ્ટોર સહિતની સુદ્રઢ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. કોરોના વેકસીનની વ્યાપક અને સઘન કામગીરીના ફળ સ્વરૂપે દેશના મોટા રાજ્યોની કેટેગરીમાં શ્રેષ્ઠ ક્રમ પ્રાપ્ત કરવા બદલ ગુજરાતને ઈન્ડિયા ટુડેના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે. અમદાવાદની યુએન મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરને કોવિડ-19 દરમિયાન એક્સલન્સ ઈન હોસ્પિટલ મેનેજમેન્ટનો ધી ઈકોનોમિક્સ ટાઈમ્સ હેલ્થ કેર એવોર્ડ-2021 એનાયત કરવામાં આવ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભરૂચની સિવિલ હોસ્પિટલ ખાતે પીએમ કેર્સ ફંડમાંથી રૂ. 1.05 કરોડના ખર્ચે 1.77 મેટ્રિક ટનની કેપેસિટી ધરાવતાં પીએસએ ઓક્સિજન પ્લાન્ટ જનતાને સમર્પિત કરવામાં આવ્યો છે. ભરૂચ, પાટણ, પાલનપુર, થરાદ, ખેડબ્રહ્મા, ભીલોડા, માણસા, વડનગર, ગોધરા, સંતરામપુર, ગરુડેશ્વર, સોલા સિવિલ અને ગાંધીધામમાં પણ ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યાં છે તદઉપરાંત ગુજરાતમાં અત્યારે કુલ 358 ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત છે.

ગુજરાત સીએસઆર (CSR) ઓથોરિટી દ્વારા નર્મદા અને મોરબી ખાતે પીએસએ (PSA) ઓક્સિજન પ્લાન્ટની સુવિધા ઉપલબ્ધ બનાવાઈ છે. સુરત શહેર અને જિલ્લામાં રૂ. 5.54 કરોડના ખર્ચે છ ઓક્સિજન પ્લાન્ટ જનતાને સમર્પિત કરવામાં આવ્યાં છે.

ગુજરાતે 3T - ટ્રેસિંગ-ટેસ્ટીંગ-ટ્રીટમેન્ટની વ્યૂહરચના અપનાવી છે. 11 હાઈરિસ્ક દેશો ઉપરાંત યુરોપના તમામ એટ રિસ્ક દેશો, અન્ય નોટ એટ રિસ્ક દેશોમાંથી ગુજરાત આવતા તમામ યાત્રી-મુસાફરોનું સઘન ટેસ્ટીંગ કરવામાં આવે છે. 1 લી ડિસેમ્બરથી અત્યાર સુધી 41 હજારથી વધુ વ્યક્તિઓનું સ્ક્રીનિંગ થયું છે.

રાજ્યના 3 કરોડથી વધુ નાગરિકોની આરોગ્ય સુખાકારીની જાળવણીના મહાઅભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાયો છે. જન આરોગ્ય સુખાકારી માટે બિન ચેપી રોગો, બિમારીઓ માટે સ્ક્રીનિંગથી સારવારની રાજ્ય સરકારની નવતર પહેલ શરૂ કરી છે. દર શુક્રવારે આરોગ્ય દિવસ અંતર્ગત આવા રોગની તપાસ, નિદાન, સારવાર શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં હાથ ધરાશે. રાજ્યના 33 જિલ્લા અને 8 મહાનગરોમાં આરોગ્યની નવતર ચેતના જાગી છે. રાજ્યના નાગરિકોને નિરોગી બનાવવા અંદાજિત 26 હજારથી વધુ સર્વરોગ નિદાન કેમ્પ યોજીને કિડની સંબંધી, હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ, કેન્સર, હૃદય રોગ જેવા રોગોનું નિદાન કરવામાં આવ્યું છે. રાજ્યની 38 આયુર્વેદિક હોસ્પિટલ અને 568 આયુર્વેદિક દવાખાનાઓ અને 272 હોમિયોપેથી દવાખાનાઓ દ્વારા 6700 જેટલાં સર્વરોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યા છે. તેમજ રાજ્યના તમામ જિલ્લામાં અંધત્વ નિવારણ કાર્યક્રમ હેઠળ મોતિયાના ઓપરેશનના 2500 જેટલા કેમ્પ યોજવામાં આવ્યાં છે.

રાજ્યના ભુલકાંઓને ન્યૂમોનિયા તેમજ મગજના તાવ સામે ન્યૂમોકોકલ કોંજુગેટ વેક્સીન (PCV)નું આરોગ્ય સુરક્ષા કવચ પુરૂ પાડ્યું છે. રાજ્યમાં વર્ષે અંદાજિત 12 લાખ બાળકોને રસીના 36 લાખ ડોઝ વિના મૂલ્યે આપવાનું રાજ્ય સરકારનું સઘન આયોજન થયું છે. ખાનગી ક્ષેત્રે 3,000થી 4,500 રૂપિયાની કિંમતે મળતી વેક્સિન રાજ્યના તમામ રસીકરણ કેન્દ્રોમાં વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ગરીબ નાગરિકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવા વિનામૂલ્યે મળી રહે તે માટે એક કરોડથી વધુ લાભાર્થીઓને PMJAY મા કાર્ડ યોજનાના કાર્ડ એનાયત કરવામાં આવ્યાં છે. આના પરિણામે રાજ્યના નાગરિકોને ગુણાત્મક આરોગ્ય સેવાનો લાભ પ્રાપ્ત થયો છે. આરોગ્ય ક્ષેત્રે ડિજિટલ સેવાઓનો વ્યાપ વધારવા ડિજિટલ હેલ્થ મિશન અંતર્ગત 34 લાખ ઉપરાંત નાગરિકોને હેલ્થ આઈડી કાર્ડ એનાયત કરાયા છે.


રાજ્યના આદિવાસી વિસ્તારના બાંધવોના આરોગ્યની સુખાકારી માટે આ વિસ્તારમાં આવેલી 215 પીએચસીમાં 17 પ્રકારના લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવતાં હતાં જેમાં નોંધપાત્ર વધારો કરી 33 પ્રકારના લેબોરેટરી ટેસ્ટની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આઈ.સી.ડી.એસ. દ્વારા 40 લાખથી વધુ બાળકો, સગર્ભા - ધાત્રી માતાઓના આરોગ્ય અને પોષણસ્તરમાં સુધારો લાવવા માટે તેઓને ગરમ નાસ્તો તેમજ ટેકહોમ રાશન આપવામાં આવે છે. "પૂર્ણા" યોજના અન્વયે 12 લાખથી વધુ કિશોરીઓના પોષણ અને આરોગ્ય માટે સઘન જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું.

## પ્રતિ 100 વ્યક્તિએ વેક્સિન ડોઝ

| | |
|---|---|
| ગુજરાત | 169.2 |
| નેધરલેન્ડ | 168.8 |
| ફિનલેન્ડ | 167.5 |
| ફ્રાન્સ | 166.9 |
| સ્વીડન | 165.8 |
| કેનેડા | 164.7 |
| ઈટલી | 159.0 |
| મેક્સીકો | 157.9 |
| જર્મની | 153.6 |
| સ્વીત્ઝરલેન્ડ | 148.8 |
| સાઉદી અરેબીઆ | 147.9 |
| યુએસએ | 138.4 |
| હંગેરી | 137.0 |
| વિયેટનામ | 130.7 |
| રશિયા | 107.3 |

**કોરોના વિરોધી રસીકરણ ઝુંબેશમાં ગુજરાત અગ્રેસર**

**આદિવાસી વિસ્તારમાં લેબોરેટરી ટેસ્ટ વધારાયા**




**ડિજિટલ હેલ્થ મિશન અંતર્ગત 1 કરોડ ઉપરાંત નાગરિકોને હેલ્થ ID કાર્ડ આપવામાં આવ્યા**



## શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ એટલે CM - કોમન મેન

ગુજરાતનું સૌભાગ્ય છે કે, ભૂપેન્દ્રભાઈ પટેલના રૂપમાં સાચા અર્થમાં એક CM - કોમન મેન પ્રાપ્ત થયા છે. સરળ સ્વભાવ, સૌમ્ય પ્રકૃતિ અને સહજ અંદાજ સાથે જનસેવાની સંવેદનાને કેન્દ્રમાં રાખીને કામ કરવાનો તેમનો મિજાજ ગુજરાતની જનતાના હૃદયમાં ઉતરી ગયો છે. તાજેતરમાં રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, માર્ગ મકાન સચિવ શ્રી સંદિપ વસાવા સહિત વરિષ્ઠ અધિકારીઓ સાથે મુખ્યમંત્રીશ્રીએ લીંબડી - બગોદરા વચ્ચે ચાલતા છ માર્ગીય રસ્તાના ડામર કામનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી જાત માહિતી મેળવી હતી. તેમની આ મુલાકાત વેળા મુખ્યમંત્રીશ્રીએ એક સામાન્ય નાગરિકની જેમ હાઈવે - ઢાબા ઉપર મુખ્યસચિવશ્રી, માર્ગ મકાન સચિવશ્રી સહિત વરિષ્ઠ અધિકારીઓ સાથે ચાની ચૂસ્કી મારી હતી. આસપાસના નાગરિકો, વરિષ્ઠ અધિકારીઓ અને રાહદારીઓ મુખ્યમંત્રીશ્રીની સરળતા, સાદગી અને સૌમ્યતાને મનોમન ભરપૂર દાદ આપીને બિરદાવતા રહ્યા અને મુખ્યમંત્રીશ્રીએ પદના કોઈપણ ભાર વિના સહજતાથી ગ્રામજનો વચ્ચે બેસીને ઢાબા ઉપર ચા પીતા પીતા વાતચીત કરતા રહ્યા.

## આને કહેવાય ગુડ ગવર્નન્સ...

### મુખ્યમંત્રીશ્રીએ આપ્યુ પરિણામલક્ષી સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ

ભરૂચ જિલ્લાના વડદલા ગામની વાત છે, ગામના પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારના પ્રજ્ઞેશભાઈને કોરોના ભરખી ગયો. સ્વર્ગસ્થ પ્રજ્ઞેશભાઈના ધર્મપત્નિ શીતલબહેને તા 7મી ઓક્ટોબર, 2021ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ભરૂચ સિવિલ હોસ્પિટલની મુલાકાત વેળા ખાસ કિસ્સામાં સીધી લીટીના વારસદાર તરીકે તેમનું નામ સામેલ કરવા મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરી હતી. સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીએ મૃતક પ્રજ્ઞેશભાઈના ધર્મપત્નીની રજૂઆતને ધ્યાનમાં લઈને 24 કલાકમાં પરવાનો તેમના નામે તબદીલ કરીને પ્રજાભિમુખ જનસેવકના સુશાસનનો સુપેરે પરિચય કરાવ્યો.

## મુખ્યમંત્રીશ્રીનું હૃદયસ્પર્શી સંવેદનાસભર પગલું યુવા હૈયામાં ઉતરી ગયું

કોરોના મહામારીના કાળા કહેર દરમિયાન છેલ્લા બે વર્ષથી રાજ્યમાં સ્પર્ધાત્મક ભરતી પરિક્ષાઓ યોજી શકાઈ ન હતી. આના પરિણામે રાજ્યના અનેક આશાસ્પદ યુવાનો વયમર્યાદાના કારણે પરિક્ષા આપી ન શકે એવી પરિસ્થિતિ હતી. આ વાત મુખ્યમંત્રીશ્રીના ધ્યાને આવતા સંવેદનશીલ હૃદયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ત્વરિત નિર્ણય કર્યો કે, સ્પર્ધાત્મક પરિક્ષામાં બેસવા માંગતા વિદ્યાર્થીઓની વયમર્યાદામાં એક વર્ષનો વધારો કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીના આ યુવાહિતલક્ષી નિર્ણયના પરિણામે ગુજરાતના અનેક યુવાઓમાં હર્ષની લાગણી ફેલાઈ છે. રાજ્યના યુવાઓ મન દઈને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારીમાં લાગી ગયા છે. રાજ્યના યુવાઓ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના આ મહત્ત્વપૂર્ણ નિર્ણય બદલ હૃદયપૂર્વક આભારની લાગણી અભિવ્યક્ત કરી રહ્યા છે.



## સૌને પોષણ સૌને આહાર

કોરોના મહામારીની સંભવિત ત્રીજી લહેરમાં પણ રાજ્યના નાગરિકોને ભોજનની કોઈ અસુવિધા ન ઊભી થાય એ માટે રાજ્યના વધુ એક લાખ કુટુંબોના આશરે 4.82 જેટલા નાગરિકોને આગોતરી અન્ન સુરક્ષા પૂરી પાડવામાં આવી છે. દિવાળીના તહેવારમાં 67.71 લાખ કુટુંબોને પ્રતિ કુટુંબદીઠ 1 લીટર ખાદ્ય તેલનું રાહત દરે વિતરણ કરવામાં આવ્યું છે. દક્ષિણ ગુજરાતના 7 જિલ્લાઓમાં 3.5 કિલો ઘઉંની જગ્યાએ 1.5 કિલો ચોખાનો વધારો કરીને કુલ 3 કિલો ચોખા અને 2 કિલો ઘઉ આપવાનો રાજ્ય સરકારનો જનહિતલક્ષી મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. પોષણસુધા યોજનાના લાભાર્થીને સમયસર અને ઝડપથી લાભ પ્રાપ્ત થાય એ હેતુથી મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી. જેના પરિણામે હવે રીયલ ટાઈમ મોનીટરિંગ સાથે નાગરિકોને મળતી સુવિધાની પરિણામલક્ષી સમીક્ષા શક્ય બની છે.




# લોકાભિમુખ વહીવટ

દેશના તમામ રાજ્યો વચ્ચે રહેલી સુશાસન સ્પર્ધાની કોમ્પિટેટિવ રેંકમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે આવ્યું છે. ગુજરાતે ઇકોનોમિકલ ડેવલપમેન્ટ, માનવ સંસાધન વિકાસ, સાર્વજનિક બુનિયાદી માળખું અને ઉપયોગીતા, સમાજ કલ્યાણ, ન્યાય અને સાર્વજનિક સુરક્ષાના પાંચ ક્ષેત્રમાં પ્રસંશનીય કામ કર્યું છે.

પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજીની સ્મૃતિમાં સુશાસન સપ્તાહની ઉજવણી કરી રાજ્યના પ્રત્યેક નાગરિકને સરળતાથી સરકારી સેવાઓનો લાભ આપવા સાથે નાગરિકોની સમસ્યાઓ નિવારવા રાજ્યભરમાં અનેક પરિણામલક્ષી કામ કરવામાં આવ્યા. સુશાસન સપ્તાહ દરમિયાન 1183 સમરસ ગ્રામ પંચાયતોને રૂ. 63 કરોડથી વધુનું પ્રોત્સાહક અનુદાન આપવામાં આવ્યું છે. મનરેગા યોજના અન્વયે રાજ્યમાં કુલ રૂ. 128 કરોડના ખર્ચે 17835 જનહિતલક્ષી કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યાં છે.

સુશાસન સપ્તાહ દરમિયાન પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રૂ. 216 કરોડના 14,143 આવાસોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત 14,680 લાભાર્થીઓને કુલ રૂ. 61 કરોડની આવાસ નિર્માણ માટે સહાય આપવામાં આવી છે. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત સ્વસહાય જૂથોની 25,000 મહિલાઓને રૂ. દસ કરોડની સહાય સુશાસન સપ્તાહ દરમિયાન આપવામાં આવી છે.

રાજ્યના નાગરિકો, સામાન્ય પ્રજાજનો મંત્રીશ્રીઓ, અધિકારીઓને પોતાના કામકાજ માટે સરળતાથી મળી શકે તેવા પ્રજાહિતકારી અભિગમ સાથે નવા સચિવાલય સંકુલ, સ્વર્ણિમ સંકુલ-1 અને 2માં પ્રવેશ પાસ મેળવી મુલાકાતી પ્રવેશની કામગીરી ફરી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. રાજ્યના દૂરદરાજના ગામો કે અંતરિયાળ વિસ્તારોમાંથી સચિવાલયમાં પોતાના કામની રજૂઆત માટે આવતા સામાન્ય નાગરિકોને રાજ્ય સરકારના મંત્રીઓ અને અધિકારીઓ સોમવાર અને મંગળવારે મુલાકાત માટે સમય ફાળવે એ



# સરળ, ઝડપી અને પારદર્શક મહેસૂલી સેવાઓ



પ્રકારનો મુખ્યમંત્રીશ્રીનો જનહિતલક્ષી અભિગમ અપનાવ્યો છે.

સી.એમ ડેશબોર્ડના ઇન્ડિકેટર્સના આધારે વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટસ તથા ફ્લેગશીપ યોજનાઓની કામગીરીની પ્રગતિ, સમીક્ષા અને ભાવી આયોજન માટેના રોડ મેપને પ્રતિ માસના પ્રથમ બુધવારે સમીક્ષા કરવાનો પરિણામલક્ષી નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે. ઓનલાઇન આર.ટી.આઇ પોર્ટલ onlinerti.gujarat.gov.in લોંચ કરીને જનતાના પ્રશ્નો પ્રતિ સજાગ વલણ અપનાવાયું છે.

રાજ્યમાં ટીપી સ્કીમોના ઝડપી અમલ માટે રાજ્યભરમાં મિશન મોડમાં કામગીરી હાથ ધરાઈ રહી છે. મહાનગરો અને વિવિધ સત્તામંડળોમાં ટીપી સ્કીમો અંગેના પરામર્શ 60 દિવસમાં પૂર્ણ કરી રાજ્ય સરકારને સુપ્રત કરવા જનહિતલક્ષી સૂચનાઓ આપવામાં આવી છે. વન-ડે ગવર્નન્સ હેઠળ આવકના દાખલા સહિતના મૂળભૂત જરૂરિયાતના પ્રમાણપત્રો નાગરિકોને આપવાની ઝૂંબેશ હેઠળ 3.53 લાખ નાગરિકોને લાભાન્વિત કરવામાં આવ્યા છે. મહેસૂલી સેવાઓનું સરળીકરણ કરીને 3.63 લાખ નાગરિકો માટે e-sign થી મહેસૂલ રેકર્ડ ઉપલબ્ધ બનાવવામાં આવ્યું છે.

રાજ્યના નાગરિકોને કલ્યાણકારી યોજનાઓ સહિત મહત્ત્વના દસ્તાવેજો ઘર આંગણે પ્રાપ્ત થાય તે માટે સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત 2,500 કાર્યક્રમો દ્વારા 13 વિવિધ વિભાગોની 280 જેટલી સેવાઓનો લાભ નાગરિકોને તેમના ઘર આંગણે ઉપલબ્ધ થયો છે. પરિણામલક્ષિતા સાથે 73,22,487 અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. વારસાઇની આશરે 53 હજારથી વધુ પડતર નોંધોનો નિકાલ અને બાકી વારસાઇ નોંધો પાડવાનું અભિયાન હાથ ધરાયું છે. સામાન્યમાં સામાન્ય માનવીને શાસનમાં પોતીકાપણું અનુભવ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર સચિવાલયમાં અદ્યતન ટેક્નોલોજીયુક્ત માળખાકીય સુવિધા સાથેના જનસંપર્ક એકમ 'સ્વાગત કક્ષ'નો પ્રારંભ કરવામાં આવ્યો.

નિયત સરકારી સેવાઓમાં એફિડેવિટમાંથી મુક્તિ આપી સેલ્ફ ડેકલેરેશન માન્ય રાખવાનો ઐતિહાસિક નિર્ણય કરવામાં આવ્યો છે. ડિજિટલી પ્રમાણિત પ્રોપર્ટીકાર્ડ ઓનલાઈન નાગરિકોને આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બિનખેતીના હુકમો બાદ ઓટો જનરેશનથી પ્રોપર્ટીકાર્ડ ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કરવામાં આવ્યો તેમજ બિનખેતી હુકમોની મંજૂરી બાદ બાંધકામ અંગેની સમયમર્યાદા દૂર કરવામાં આવી છે.

વર્ષ 2019થી નોંધાયેલા દસ્તાવેજોની ડિજિટલી સાઈન્ડ નકલ ઓનલાઈન ઉપલબ્ધ કરવામાં આવે છે. લેન્ડ રેવન્યૂ કોડની કલમ-73એની મંજૂરી પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવી છે. ગણોતધારા કલમ-32(M) અંતર્ગત ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદતમાં 3 વર્ષનો વધારો કરવામાં આવ્યો છે. ગણોતધારા કલમ-43 તથા કલમ-63ની મુદત અનુક્રમે 2 વર્ષથી વધારી 5 વર્ષ તથા 5 વર્ષથી વધારી 10 વર્ષ સુધીની સત્તા કલેક્ટરશ્રીને આપવામાં આવી છે.

ગુજરાત સરકારના વિભાગો વચ્ચે સંકલન માટે ઈ-સરકાર પોર્ટલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. PMJAY-MA યોજનાના લાભાર્થીને તલાટી દ્વારા અપાતા આવકના પ્રમાણપત્રો ત્રણ વર્ષ સુધી માન્ય રાખવાનો મહત્ત્વનો નિર્ણય અમલમાં મુકવામાં આવ્યો છે. જાહેર વિતરણ વ્યવસ્થા વધુ પારદર્શક અને અસરકારક બની My Ration Mobile Appથી રાશનકાર્ડની સેવાઓ, અનાજ વિતરણની વિગતો, વાજબી ભાવની દુકાનની વિગતો હવે મોબાઈલ એપ ઉપર ઉપલબ્ધ કરાવાઇ છે.

સ્વાવલંબનથી સ્વરોજગારની ડિજિટલ સેવા ઈ-કુટિર પોર્ટલનો પ્રારંભ થતાં લાભાર્થીઓને કુટિર ગ્રામોદ્યોગની વિવિધ યોજનાઓના લાભ ઓનલાઈન મળતા થયો છે. વન વિભાગ દ્વારા ટિંબર ટ્રાન્ઝિટ પાસ મંજૂરી પોર્ટલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પાણી પુરવઠા વિભાગની સુગ્રથિત વ્યાપક કાર્યપદ્ધતિ માટે એન્ટરપ્રાઈઝ એપ્લિકેશન પ્લેટફોર્મ અને મોબાઈલ એપનું લોન્ચ કરવામાં આવ્યું છે. અત્યાર સુધી જે તે ગામે ચાવડી ઉપર પ્રસિધ્ધ કરવામાં આવતી 135/ડીની નોટીસ ઓનલાઇન આપવાની નવતર વ્યવસ્થા 'ઇ-ચાવડી' અમલમાં મૂકવામાં આવી છે.



## નારી ગૌરવ મહિલા શક્તિકરણ

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ 13,500 હજાર જેટલા સ્વસહાય જૂથોને લોન આપવાની કાર્યવાહી હાથ ધરવાની સાથે મહિલાઓના 1.13 લાખ જેટલાં સ્વસહાય જૂથોને આર્થિક રીતે સક્ષમ બનાવાયા છે. પાત્રતા ધરાવતી ગંગાસ્વરૂપા બહેનોને પ્રતિમાસ રૂ. 1250ની આર્થિક સહાય સીધી લાભાર્થીના ખાતામાં જમા કરવામાં આવી છે. જેન્ડર ઈક્વાલિટીની દિશામાં ગુજરાતનું આગે કદમ સમી વહાલી દીકરી યોજના અંતર્ગત રાજ્યમાં જન્મ લેતી દીકરીઓને નિયમ અનુસાર આર્થિક સહાય આપવામાં આવી છે. અનાથ, નિરાધાર તેમજ જાતિય શોષણનો ભોગ બનેલા બાળકોની સારસંભાળ અને સમાજમાં પુનઃસ્થાપનની કામગીરી માટે 2, ઑક્ટોબરના રોજ ગાંધી જન્મજયંતિ દિને પોરબંદરમાં રૂ. 4.26 કરોડના ખર્ચે તૈયાર થયેલી અતિઆધુનિક સુવિધાયુક્ત ચિલ્ડ્રન હોમ ફોર બોયઝનું નવનિર્મિત મકાન જનતાને સમર્પિત કરવામાં આવ્યું છે.

## સૌને આશરો, સૌને આવાસ

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અન્વયે 1.44 લાખ પાકા આવાસોનું નિર્માણ થઈ રહ્યું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત 22 હજાર નવા આવાસોના બાંધકામને મંજૂર કરાયા, 23 હજાર આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવી, 15,900 આવાસોની લાભાર્થીઓને ફાળવણી કરી દેવામાં આવી છે. અનુસૂચિત જાતિના 5,600 પરિવારોને ડો. આંબેડકર આવાસ યોજના અન્વયે આવાસોની સવલત પૂરી પાડવામાં આવી છે. અંબાજીમાં વિચરતી અને વિમુક્ત જાતિના 33 ભરથરી લાભાર્થીઓને વિના મૂલ્યે આવાસ-પ્લોટની ભેટ આપવામાં આવી છે. પંડિત દીનદયાળ આવાસ યોજના અન્વયે 22 હજારથી વધુ લાભાર્થીઓને આવરી લેવાયા છે. હળપતિ આવાસ યોજના અન્વયે 6,800 આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

## વંચિતો વિકાસની વાટે...

કોરોના કાળમાં માતા-પિતાનું છત્ર ગુમાવનારા બાળકોને પગભર બનાવવા માટે પાલક માતા-પિતા યોજના અંતર્ગત 1049 નિરાધાર બાળકોને મળતી પ્રતિ માસ સહાય સીધી તેમના બેન્ક ખાતામાં જમા કરાવવાની શરૂઆત થઈ છે.

રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગતાનું પ્રમાણપત્ર આજીવન એટલે કે લાઈફ ટાઈમ માટે માન્ય કરવાનો મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. દિવ્યાંગ વ્યક્તિઓને એસ.ટી. બસમાં મુસાફરી માટે મળતો પાસ પણ આજીવન ધોરણે માન્ય કરવામાં આવ્યો છે. દિવ્યાંગો માટે આશરે 2,980 કેમ્પ યોજી, ડિસેબીલિટી માટેના ઓળખ સર્ટિફિકેટ અપાયા. શૈક્ષણિક ઉત્કર્ષ માટે 7,882 દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવ્યો છે. બૌદ્ધિક અસમર્થતા ધરાવતી (મનોદિવ્યાંગ) અંદાજિત 6,396 જેટલી વ્યક્તિઓને આર્થિક સહાય આપવામાં આવી છે.



રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અન્વયે 8,642 જેટલા લાભાર્થીઓને પેન્શન સહાય આપવામાં આવી છે. શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના 38.63 લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવ્યો છે. અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના ધોરણ-1 થી 8 માં અભ્યાસ કરતા આશરે 46.97 લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવામાં આવી છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના બે લાખ અરજદારોને જાતિ પ્રમાણપત્ર આપવામાં આવ્યાં છે. આદિજાતિના ધોરણ 1 થી 8 માં અભ્યાસ કરતા 5.78 લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવામાં આવી છે.

પ્રિ મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની યોજનાઓ હેઠળ 8.60 લાખથી વધુ આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ અપાયો છે. આદિજાતિ વિસ્તારના બાળકોને ઘરઆંગણે શિક્ષણ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા રૂ. 60.29 કરોડના ખર્ચે ત્રણ છાત્રાલયોનું ખાતમુહૂર્ત કરી તેને ઝડપથી કાર્યાન્વિત કરવાની નેમ. સિંગવડ, ઈન્દુ, ચિંચલી, મહાલ અને ગારખડી ખાતે એકલવ્ય મોડેલ રેસીડેંસિયલ શાળાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. વન્ય અધિકાર અધિનિયમ અંતર્ગત 16,572 વનબંધુઓને જમીનના અધિકારો આપવામાં આવ્યા છે.

# શિક્ષિત ગુજરાત

વ્યાપક જનહિતને ધ્યાનમાં લઈને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ - 2022 મોકૂફ રાખવાનું મહત્ત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું એ પહેલાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદર્શી અને દ્રષ્ટિવંત માર્ગદર્શનથી અમદાવાદના સાયન્સ સિટી ખાતે આંતરરાષ્ટ્રીય સ્તરનું શૈક્ષણિક સંમેલન ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશનમાં શૈક્ષણિક ક્ષેત્રના 30 જેટલા એમ.ઓ.યુ. સંપન્ન થયા હતા તેમજ નવી શિક્ષણ નીતિના દિશાદર્શનનો રોડમેપ અને SSIP 2.0નું લોન્ચીંગ થયું.

દેશમાં એક માત્ર ગુજરાત સાથે જ સોશિયલ સેક્ટરનો અત્યાર સુધીનો વર્લ્ડ બેન્ક અને એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક AIIB, દ્વારા ફંડિંગ કરવામાં આવેલા સોશિયલ સેક્ટર ક્ષેત્રે દેશનો સૌથી મોટો પ્રોજેક્ટ મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ : વર્લ્ડ બેંકે 500 મિલિયન ડોલરનું ફંડ મંજૂર કર્યું. વધારાના 250 મિલિયન ડોલર સાથે વર્લ્ડ બેંક કુલ 750 મિલિયન ડોલર આપશે તથા AIIBના 250 મિલિયન ડોલર મળીને કુલ આ પ્રોજેક્ટ માટે 1 બિલિયન ડોલરનું ફંડિંગ ગુજરાતને મળશે : આગામી પાંચ વર્ષમાં શાળા શિક્ષણ ક્ષેત્રે રૂ. 10 હજાર કરોડ ખર્ચ કરાશે. મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત આગામી પાંચ વર્ષમાં 15,000 મોટી પ્રાથમિક શાળાઓ અને 5,000 માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક મળી કુલ 20,000 શાળાઓને અપગ્રેડ કરવાનું નક્કર આયોજન કરવામાં આવ્યું છે.

'કૌશલ્યા' ધ સ્કીલ યુનિવર્સિટી વિધેયક વિધાનસભામાં પસાર થયું જે અંતર્ગત અમદાવાદમાં 'કૌશલ્યા સ્કીલ' યુનિવર્સિટીની સ્થાપના કરાશે. સ્કીલ ઈન્ડિયા સાથે સ્કીલ ગુજરાત મિશનને સાકાર કરવાનો નવતર અભિગમ હાથ ધર્યો છે. ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન-DRDO અને ગુજરાત યુનિવર્સિટી વચ્ચે રૂ. 100 કરોડના ખર્ચે સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના માટે નવી દિલ્હી ખાતે MOU કરવામાં આવ્યા. આ સેન્ટર ભારતનું DRDO અનુદાનિત સાયબર સિક્યોરિટી ઉપર કામ કરતું એક માત્ર સંશોધન કેન્દ્ર બની રહેશે.

તાપીના ઉચ્છલમાં રૂ. 6.82 કરોડના ખર્ચે નવનિર્મિત સરકારી વિનિયન કોલેજ જનતાને સમર્પિત કરવામાં આવી છે. રાજ્યના વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયોને ગ્લોબલ અને નેશનલ રેન્કિંગમાં લાવવા કેવડિયા ખાતે શિક્ષણવિદોનું વિચારમંથન યોજાયું હતું. રાજ્યની યુનિવર્સિટીઓને વૈશ્વિક દરજ્જાની બનાવવા ચાર વર્ષનો રોડ મેપ તૈયાર કરવાનું નક્કર આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત 22 હજાર તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે રૂ. 75 કરોડની સહાય આપવામાં આવી છે.





## CM બન્યા સાચા અર્થમાં ગરીબોના બેલી

સૌના માટે વર્ષ 2022 સુધીમાં આવાસ આપવાનો લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરવાની સાચી દિશામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આગવી પરિણામલક્ષી સંવેદના દાખવી છે. મુખ્યમંત્રીશ્રીની જનહિતલક્ષી સુચનાનો સત્વરે અમલ કરીને માત્ર પાંચ દિવસના સમયગાળામાં રાજ્ય સરકારે વિચરતી વિમુક્ત જાતિના ભરથરી સમાજના લાભાર્થીઓને વિના મૂલ્યે આવાસના પ્લોટ મંજૂર કર્યા. ડિસેમ્બર 2021માં અંબાજીની પવિત્ર ભૂમિ પર ભરથરી સમાજના 33 લાભાર્થીઓને 80 ચોરસ મીટરના પ્લોટની સનદ મુખ્યમંત્રીશ્રીએ સુપરત કરી ત્યારે સમગ્ર ભરથરી સમાજ મનોમન મુખ્યમંત્રીશ્રીને હૃદયપૂર્વક આશીર્વાદ આપી રહ્યો હતો.

## મુખ્યમંત્રીશ્રીનો ગ્રામજનો માટે સંવેદનાસભર અભિગમ

રાજ્ય સરકારની યોજનાઓના લાભ નાગરિકોને આપવામાં એક સૂત્રતા જળવાય એ દિશામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સતત - સઘન ચિંતન કરે છે. વ્યાપક જનહિતને કેન્દ્રમાં રાખીને ગ્રામકક્ષાએ ઇ - ગ્રામ વિશ્વ ગ્રામ કેન્દ્રો દ્વારા આપવામાં આવતા આવકના દાખલાના પ્રમાણપત્રો પ્રતિવર્ષ મેળવવાના રહેતા હતા. સંવેદનાસભર અભિગમ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રથા બંધ કરીને આવકના દાખલાના પ્રમાણપત્રો ત્રણ વર્ષ સુધી માન્ય રાખવાનું ગ્રામ જનહિતલક્ષી મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ પગલાંના પરિણામે રાજ્યના લાભાર્થીઓને દર વર્ષે આવકના નવા પ્રમાણપત્રો મેળવવાની ઝંઝટમાંથી મુક્તિ મળી છે.

# ખુશહાલ ખેડૂત... હરિયાળું ગુજરાત...




કોરોના અને નવા વેરીયન્ટ ઓમિક્રોને માથું ઉચક્યું એ પહેલાં કૃષિ યુનિર્વસિટી, આણંદ ખાતે યોજાયેલા પ્રિ-વાઈબ્રન્ટ સમિટ પ્રસંગે લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશના 700થી વધુ કૃષિ વિજ્ઞાન કેન્દ્રોને ઓનલાઈન પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આણંદ ખાતે દેશની સર્વ પ્રથમ પ્રાકૃતિક ખેતીની રાષ્ટ્રીય પરિષદનું સફળ આયોજન સંપન્ન થયું.

ડાંગ જિલ્લાને 100 ટકા પ્રાકૃતિક ખેતી આધારિત જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવથી મગફળી, ડાંગર, મકાઈ અને બાજરીની સીધી ખરીદી માટે નોંધણી પ્રક્રિયાનો ઓક્ટોબર-2021માં પ્રારંભ કરાયો છે.

ખરીફ-2021 સપ્ટેમ્બર મહિનામાં પડેલા ભારે વરસાદથી ખેડૂતોને પાક નુકસાન સામે રાજ્ય સરકાર દ્વારા પ્રથમ તબક્કામાં રૂ. 546 કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું. ભારે વરસાદથી અસરગ્રસ્ત જામનગર, રાજકોટ, જૂનાગઢ અને પોરબંદર જિલ્લાના 22 તાલુકાના 662 ગામોને આ રાહત પેકેજ હેઠળ આવરી લેવામાં આવ્યાં. અસરગ્રસ્ત ગામોના જે ખેડૂતોના પાકને 33 ટકા કે તેથી વધુ નુકશાની હોય તેવા ખેડૂતોને વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર રૂ. 13,000ની સહાય ચૂકવાશે. રાહત પેકેજથી 2.82 લાખ અસરગ્રસ્ત ખેડૂતોને લાભ મળ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા અતિવૃષ્ટિના કારણે નવ જિલ્લાના ખેડૂતોને થયેલા નુકસાન પેટે બીજા તબક્કામાં રૂ. 531 કરોડનું રાહત પેકેજ જાહેર કરાયું છે. 37 તાલુકાના 1,530 ગામોના 5.06 લાખ ખેડૂતોને લાભ અપાયો છે. ખેડૂતોને 6,800 રૂપિયા પ્રતિ હેક્ટર લેખે મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં સહાય અપાઈ છે. અમદાવાદ, બોટાદ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, ભરૂચ, છોટાઉદેપુર, પંચમહાલ અને વડોદરા જિલ્લાના ખેડૂતોને આવરી લેવાયા છે.

ગાંધીનગર પાસે રૂ. 415 કરોડના ખર્ચે નિર્માણ પામેલા અમૂલ ફેડ ડેરીના ચાર અતિ આધુનિક નવા પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. મહેસાણા જિલ્લાના હિરપુરા ગામે સાબરમતી નદી પર રૂ. 214 કરોડના ખર્ચે સાકાર થનાર બેરેજનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે ખાતમુહૂર્ત કરાયું. 3.47 મિલિયન ઘનમીટરની ક્ષમતાના બેરેજથી ઉત્તર ગુજરાતના બે તાલુકાની 3,200 હેક્ટર જમીનને મળશે સિંચાઈ સુવિધા મળશે.

ખેડૂતોને સ્માર્ટ ફોન ખરીદીમાં સહાયનો ખેડૂતહિતલક્ષી નિર્ણય લેવાતા સ્માર્ટ ફોન ખરીદવા માટે ખેડૂતોને સ્માર્ટ ફોનની કિંમતના 10 ટકા અથવા રૂ. 1,500 સુધીની સહાય આપવામાં આવે છે. સહાયની રકમ સીધી ખેડૂતના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. રાજ્યના ખેડૂતોને આશરે 1.40 લાખ ક્વિન્ટલ બિયારણનું રાહત દરે વિતરણ કરવામાં આવ્યું છે તેમજ પ્રધાનમંત્રી કિસાન સન્માન નીધિ અંતર્ગત 10માં હપ્તામાં તારીખ 1-1-2022ના રોજ 57.49 લાખ ખેડૂત ભાઈઓના ખાતામાં સીધી રૂ. 1,199.60 કરોડની રકમ જમા કરવામાં આવી છે.

રાજ્ય સરકારે ખેડૂતહિતલક્ષી વધુ એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કરીને ખેડૂતોના ખેતરમાં ટ્રાન્સમિશન લાઈન તથા ટાવર ઊભા કરવાના કિસ્સાઓમાં ખેડૂતોને થતાં નુકશાનનું વળતર 7.5 ટકા અપાતું હતું તે વધારીને 15 ટકા કરતા ખેડૂતોને નોંધપાત્ર આર્થિક લાભ પ્રાપ્ત થયો છે. ગૌ-શાળા અને પાંજરાપોળને અદ્યતન બનાવવાની યોજના હેઠળ 141 ગૌ-શાળા અને પાંજરાપોળોને દેશી ગાયોના સંવર્ધન અને પંચગવ્ય પેદાશોના ઉત્પાદન થકી વપરાશ વધારવા માટે આર્થિક સહાય આપવામાં આવી છે. 46 હજાર જેટલા પશુ-પાલકોને ગાભણ પશુઓ માટે ખાણદાણની સહાય આપવામાં આવી છે.

રાજ્યના દેશી ગાય આધારીત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા આશરે 2.34 લાખથી વધુ ખેડૂતોને કુટુંબદીઠ એક દેશી ગાયની નિભાવણી માટે સહાય આપવામાં આવી છે. 11 લાખ ઘેટા-બકરાંઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. રાજ્યભરમાં આશરે

2,865 પશુ આરોગ્ય કેમ્પ યોજવામાં આવ્યા છે. 41.30 લાખ જેટલાં પશુઓને કૃમિનાશક સારવાર દ્વારા રક્ષણ અપાયું છે.

માછીમારોને તેમના વ્યવસાય માટે આશરે 60 હજાર ક્રેટ પૂરા પાડવામાં આવ્યા છે. રાજ્ય સરકાર માછીમારોની આર્થિક સહાય માટે પ્રતિબદ્ધ છે. અમરેલી અને ગીરસોમનાથ જિલ્લામાં અસરગ્રસ્ત માછીમારો માટે રૂ. 265 લાખનું માછીમાર રાહત પેકેજ જાહેર કરાયું છે.

ખેત જમીન વેચાણના તમામ કિસ્સામાં (ઓટો મ્યુટેશન) આપોઆપ ગામ નમુના નં. 6માં નોંધ થાય તેવી વ્યવસ્થા યોજવામાં આવી છે. નમુના નં. 6, 7 અને 8-અની ઓનલાઇન ડિજિટલી સાઇન્ડ અધિકૃત નકલ ઉપલબ્ધ બનાવાઇ છે. અત્યાર સુધી આ માટે તાલુકા / ગ્રામ ઇ-ધરા કેન્દ્રો પર જવું પડતું હતું તેના બદલે ઓનલાઇન ફી ભરેથી અધિકૃત ઓનલાઇન નકલો ઉપલબ્ધ કરવામાં આવી છે.

હુકમી નોંધ અને બેન્ક દ્વારા બોજા દાખલ તથા દુર કરવા અંગેની થતી નોંધો માટેની 135/ડી નોટિસની સમયમર્યાદા ઘટાડી 10 દિવસ કરવામાં આવી જેથી સંબંધિત પક્ષકારને રેવન્યુ રેકર્ડમાં અસર માટે વિશેષ રાહ નહીં જોવી પડે.






# ગુજરાતના શહેરો બનશે સ્માર્ટ સિટી

કોરોના સમયમાં 62 હજાર જેટલા નવા ઓળખાયેલા શેરી ફેરીયાઓને ફેરી પ્રમાણપત્ર અને ઓળખકાર્ડ આપવામાં આવ્યા. પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત 1.09 લાખ જેટલા શેરી ફેરિયાઓને બેંકો પાસેથી લોન આપવાની પરિણામલક્ષી કામગીરી કરવામાં આવી છે. અમદાવાદની અને સુરતની ફાઇનલ ટીપી સ્કીમ અને ભાવનગરની બે ડ્રાફ્ટ ટીપી સ્કીમ ઉપરાંત પાટણ વિસ્તારની એક પ્રિલિમનરી ટીપી સ્કીમને મંજૂરી આપવામાં આવી છે. આ ચાર શહેરોની આઠ ટાઉનપ્લાનીંગ સ્કીમ ઉપરાંત વડોદરા, અમદાવાદ અને સુરત ત્રણ શહેરોની વધુ છ ટાઉનપ્લાનિંગ સ્કીમ મળીને કુલ 18 ટીપી સ્કીમ મંજૂર કરવામાં આવી છે. સુરત, રાજકોટ અને ગાંધીનગર એમ ત્રણ મહાનગરોમાં કુલ રૂ. 607 કરોડના 124 વિકાસલક્ષી કામોના નિર્માણની મંજૂરી આપવામાં આવી છે. સુરતમાં ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટના 109 કામો માટે રૂ. 581.40 કરોડ ફાળવવામાં આવ્યા છે. રાજકોટમાં આઉટગ્રોથ વિસ્તારના 12 કામો માટે રૂ. 20.79 કરોડના કામો હાથ ધરાશે.

ક્લીન ઇન્ડિયા પ્રોગ્રામ અંતર્ગત રાજ્યના દરેક ગામો, નગરો અને શહેરોને સ્વચ્છ બનાવવાના અભિયાન અંતર્ગત સ્વચ્છ ભારત, સુંદર ભારત અમૃત 2.0 અંતર્ગત 31 અમૃત શહેરોમાં ભૂગર્ભ ગટર યોજનાના કામો અને રાજ્યના તમામ શહેરમાં પાણી પુરવઠાના કામોનો પરિણામલક્ષીતા સાથે આરંભ થયો છે.



સુરત મહાનગરમાં આકાર પામી રહેલા તાપી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના અમલીકરણ માટે તાપી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ.ની રચના કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત વાપી નગરને મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી), વાપી જૂથ પાણી પુરવઠા યોજના તેમજ ચાર રેલવે ઓવરબ્રિજના લોકાર્પણ અને ભૂમિપૂજન મળીને રૂ. 588 કરોડના લોકહિતના કામો જનતાને સમર્પિત કરવામાં આવ્યા છે.

અમદાવાદ મહાનગરમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ 90 કરોડ રૂપિયાના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવતા અમદાવાદનો સમગ્રતયા વિકાસ ટૂંક સમયમાં સાકાર થશે. કોરોનાના કેસ ફરી વધવાની શરૂઆત થઇ એ પહેલાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન, અમદાવાદ શહેરી સત્તા મંડળના રૂ. 711 કરોડના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું છે. પ્રદુષણ મુક્ત અને આધુનિકતાના સમન્વય સમાન રૂ. 100 કરોડના ખર્ચે વિકસાવાયેલી સ્થાનિક નવી ઈલેક્ટ્રિક બસો અમદાવાદ શહેરના નગરજનોની સેવામાં કાર્યરત કરવામાં આવી. રાજકોટના ગ્રામીણ વિસ્તારમાં રૂ. 4 કરોડના ખર્ચે નિર્મિત ત્રણ નવા માઇનોર બ્રીજ અને સરકારી હાયર સેકન્ડરી સ્કૂલ સહિત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરી સુવિધાના રૂ. 82 લાખના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકાઓમાં આશરે 3.03 લાખ ઘર વિહોણાઓની ઓળખ કરી તેમને શેલ્ટર હોમમાં આશરો આપી, સ્વરોજગારી માટેની તાલીમ આપવા સઘન અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

# પાણીનું પાણીદાર આયોજન


'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણીના ભાગરૂપે દેશની પ્રગતિ અને પ્રકૃતિમાં મહત્ત્વનુ યોગદાન આપતી નદીઓનું ગૌરવગાન અને સન્માન કરવાના હેતુથી નર્મદા, તાપી અને સાબરમતી નદીઓના કિનારે નદી ઉત્સવના આયોજનથી નદીઓના કિનારે વિસરાયેલી ભવ્ય સંસ્કૃતિને સજીવન કરવાનું પરિણામલક્ષી કામ કરવામાં આવ્યું છે. રાજ્યના નગરો-મહાનગરોમાં સૌને પીવાનું શુદ્ધ અને પુરતું પાણી મળી રહે તે માટે રાજ્યની છ નગરપાલિકાઓમાં કુલ રૂ. 63.37 કરોડના પાણી પૂરવઠાના વિવિધ કામોને મંજૂરી આપવામાં આવી છે. વડોદરા સાવલી-ડેસર અને કરજણ તાલુકાના કુલ 211 ગામો માટે રૂ. 364 કરોડની પાંચ નવી જૂથ પાણી પૂરવઠા યોજનાઓનું ખાતમુહૂર્ત કરાયું. આ યોજનાઓ સાકાર થતાં 4.35 લાખ ગ્રામીણ લોકોને પીવાનું શુદ્ધ પાણી પ્રાપ્ત થશે. બોટાદ, આણંદ, ગાંધીનગર, મહેસાણા, પોરબંદર જિલ્લાઓ પછી રાજ્યમાં સો ટકા 'નલ સે જલ' મેળવનાર છઠ્ઠો જિલ્લો વડોદરા બન્યો છે.

દૈનિક ધોરણે પીવાના પાણીનું વિતરણ કરવામાં આવતું ન હોય તેવી નગરપાલિકાઓમાં દૈનિક ધોરણે પીવાનું પાણી મળી રહે તે માટે તથા તમામ ઘરોને નળ મારફત પીવાનું પાણી મળી રહે તે માટે નક્કર કામગીરી હાથ ધરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યની બાવન નગરપાલિકામાં નલ સે જલ હેઠળ કરવાની થતી યોજનાઓ માટે લક્ષ્યાંક આપવામાં આવ્યો છે. જે પૈકી અત્યાર સુધીમાં 29 નગરપાલિકાઓ માટે રૂ. 366 કરોડની યોજનાઓને સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. કચ્છ શાખા નહેરની કામગીરીમાં રહેલી અનેક અડચણો દૂર કરી કુલ 358 કિ.મી. લંબાઈ પૈકીની મોટા ભાગની કામગીરી પૂર્ણ કરવામા આવી છે. જે પૈકી 284 કિ.મી. નહેરમાં સિંચાઈની સવલત પુરી પાડવામાં આવી છે. ઉત્તર ગુજરાતની નહેરોમા ઘણી સમસ્યાઓ હતી જેમાંથી મોટા ભાગની સમસ્યાઓ દૂર થતા 94 ટકા પિયત વિસ્તારમાં એટલે કે, 3.96 લાખ હેક્ટરમાં પાણી પહોચાડી શકાયું છે. ઉત્તર ગુજરાતમા વિલંબથી ચોમાસુ આરંભાતા લગભગ 2 લાખ હેક્ટર જેટલાં વિસ્તારમાં ખરીફ પાક સામે જોખમ ઊભું થયું હતું. 5 તાલુકાઓની પરિસ્થિતિ વિકટ બની ગઇ હતી. આ ઉપરાંત સરદાર સરોવર બંધમા જળસ્તર પણ ઘણું ઓછું હતું. આવા વિકટ સંજોગોમા પાણીના સુચારૂ વ્યવસ્થાપન થકી અછતનો સામનો કરી રહેલા વિસ્તારોને 15 ઓગસ્ટથી 25 સપ્ટેમ્બર સુધી પાણી આપી ખેડૂત ભાઇઓના મહામૂલા ખરીફ પાકને બચાવી લેવામાં આવ્યો છે.



# અસરગ્રસ્તોની પડખે અડીખમ સરકાર

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના મુખ્યમંત્રી તરીકેનો પદભાર સંભાળ્યાના પ્રથમ દિવસે જ સૌરાષ્ટ્ર અને ખાસ કરીને જામનગર અને રાજકોટ શહેર અને જિલ્લામાં ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિની સમીક્ષા કરવા ઉચ્ચ સ્તરિય બેઠક યોજી પાણીમાં ફસાયેલા લોકોના બચાવ અને રાહત કામગીરી માટે ત્વરીત પગલાં લીધાં. અસરગ્રસ્ત પરિવારો, પશુપાલકો માટે સહાયના ધોરણો વધુ ઉદાર બનાવી તેમને ઝડપથી બેઠા કરવા માટે પરિણામલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી. ઘરવખરી સહાયમાં રૂ. 3,200નો વધારો કરી પરિવાર દીઠ રૂ. 7,000 આપવાનો જનહિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો.



અસરગ્રસ્તોને સહાયમાં વધારો

વરસાદથી નાશ પામનાર ઝૂંપડાના કિસ્સામાં રૂ. 5,900નો વધારો કરી ઝૂંપડા દીઠ રૂ. 10,000 સહાયનો અમલ કરાયો. અંશત: નુકસાન પામેલા પાકા મકાનોની સહાય પેટે રૂ. 15,000 તેમજ અંશત: નુકસાન પામેલા કાચા મકાનોની સહાય માટે રૂ. 6,800નો વધારો કરવામાં આવ્યો. દુધાળા મોટા પશુ મૃત્યુ સહાય માટે પાંચ પશુ સુધી પશુદીઠ રૂ. 50,000ની સહાય અને ઘેટાબકરાં જેવાં દુધાળા નાના પશુના મૃત્યુના કિસ્સામાં પશુદીઠ રૂ. 5,000ની સહાય આપવાનો નિર્ણય લેવાયો છે.

# ઊર્જાવાન ગુજરાત

રાજ્યમાં કુટિર જ્યોતિ યોજના અંતર્ગત 19 હજારથી વધુ ઝૂંપડાઓને વીજ કનેકશન અપાયા છે. રાજ્યના આદિજાતિ, અનુસૂચિત જાતિ અને સાગરખેડુ વિસ્તારના કુલ 12,480 કૃષિ વિષયક કૂવાઓનું વીજ જોડાણ કરવામાં આવ્યું છે. કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત જામનગર અને જૂનાગઢ જિલ્લાના 220 કેવીના બે સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા છે.

દ્વારકા જિલ્લાના વાડીનાર ખાતે નયારા એનર્જીના પેટ્રોકેમિકલ્સ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરી આ વિસ્તારમાં ઊર્જાના નવા દ્વાર ખોલવાની દિશામાં આગેકદમ માંડવામાં આવ્યા છે. સૂર્ય ઊર્જા રુફ-ટોપ યોજના અંતર્ગત 40 હજારથી વધારે ઘરોમાં રુફ-ટોપ સોલર સિસ્ટિમ લગાવવા માટે સહાય આપવામાં આવી છે. ગુજરાત રાજયમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટરે રૂ. 7નો ઘટાડો કરવાનો જનહિતલક્ષી મહત્ત્વનો નિર્ણય કરી તેનો પરિણામલક્ષી અમલ કર્યો છે.



# માર્ગ નિર્માણ

સરખેજ ગાંધીનગર ચિલોડા નેશનલ હાઈવેના 44 કિ.મી લાંબા માર્ગ ઉપર વધુ એક ફ્લાય ઓવરબ્રિજ જનતાને સમર્પિત કરવામાં આવ્યો છે. ગોતા ફ્લાય ઓવરથી સોલા સાયન્સ સિટી ફ્લાય ઓવર સુધીના એલિવેટેડ કોરિડોરનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. 170 કરોડના ખર્ચે નવનિર્મિત 2.36 કિલોમીટર લાંબા એલિવેટેડ કોરિડોરના પરિણામે પરિવહન માટે વધુ સારી સવલતો ઉભી થઈ છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેનું અંતર ઘટાડતા તારાપુરથી વાસદ વચ્ચેના 48 કિલોમીટર લંબાઈના રૂ. 1,005 કરોડના ખર્ચે નવનિર્મિત સીક્સ લેન માર્ગ જનતાને સમર્પિત કરવામાં આવતા તારાપુરથી વાસદ માત્ર 35 મિનિટમાં પહોંચી શકાશે. રાજ્યના નગરોમાં વરસાદને કારણે નુકસાન પામેલા માર્ગોની મરામત, રીપેરીંગ, રીસર્ફેસીંગની કામગીરી સત્વરે હાથ ધરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કરી રૂ. 74 કરોડની રકમની તાત્કાલિક ધોરણે ફાળવણી કરવામાં આવી છે.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ગાંધીધામમાં ફ્લાય ઓવરબ્રીજ માટે રૂ. 59.25 કરોડની દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. ફાટકમુક્ત ગુજરાતની નેમ સાથે રેલવે ઓવરબ્રિજ અને અંડરબ્રીજના 30 કામો માટે રૂ. 890 કરોડના પ્રોજેક્ટસને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે માર્ગોની મરામત માટે 'અ' વર્ગની નગરપાલિકાઓને પાલિકા દીઠ રૂ. 75 લાખ, 'બ' વર્ગની પાલિકા દીઠ રૂ. 60 લાખ, 'ક' વર્ગની પાલિકા દીઠ રૂ. 45 લાખ, 'ડ' વર્ગની પાલિકા દીઠ રૂ. 30 લાખની ફાળવણી કરવામાં આવી છે.

ચોમાસા દરમિયાન બાળકોને શિક્ષણ સુવિધા મળી રહે તે માટે વધુ પાણી ભરાતા તમામ ગામોમાં રૂ. 1,000 કરોડથી વધુ રકમના નદી નાળા કોઝ-વેના સ્ટ્રકચર બનાવવાનો જનહિતલક્ષી નિર્ણય લઈ તેનો સુદ્રઢ અમલ કરવામાં આવ્યો છે. વડોદરા, સુરત, નવસારી અને ડાંગ જિલ્લામાં રૂ. 62 કરોડના ખર્ચે 11 જેટલા વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું છે. સુરતથી ભરુચના હાંસોટ- જંબુસર- ખંભાતને જોડતા નવા હાઈવેનું નિર્માણ કરવાનું જનહિતલક્ષી પગલું ભરાતા સૌરાષ્ટ્ર જવા માટે 100 કિ.મી.નું અંતર ઓછુ થઇ જતાં સમય અને ઈંધણની બચત થશે. હવે, તારાપુરથી વાસદ માત્ર 35 મિનિટમાં પહોંચી જવાશે.

# ઉદ્યોગ ક્ષેત્રે અગ્રેસર ગુજરાત

કોરોના અને ઓમિક્રોન વાયરસનો વ્યાપ રાજ્યમાં વધુ ન ફેલાય તેની સંપૂર્ણ તકેદારી રાખીને આ મહામારીનું સંક્રમણ વધે નહીં તેવા વ્યાપક જનહિતને કેન્દ્રમાં રાખીને તા. 10 થી 12 જાન્યુઆરી 2022 દરમિયાન યોજાનારી 10મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ મોકૂફ રાખવાનું મહત્ત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યુ છે. કોરોનાના કેસ વધતા પહેલાં 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'ની થીમ પર સુરતમાં 'વિવિંગ ગ્રોથ ફોર ટેક્ષટાઈલ' સમિટનું સફળ આયોજન સંપન્ન થયું હતું.

સમિટ મોકૂફ રાખવાનું મહત્ત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું એ પહેલાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ પૂર્વે અમેરિકા, યુકે, ફ્રાન્સ, દુબઈ, અબુધાબી તથા મીડલઈસ્ટના દેશોમાં સફળ રોડ શો યોજવામાં આવ્યા. જ્યારે જર્મની, નેધરલેન્ડ, જાપાન, અને સાઉથ કોરીયામાં વર્ચ્યુલી રોડ શો યોજવામાં આવ્યાં. આ ઉપરાંત સમિટ મોકૂફ રાખવાનો નિર્ણય લેવાયા પૂર્વે વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ VGGS-2022 અન્વયે કુલ 135 જેટલા MOU પર હસ્તાક્ષર થયા.

સર્વ સમાવેશક સર્વગ્રાહી વિકાસ થકી જનસુખાકારીમાં વધારો કરી રોજગારીનો વ્યાપ વધારવાના મક્કમ નિર્ધાર સાથે 'પ્રધાનમંત્રી ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન'નો રાજ્ય કક્ષાનો કાર્યક્રમ સંપન્ન થયો. સરકારના વિવિધ મંત્રાલયોની સામૂહિક શક્તિઓને જોડીને અધુરા પ્રકલ્પોને સત્વરે પુરા કરવાનો નવતર પંથ કંડારવામાં આવ્યો છે. ગુજરાતના વેપારીઓની સરળતા માટે તેમજ વ્યાપાર ધંધા રોજગારમાં વધારો થાય તેવા ઉમદા હેતુથી જીએસટી સુધારા વિધેયક બીલ વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવ્યું છે.

'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ના લક્ષ્યાંક સાથે ભાગીદારી નોંધણી સંબંધિત સમગ્ર પ્રક્રિયા સરળ બને અને નિયત સમય મર્યાદામાં પૂર્ણ થાય તેવા હેતુથી ભારતીય ભાગીદારી કાયદો 1932 સુધારા વિધેયક વિધાનસભામાં પસાર થતાં ભાગીદારી પેઢીની નોંધણીને લગતી સમગ્ર પ્રક્રિયાને કાયદાનો આધાર મળ્યો છે. ઔદ્યોગિક વસાહતોમાં 577 નવા ઔદ્યોગિક પ્લોટ અને શેડની ફાળવણી કરવામાં આવી છે : ઔદ્યોગિક વસાહતોમાં બિઝનેસ સપોર્ટ માટે ઈ-હરાજી દ્વારા 21 પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. દેશમાં વિકાસના રોલ મોડલ ગુજરાતની ગૌરવગાથામાં વધુ એક સિદ્ધિ ઉમેરાઇ છે. લોજિસ્ટીક્સ-માલ સામાનની સરળતાથી હેરફેરની કાર્યક્ષમતા LEADSમાં ગુજરાતે દેશભરમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે.

# દરેક હાથને કામ : યુવા વિકાસ

કોરોનાને કારણે સ્પર્ધાત્મક પરિક્ષાનું આયોજન ન થઈ શકવાથી યુવાનો નોકરીની તકથી વંચિત ન રહી જાય તેવા અભિગમ સાથે સરકારી નોકરીમાં ભરતી માટેની વયમર્યાદામાં 1 વર્ષની છૂટછાટ આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. નોકરી દાતા અને રોજગારવાંચ્છુ યુવાનો વચ્ચે સેતુરૂપ ‘અનુબંધમ પોર્ટલ’ અને મોબાઈલ એપ કાર્યરત કરવામાં આવી છે. હવે યુવાનો તથા નોકરીદાતાઓની સરળ અને ઝડપી નોંધણી શક્ય બની છે. લાયકાત અનુસાર રોજગારીની તકોનું મેચીંગ સરળ બન્યું છે. પોર્ટલ પરની મુખ્ય પ્રવૃત્તિઓને હાઈલાઈટ કરવા માટે ડેસબોર્ડ કાર્યરત કરાયું છે તેમજ રાજ્યના 56 હજાર યુવાનોને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવાઈ છે. તાજેતરમાં નવનિયુક્ત 1,300 જેટલાં સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરને નિમણૂકપત્રો આપવામાં આવ્યાં છે. રાજ્ય સરકાર દ્વારા ગો-ગ્રીન યોજનાના અસરકાર અમલ માટે મોબાઈલ એપ્લીકેશન અને પોર્ટલની શરૂઆત કરવામાં આવી છે. સંગઠિત ક્ષેત્રોના શ્રમયોગીઓને વાહનની કિંમતના 30 ટકા અથવા રૂ. 30,000ની મર્યાદામાં સબસીડી જ્યારે બાંધકામ ક્ષેત્રના શ્રમયોગીઓને વાહનની કિંમતના 50 ટકા અથવા રૂ. 30,000ની મર્યાદામાં સબસીડી આપવાની ગો-ગ્રીન યોજનામાં જોગવાઈ કરવામાં આવી છે.

ગરીબો અને શ્રમિકોના વિકાસ માટે વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને 59 હજારથી વધુ બાંધકામ શ્રમિકોને સ્માર્ટ-કાર્ડ આપવામાં આવ્યા છે. શ્રમિકોના ઉત્કર્ષ માટે 45 લાખ જેટલા શ્રમિકોની ઈ-શ્રમ પોર્ટલ હેઠળ નોંધણી કરવામાં આવી છે. કોરોના મહામારીનો કહેર વધ્યો એ પહેલા યોજાયેલા સુશાસન સપ્તાહ દરમિયાન અમદાવાદમાં રોજગાર નિમણૂકપત્રો તથા એપ્રેન્ટિસશીપ કરારપત્રોનું વિતરણ કરવામાં આવ્યું : એપ્રેન્ટિસ સ્ટાઈપેન્ડ રીએમ્બર્સમેન્ટ મોડ્યુલનો આરંભ કરાયો છે : આઈટીઆઈ સંસ્થાકીય સ્ટાઈપેન્ડનું ડિજિટલ ગુજરાત પોર્ટલ ઉપર લોન્ચિંગ કરાયું છે. અમદાવાદમાં આઈટીઆઈના નવનિર્મિત ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર રાજ્યના 33 સ્થળોએ એક સાથે ઈ-શ્રમકાર્ડનું ઐતિહાસિક વિતરણ થયું. રાજ્ય સરકાર દ્વારા ઈંટો પકવવાના વ્યવસાય સાથે સંકળાયેલા શ્રમજીવીઓના દૈનિક વેતનમાં સુધારો કરી લઘુત્તમ વેતન રૂ. 293 ચૂકવવાનો મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાતમાં વેતન ઉપરાંત જીવનનિર્વાહ આંક અનુસાર ખાસ ભથ્થું ચૂકવવામાં આવનાર છે. રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગનું નામ **‘શ્રમ કૌશલ્ય અને રોજગાર વિભાગ’** કરવામાં આવ્યું છે.





## આશાસ્પદ યુવા ટેનિસ પ્લેયર વિશેષની વહારે આવ્યા CM

રાજ્યના આશાસ્પદ યુવા ટેનિસ ખેલાડી વિશેષ પટેલે શક્તિદૂત યોજના અન્વયે સહાય પ્રાપ્ત કરવા દોઢેક વર્ષ પહેલા અરજી કરી હતી. પરંતુ યેન કેન પ્રકારેણ વિશેષને મળવા પાત્ર સહાય ઉપલબ્ધ થઇ ન હતી. વિશેષ પટેલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને આ સંદર્ભે રૂબરૂ મળીને રજૂઆત કરી. મુખ્યમંત્રીશ્રીએ માત્ર બે જ દિવસમાં શક્તિદૂત યોજના અન્વયે વિશેષને મળવા પાત્ર લાભ આપવાના સરકારી આદેશો કર્યા. વિશેષને મળવા પાત્ર સહાય ઉપલબ્ધ થતા આનંદવિભોર બનીને જણાવ્યું હતું કે, સૌમ્ય અને સરળ વ્યક્તિત્વ ધરાવતા આપણા મુખ્યમંત્રીશ્રીએ મારી રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય ટેનિસ કારકિર્દી માટેના દ્વાર ખોલી આપ્યા છે. આપણું સદભાગ્ય છે કે, આવા સંવેદનશીલ અને પરિણામલક્ષી કાર્ય કરતા મુખ્યમંત્રી ગુજરાતને સાંપડ્યા છે.

## શાંત, સલામત અને સુરક્ષિત ગુજરાત

ગૃહ વિભાગ હસ્તકની વિવિધ પોલીસ સંવર્ગની 27,847 જગ્યાઓ ભરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. રાજ્યના યુવાનોને કેફી દ્રવ્યોના નશાની ચુંગાલમાંથી મુક્ત કરવા અને કેફી દ્રવ્યોના પેડલરોને નેસ્તનાબૂદ કરવા રાજ્ય સરકારે આક્રમક પગલાં લીધા છે. કેફી દ્રવ્યો અંગે બાતમી આપનાર બાતમીદારો અને પોલીસ અધિકારી-કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા રાજ્યમાં સૌ પ્રથમવાર નાર્કો રિવોર્ડ પોલિસીનો સુદ્રઢ અમલ કરવામાં આવ્યો છે. ટ્રાફિક વ્યવસ્થાપન અને શોધખોળ માટે 10,000 બોડીવોર્ન કેમેરાથી સુરક્ષા કર્મીઓને સુસજ્જ કરવાની નેમ છે. ઓવર સ્પીડને કારણે બનતાં અકસ્માતો અટકાવવા 48 જેટલા ઈન્ટરસેપ્ટર વાહનો અને 42 હાઈ-વે પેટ્રોલ વાહનોથી પોલીસ તંત્રને સુસજ્જ કરવામાં આવ્યું છે. રાજ્યમાં NDPC એક્ટ અન્વયે નશાયુક્ત પદાર્થો અંગેના 141 કેસો કરીને 232 આરોપીઓને ઝડપી રૂ. 1,451 કરોડની કિંમતનો 55 હજાર કિલોગ્રામ મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. રાજયમાં નાગરિકો સાઈબર ફ્રોડના ભોગ ન બને અને સાઈબર ક્રાઈમ સામે જનજાગૃતિ લાવવાનું પરિણામલક્ષી પગલું ભરીને સાઈબર સેઈફ મિશન લોંચ કરવામાં આવ્યું છે.

# વન અને પર્યાવરણના જતનને પ્રાથમિકતા

રાજ્યમાં વાઈલ્ડ લાઈફનું વૈવિધ્ય જળવાઈ રહે તેમ જ તેનું જતન, સંવર્ધન, સંરક્ષણ થાય તેવા અભિગમ સાથે રાજ્ય સરકાર દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે તારીખ 2જી ઓક્ટોબરથી 8 ઓક્ટોબર સુધી રાજ્યવ્યાપી વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યના નગરો-મહાનગરોમાં વધુમાં વધુ વૃક્ષો વાવીને પર્યાવરણની જાળવણી થાય અને નાગરિકોને શુદ્ધ પ્રાણવાયુ મળે તે માટે ગ્રીનકવર વધારવા અમદાવાદના લાલબહાદુર શાસ્ત્રી તળાવ ખાતે નવનિર્મિત 'નરેન્દ્ર મોદી' વનમાં રેકોર્ડબ્રેક 71,000 વૃક્ષારોપણ કરીને પ્રકૃતિ પ્રેમ સાથે પ્રકૃતિના જતનનો મહત્ત્વપૂર્ણ સંદેશ આપવામાં આવ્યો. ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગની દોરીથી કોઇ અબોલ પશુ-પક્ષી ઘાયલ ન થાય તેની પૂરતી સતર્કતા સાથે તારીખ 10મી જાન્યુઆરીથી તારીખ 20મી જાન્યુઆરી, 2022 દરમિયાન રાજ્યવ્યાપી કરૂણા અભિયાનનો પરિણામલક્ષી અમલ કરવામાં આવ્યો. રાજ્યભરમાં 700થી વધુ પક્ષી નિદાન કેન્દ્રો, 620થી વધુ તબીબો, 6 હજારથી વધુ સેવાભાવી સ્વયંસેવકો 'કરૂણા અભિયાન'માં સહભાગી બન્યા હતા.



# સુદૃઢ પરિવહન સેવા

રાજ્યના પાલનપુર, અમરેલી અને ભરૂચમાં આધુનિક સુવિધાથી સજ્જ બસ સ્ટેશનોનું લોકાર્પણ તથા રાજ્યમાં નવા 13 બસ સ્ટેશનોના નિર્માણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ભુજ, સુરત, રાજકોટ, અમરેલી, કેશોદ, પોરબંદર, ભાવનગર અને અમદાવાદમાં રિજીયોનલ એર કનેક્ટિવિટીની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં અમદાવાદ અને સુરતથી પાંચ નવી હવાઈ સેવાઓ શરૂ કરવાનો મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. આંતરરાજ્ય હવાઇ સેવા માટે સુરતથી અમદાવાદ, ભાવનગર, રાજકોટ અને અમરેલી આ ચાર સેક્ટર્સમાં દૈનિક ફ્લાઈટ શરુ કરવામાં આવશે. નવલખી બંદરની માલ પરિવહન ક્ષમતામાં સાત મિલિયન મેટ્રિક ટનનો વધારો કરતી નવી જેટીનું ભૂમિપૂજન કરવામાં આવ્યું છે. ડિસેમ્બર, 2021માં એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) પરના મૂલ્યવર્ધિત વેરાના દરમાં પાંચ ટકા અને જાન્યુઆરી, 2022માં 20 % નો ઘટાડો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આમ એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) પરના મૂલ્યવર્ધિત વેરાના દર કુલ 30 ટકા પૈકી હવે ગુજરાતમાં માત્ર 5 % જ મૂલ્યવર્ધિત વેરો ભરવાનો થાય છે.



# સુખ, સમૃદ્ધિ અને સુવિધાથી સંપન્ન ગ્રામજીવન

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત 'આત્મનિર્ભર ગ્રામ યાત્રા'નું સફળ આયોજન કરવામાં આવ્યું. વિવિધ વિભાગોના કુલ રૂ. 1,577 કરોડથી વધુના ખર્ચે 42,950 જેટલાં વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું હતું. 1,92,575થી વધુ લાભાર્થીઓને લોન સહાય ચેકનું વિતરણ કરવામાં આવ્યું. તેમજ 3,570 જેટલા કેમ્પો અને 2070 જેટલી શિબિરો, વર્કશોપ, સ્પર્ધાઓનું નક્કર આયોજન કરવામાં આવ્યું છે. ગાંધી જયંતિ નિમિત્તે રાજ્યભરની 14,250 ગ્રામપંચાયતોમાં 'ખાસ ગ્રામસભાઓ'નું આયોજન કરાયું. ગ્રામસભાઓમાં જળજીવન મિશન, સ્વચ્છતા અંગે જનજાગૃતિ, કોવિડ-19 વેક્સિનેશન માટે જાગૃતિ અને વતનપ્રેમ યોજના સહિત 15માં નાણાપંચની કુલ રૂ. 5,597 કરોડના અનુદાનના કામોનું ચોક્કસ માર્ગદર્શન આપી ગામડાંઓ સુસજ્જ કરાયા છે.

ડિજિટલ ગુજરાત અન્વયે ગ્રામ્ય કક્ષાએ તલાટી કમ મંત્રી દ્વારા ઈ-ગ્રામ વિશ્વગ્રામ કેન્દ્ર પરથી આપવામાં આવતા આવકના પ્રમાણપત્રોની સમયમર્યાદા 1 વર્ષથી વધારીને 3 વર્ષ કરવાનો જનહિતલક્ષી નિર્ણય કરાયો છે. ગ્રામ્ય વિસ્તારના લાખો લાભાર્થીઓને સરકારી યોજનાનો લાભ મેળવવામાં સરળતા થઇ છે. 1,000 કિલોમીટર જેટલા કાચા ગ્રામ્ય માર્ગો ડામરથી રીસર્ફેસીંગ કરાયા છે. ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતા સફાઈ અભિયાન, શૌચાલય શોષ ખાડા મરામત, ગોબર ધન, ઘનકચરા નિકાલ વ્યવસ્થા માટે રૂ. 142 કરોડના ખર્ચે વિવિધ કામોનો પરિણામલક્ષી અમલ કરવામાં આવ્યો છે. મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત 12,000થી વધુ ગ્રામ પંચાયતોમાં 23 હજાર વિકાસલક્ષી કામોનો પ્રારંભ કરી 96.42 લાખ માનવ દિન રોજગારીનું નિર્માણ કરવામાં આવ્યું છે. ગ્રામ્ય વિસ્તારમાં પ્રજાનાં પ્રશ્નોનો નિકાલ કરવા માટે અંદાજે 600 રાત્રિસભાઓ યોજવામાં આવી છે. 15માં નાણાપંચ અંતર્ગત 45 હજાર જેટલાં જનહિતના કાર્યો હાથ ધરવામાં આવ્યાં છે. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન(NRLM) હેઠળ 1.13 લાખ સ્વ-સહાય જૂથોને આર્થિક રીતે સક્ષમ બનાવાયા. નવા 20,800 સ્વ-સહાય જૂથોની રચના કરવામાં આવી છે. વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત ન્યૂનતમ જરૂરિયાતના સ્થાનિક મહત્ત્વ ધરાવતા ખૂટતી કડીરૂપ સામૂહિક વિકાસના પાયાની સુવિધાવાળા સી.સી.રોડ, પેવર બ્લોક, શાળાના કામો, આંગણવાડીના કામો, પાણીના કામો, સફાઈના કાર્યો વગેરે જેવા 16,400થી વધુ જનહિતલક્ષી કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે. ●

### ૧૨૧ દિવસ કિસાન કલ્યાણના

# ખેડૂતો-પશુપાલકોના આર્થિક ઉત્થાન માટે 'ટીમ ગુજરાત'ની યશસ્વી કામગીરી




દિલીપ ગજ્જર

રાજ્યના ખેડૂતો અને પશુપાલકોના આર્થિક ઉત્થાન માટે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાતે માત્ર ૧૨૧ દિવસના સુશાસન અંતર્ગત જનસેવાની પરિશ્રમયાત્રા દરમિયાન ખેડૂતો અને પશુપાલકો માટે અનેકવિધ મહત્ત્વના નિર્ણયો કર્યા છે. રાજ્ય સરકારે છેલ્લા બે દાયકાથી જ્યારે જ્યારે કુદરતી આપદા આવી ત્યારે ત્યારે ખેડૂતો સાથે ખભેખભો મિલાવીને તેમનું બાવડું પકડીને બેઠા કરવાનો અપ્રતિમ પ્રયાસ કર્યો છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત આયોજન અને અસરકારક કામગીરીના પરિણામે આજે ગુજરાતના ખેડૂતો આર્થિક રીતે વધુ સધ્ધર બન્યા છે.

૧૨૧ દિવસ દરમિયાન રાજ્ય સરકારે કરેલી કામગીરી અંગે કૃષિ પશુપાલન અને ગૌ સંવર્ધન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ જણાવ્યું હતું કે, રાજ્યમાં ચાલુ વર્ષે સપ્ટેમ્બર માસ દરમિયાન થયેલા ભારે વરસાદથી થયેલા પાક નુકસાન અન્વયે પ્રથમ તબક્કામાં ચાર જિલ્લા (જામનગર, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ) ના ૨૩ તાલુકાનાં ૬૮૨ ગામોના ખેડૂતોને મદદરૂપ થવા માટે કુલ રૂ. ૫૪૭ કરોડનુ માતબર સહાય પૅકેજ જાહેર કરાયું હતું, જે અન્વયે આજદિન સુધી ૨.૨૧ લાખ ખેડૂતોને રૂ. ૪૪૨.૩૧ કરોડનું ચુકવણું કરી દેવામાં આવ્યું છે, જ્યારે બીજા તબક્કામાં નવ જિલ્લાઓ (અમદાવાદ, અમરેલી, ભરૂચ, ભાવનગર, બોટાદ, છોટાઉદેપુર, પંચમહાલ અને વડોદરા)ના ૩૭ તાલુકાઓનાં ૧૫૩૦ ગામોના ખેડૂતોને મદદરૂપ થવા માટે કુલ રૂ. ૫૩૧ કરોડનું સહાય પૅકેજ જાહેર કરવામા આવ્યું છે.

પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારે સઘન આયોજન કર્યું છે. આગામી સમયમાં રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ૧૦૦ કરોડનું ફંડ આપવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું છે, જે અંતર્ગત આગામી દિવસોમાં ગ્રામ્યકક્ષાએ ખેડૂત તાલીમ કાર્યક્રમો, કૃષિ શિબિરો, ગુણવત્તા ચકાસણી લૅબોરેટરી, માસ્ટર ટ્રેનર્સની સુવિધાઓ વિકસાવાશે. આ સમયમાં ડાંગને સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ કરતો જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન હેતુ મોબાઈલ ઍપ્લિકેશન ઈ-રિક્ષા લૉન્ચ કરવામાં આવી છે. જેથી પ્રાકૃતિક ઉત્પાદનને મોટું બજાર મળી રહે

વડાપ્રધાનશ્રીએ PM-KISAN યોજનાના 10મા હપ્તા પેટે દેશના 10.09 કરોડ લાભાર્થી ખેડૂત પરિવારોને રૂ. 20,000 કરોડ પૈકી રાજ્યના 57.48 લાખ પરિવારોને રૂ.1149 કરોડની રકમ સીધી તેમના બૅન્ક ખાતામાં હસ્તાંતરિત કરવામાં આવી છે. તે ઉપરાંત રાજ્યમાં ખરીફ-૨૧ માટે કુલ ૧૨૭ ખરીદ કેન્દ્રો ખાતેથી કુલ ૪૨,૮૧૮ ખેડૂતો પાસેથી કુલ ૮૦૭૬૨.૫૮ મે.ટન મગફળી તથા અન્ય કઠોળની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે, જેનું મૂલ્ય કુલ રૂ.૪૪૮.૩૦ કરોડ થાય છે. જ્યારે રાજ્ય સરકાર દ્વારા કૃષિક્ષેત્રે વિકાસ મેપે "એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ - એન્ટરિંગ ઈન ન્યુ એરા ઑફ કો-ઑપરેશન" વિષય પર આણંદ ખાતે પ્રિ-વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૧નું આયોજન કરવામાં આવ્યું હતું. સમિટના ઉદ્ઘાટન પ્રસંગે રૂ. ૨૩૭૭ કરોડના નવ એમઓયુ કરવામાં આવ્યા હતા તેમજ પ્રાકૃતિક ખેતી વિષય પરના રાષ્ટ્રીય સંમેલનમાં પાંચ હજાર કરતાં વધુ ખેડૂતો, ખેડૂત સંગઠનો, સહકારી સંસ્થાઓ, ૧૫૦૦ કૃષિ વૈજ્ઞાનિકો, વિદેશી આમંત્રિતો અને ૧૦૦ જેટલા એગ્રો પ્રોસેસિંગ સાથે જોડાયેલી વ્યક્તિઓએ ભાગ લીધો હતો.

રાજ્ય સરકાર દ્વારા સુશાસન સપ્તાહ ઉજવણી અંતર્ગત રાજ્યના તમામ જિલ્લાઓમાં ખેડૂતલક્ષી કાર્યક્રમ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ખેડૂતલક્ષી પ્રાકૃતિક ખેતી અંગેનું નિદર્શન, શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર વિતરણ તથા પશુઆરોગ્ય મેળાનું આયોજન, વિવિધ કૃષિલક્ષી યોજનાઓના મંજૂરી હુકમ વિતરણ તેમજ તમામ જિલ્લાઓમાં વિનામૂલ્યે છત્રીઓનું મંત્રીશ્રીઓ સહિત વિવિધ મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં તમામ જિલ્લાઓના કુલ ૩૨૧૭૯ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રાજ્યમાં જુદી જુદી યોજના

હેઠળ કૃષિ, બાગાયત તેમજ પશુપાલક એમ કુલ ૮૧૭૭ લાભાર્થીઓને અંદાજિત કુલ રકમ રૂ. ૧૫૯૧.૧૪ લાખની રકમની સહાય/ મંજૂરીપત્રોનુ વિતરણ કરવામાં આવ્યું હતું.

વન્ય પ્રાણીઓ દ્વારા રાજ્યના ખેડૂતોના પાકને થતું નુકસાન અટકાવવા તેમના ખેતરની ફરતે લોખંડના કાંટાળા તારની વાડ બનાવવા માટે રાજ્ય સરકાર ખેડૂતોને વિશેષ રક્ષણ પૂરુ પાડી રહી છે, જે અંતર્ગત ખેતરની ફરતે લોખંડના કાંટાળા તારની વાડ બનાવવા માટે પ્રતિ રનિંગ મીટર રૂ. ૨૦૦ અથવા થનાર ખર્ચના ૫૦ ટકા બંનેમાંથી જે ઓછું હોય તે મળવાપાત્ર થાય છે. કાંટાળા તારની વાડ બનાવવા માટે ખેડૂત/ખેડૂત જૂથે તેઓની અરજીઓનું ક્લસ્ટર બનાવી I-KHEDUT પોર્ટલ પર ઑનલાઈન અરજી કરવાની હોય છે. તમામ કેટેગરીના ખેડૂતો માટે ઓછામાં ઓછો ૫ હેક્ટરનો વિસ્તાર જરૂરી છે. I-KHEDUT પોર્ટલ પર આવી કુલ ૪૮,૦૫૩ અરજીઓ મળી હતી, જેમાંથી બાકી રહેલા ૨૧,૧૬૭ ખેડૂત/ખેડૂત જૂથની અરજીઓને આજે ડ્રો દ્વારા કાંટાળા તારની વાડ બનાવવાનો લાભ આપવા પસંદ કરવામાં આવશે. I-KHEDUT પોર્ટલ પર મળેલી અરજીઓ પૈકી અગાઉ ૫,૭૫૩ ખેડૂતોને તારની વાડ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. તે ઉપરાંત ૪૫૦૦ને વર્ક ઑર્ડર આપવામા આવ્યો અને ૧ હજાર લોકોએ કામ શરૂ કરી દીધા છે.

રાજ્યના પશુપાલકોને સહાયરૂપ થવા રાજ્ય સરકારે અનેકવિધ પગલાંઓ લીધાં છે. રાજ્ય સરકાર દ્વારા ગુડ ગવર્નન્સ સપ્તાહની ઉજવણી દરમિયાન કૃષિ, ખેડૂતકલ્યાણ અને સહકાર વિભાગ હેઠળના પશુપાલન પ્રભાગ દ્વારા યશસ્વી કામગીરી કરવામાં આવી હતી.

રાજ્યભરમાં કુલ ૧૩૫૭ પશુઓમાં બ્રુસેલ્લોસીસ રોગપ્રતિકારક રસીકરણ કરવામાં આવ્યું. જૂનાગઢ જિલ્લામાં રૂ. ૧૦ લાખના ખર્ચે દૂધઘરના એક મકાનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. રૂ. ૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલું પશુ દવાખાનું સોજિત્રા, જિ. આણંદનું લોકાર્પણ કરવામાં આવ્યું. રાજ્યના કુલ ૩૫૩ પશુપાલકોને કિસાન ક્રેડિટ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું. ૬૪ MAITRI (મલ્ટિ-પર્પઝ આર્ટિફિસિયલ ઇન્સેમિનેશન ટેક્નિશિયન ઇન રૂરલ ઇન્ડિયા) કાર્યકરોને કિટ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યાં. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત યોજાયેલી આત્મનિર્ભર ગ્રામયાત્રા હેઠળ કુલ ૧૦૦ દૂધઘર/ગોડાઉનનું ખાતમુહૂર્ત, કુલ ૩ પશુદવાખાનાંનાં મકાનોનું લોકાર્પણ, ઘનિષ્ઠ પશુસુધારણા યોજના હેઠળનાં કુલ ૧૦ ઉપકેન્દ્રોનાં કામોનું ખાતમુહૂર્ત, ૧૨ દુધાળાં પશુના ડેરી ફાર્મ/બકરાં એકમ/વિદ્યુત સંચાલિત ચાફકટર/કૅટલશેડ બાંધકામ સહાયના કુલ ૧૬૫ લાભાર્થીઓને પ્રતીકાત્મક ચેકવિતરણ કરવામાં આવ્યું. પશુપાલકોના ગાભણપશુઓ માટે ખાણદાણ સહાય યોજનામાં રૂ. ૨૩૨૬.૦૫ લાખના ખર્ચે ૫૦,૨૯૩ પશુપાલક લાભાર્થીઓને દાણ વિતરણ કરવામાં આવ્યું. ભારત સરકારના "રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળ" મળેલી સહાયથી ફ્રોઝન સિમેનસ્ટેશન પાટણ ખાતે તૈયાર થયેલા "સેક્સ સીમેન લૅબોરેટરી"નું ઈ-લોકાર્પણ કરાયું. આ લૅબોરેટરીમાં ઉત્પાદિત થનાર સિમેન ડોઝના ઉપયોગ થકી ૮૫થી ૯૦ ટકા વાછરડીઓ અને પાડીઓનો જન્મ થશે અને રાજ્યમાં પશુપાલન વ્યવસાય આગામી દિવસોમાં વધુ નફાકારક બની રહેશે.

બાગાયત ખાતાના "કેનિંગ અને કિચન ગાર્ડન સેન્ટરો" ખાતે "અર્બન હોર્ટિકલ્ચર ડેવલપમેન્ટ સેન્ટર" તરીકેની તાલીમ આપવા માટે રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ઑનલાઈન માધ્યમથી કુલ ૧૪૯૫ તાલીમાર્થીઓને તાલીમ આપી યોજનાનું સમગ્ર રાજ્યમાં અમલીકરણ શરૂ કરવામાં આવ્યું, જેના દ્વારા શહેરી વિસ્તારમાં





પોતાના ઘરની આજુબાજુની ખુલ્લી જગ્યામાં કિચન ગાર્ડન, હર્બલ ગાર્ડન, રૂફટૉપ ગાર્ડન, બાલ્કની ગાર્ડન દ્વારા બાગાયતી પેદાશનુ ઉત્પાદન કરી પોતે ઉપયોગ કરી પોષણ અને સ્વાસ્થ્યની જાળવણી કરવા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. બાગાયત ખાતા દ્વારા રાજ્યમાં રોડસાઈડ ખુલ્લામાં ફળ- શાકભાજીનું વેચાણ કરતા નાના વેચાણકારોને ફળ અને શાકભાજીનો બગાડ અટકાવવા, ગરમીથી રક્ષણ મળે, વજનમાં ઘટ ન આવે તે હેતુસર વિનામૂલ્યે ૩૦,૦૦૦ લાભાર્થીઓને રૂ. ૬.૦૬ કરોડના છત્રી/શેડ કવર પૂરાં પાડવાનો લક્ષ્યાંક નિયત કરવામાં આવેલો, જે અંતર્ગત રાજ્યના ૩૦,૦૦૦ લાભાર્થીઓને વિતરણ કરી ૧૦૦% સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. ●

# GIDMને સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર એનાયત




આપત્તિ વ્યવસ્થાપનમાં દેશમાં વ્યક્તિગત તથા સંસ્થાગત સ્તરેથી અમૂલ્ય યોગદાન તેમજ નિ:સ્વાર્થ સેવા કરનારને ઉચિત ઓળખ અને સન્માન પ્રાપ્ત થાય તે હેતુસર ભારત સરકાર દ્વારા પ્રતિવર્ષ ૨૩ જાન્યુઆરીના રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિના દિને 'સુભાષચંદ્ર બૉઝ આપદા પ્રબંધન પુરસ્કાર' એનાયત કરવામાં આવે છે. વર્ષ-૨૦૨૨ માટે સંસ્થાની શ્રેણી માટે ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ'(GIDM) ની પસંદગી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ સન્માન અંતર્ગત સંસ્થાને રૂ.૫૧ લાખ રોકડ રકમ તથા પ્રમાણપત્ર તથા વ્યક્તિગત શ્રેણીમાં રૂ.૫ લાખની રોકડ રકમની સાથે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે.

ચાલુ વર્ષના પુરસ્કાર માટે ૧ જુલાઈ, ૨૦૨૧થી નામાંકન (નોંધણી) આમંત્રિત કરવામાં આવ્યા હતા. વર્ષ-૨૦૨૨માં આ પુરસ્કાર સંદર્ભે પ્રિન્ટ-ઇલેક્ટ્રોનિક તથા સોશ્યિલ મીડિયાના માધ્યમથી વ્યાપક પ્રચાર-પ્રસાર પણ કરવામાં આવ્યો હતો. જેની ફલશ્રુતિરૂપે ૨૪૩ની સંખ્યામાં અલગ-અલગ સંસ્થાઓ અને વ્યક્તિવિશેષના નામાંકન પ્રાપ્ત થયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (GIDM) એટલે કે ગુજરાત આપત્તિ નિયમન સંસ્થાની સ્થાપના વર્ષ-૨૦૧૨માં ગુજરાતમાં ડિઝાસ્ટર રિસ્ક રીડક્શન (આપત્તિથી ન્યુનતમ જોખમ) થાય તે માટે કરવામાં આવી હતી. વળી, શ્રેણીબદ્ધ કૌશલ્ય નિર્માણ તાલીમ અને કાર્યક્રમોનું વ્યૂહાત્મક રીતે આયોજન કરીને GIDMને રોગચાળા, દુર્ઘટનાઓ સહિતના વિવિધ વિષયો અંગે સક્ષમ બનાવવામાં આવી હતી.

ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (GIDM) દ્વારા અવિરતપણે આપત્તિ વ્યવસ્થાપન માટે મુખ્ય છ બાબતો : ટ્રેનિંગ એન્ડ કેપેસીટી બિલ્ડીંગ, ઍપ્લાઈડ રિસર્ચ, એકેડેમિક પ્રોગ્રામ, ડોક્યુમેન્ટેશન, કન્સલ્ટન્સી તથા સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને કામગીરી કરવામાં આવી છે. GIDM દ્વારા રિસ્ક મેનેજમેન્ટ, કલાઈમેટ એક્શન અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટના વિષયો ઉપર "સેન્ડાઈ ફ્રેમવર્ક ઓફ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન", સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ, ગ્લોબલ ક્લાઈમૅટ એક્શન એગ્રીમેન્ટ એન્ડ કમિટમેન્ટ તથા માન. વડાપ્રધાનશ્રીના ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટના નેશનલ અને સ્ટેટ લેવલ પોલીસીના ૧૦-પોઇન્ટ એજન્ડા ઉપર ભરપૂર પ્રયાસો અને કામગીરી કરવામાં રહી છે.

એકતરફ જયારે વર્ષ-2021માં દેશ પૂર્ણ કે આંશિક લોકડાઉનમાં હતો ત્યારે, GIDMએ સિફતપૂર્વક "ન્યુ નોર્મલ"ની સ્થિતિ પ્રાપ્ત કરી લઈને ૮૦ મલ્ટી-સેકટોરીઅલ ટ્રેનિંગ પ્રોગ્રામ આયોજિત કરવાની સાથે ૧૨,૧૨૩ લોકોને કોવિડ-૧૯ તથા અન્ય જોખમો સામે લડવા તાલીમબદ્ધ કર્યા હતા. "ગુજરાત ફાયર સેફટી કોમ્પ્લાયન્સ પોર્ટલ" અને કોવિડ-૧૯ના એકીકૃત નિરીક્ષણના હેતુસર "એડવાન્સડ કોવિડ-૧૯ સિન્ડ્રોમીક સર્વેલન્સ"(ACSyS) નામક મોબાઈલ એપને પણ આ સંસ્થા દ્વારા વિકસિત કરવામાં આવી છે. આ સંસ્થાએ "ધ બે ઓફ બંગાળ ઈનિટીએટીવ ફોર મલ્ટી-સેકટોરીયલ ટેક્નિકલ એન્ડ ઇકોનોમિક કોર્પોરેશન (BIMSTEC)ના સભ્ય દેશોને તાલીમ તથા કૌશલ્ય નિર્માણની તાલીમ આપી હતી. અત્રે નોંધનીય છે કે, GIDM દ્વારા 5 કલાકનો આપત્તિ વ્યવસ્થાપનનો એક મૂળભૂત ઈ-કોર્સ પણ તૈયાર કરાયો છે, જે DIKSHA ઉપર નિ:શુલ્ક ઉપલબ્ધ છે. ●



### રાજ્યના ગૃહ વિભાગની નવતર પહેલ

# વિડીયો સિરીઝથી પોલીસ ભરતીનું માર્ગદર્શન



યુવાઓને સરકારી સેવાઓમાં જોડવા રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર સાથે ભરતી પ્રક્રિયાઓ હાથ ધરી છે. ગુજરાત સરકારે ભરતી માટે વાર્ષિક કેલેન્ડર મુજબ ભરતી પ્રક્રિયાઓ હાથ ધરીને અનેક યુવાનોને સરકારી ભરતી સંદર્ભે સેવાઓ પૂરી પાડી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગૃહ વિભાગ દ્વારા પોલીસની ભરતી સંપૂર્ણ પારદર્શક રીતે યોજવા માટેની નવતર પહેલ હાથ ધરાઈ છે. તાજેતરમાં ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ ગાંધીનગરમાં પોલીસ ભરતી સંદર્ભે ઉમેદવારોને માર્ગદર્શન મળી રહે તે માટે તૈયાર કરેલી વિડીયો સીરિઝને લોકાર્પિત કરી.

રાજ્ય સરકાર પોલીસની ભરતી સંપૂર્ણ પારદર્શક રીતે યોજવા કટિબદ્ધ હોવાનું જણાવી ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ કહ્યું કે, ઉમેદવારોને પરીક્ષા અંગે સચોટ માર્ગદર્શન મળી રહે એ માટે ગુજરાત પોલીસ દ્વારા આ વિડીયો સીરિઝ તૈયાર કરવામાં આવી છે. જેમાં ઉમેદવારો કોઇપણ અફવા અને લે-ભાગુ તત્વોના ચુંગાલમાં ન ફસાય અને પોતાના ધ્યેય પર મક્કમ રહે તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ અને લોકરક્ષક ભરતી બોર્ડના અધ્યક્ષના માર્ગદર્શન હેઠળ છેલ્લી એલ.આર.ડી. અને પી.એસ.આઇ. પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલા ઉમેદવારોના મંતવ્ય, ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓના મંતવ્ય, પોલીસ દ્વારા ચલાવાતા વિવિધ પરીક્ષા માર્ગદર્શન કેન્દ્રો અને વિવિધ ઉમેદવારોના મંતવ્યને પણ સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. ગૃહ વિભાગમાં વિવિધ સંવર્ગો માટે આગામી સમયમાં નવી ભરતી પ્રક્રિયાઓ હાથ ધરવાનું રાજ્ય સરકારનું નક્કર આયોજન છે.

ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ગુપ્તાએ જણાવ્યુ કે, ગૃહ મંત્રીશ્રીએ ગૃહ વિભાગને નવી દિશા, નવી ઊર્જા અને નવો ઉત્સાહ પૂરો પાડીને લાંબા ગાળાના લાભો રાજયના નાગરિકોને મળે તે માટે સતત પ્રયાસો આદરવામાં આવ્યા છે તે પૈકી પ્રથમ મણકો આ માર્ગદર્શક સીરિઝ દ્વારા કરાયો છે.

રાજયના ડી.જી.પી. શ્રી આશિષ ભાટીયાએ જણાવ્યું હતું કે, ગૃહ વિભાગ દ્વારા પોલીસ ભરતીની પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શી રીતે યોજાઇ રહી છે. આગામી સમયમાં પણ નવી ભરતીઓ હાથ ધરવામાં આવનાર છે. રાજયમાં વર્ષ ૨૦૧૦થી આજદિન સુધી તબક્કાવાર વિવિધ સંવર્ગની ભરતીઓ હાથ ધરાઈ છે. પરીક્ષા પદ્ધતિમાં પણ સમયાનુસાર બદલાવ કરીને ટેક્નોલોજિના માધ્યમ દ્વારા પરીક્ષાઓ યોજવામાં આવી રહી છે.

પી.એસ.આઇ. ભરતી બોર્ડના ચેરમેન શ્રી વિકાસ સહાયે પોલીસ સંરક્ષક અને લોકસંરક્ષક દળની ભરતી પ્રક્રિયાના માર્ગદર્શન માટે તૈયાર કરવામાં આવેલી ડોકયુમેન્ટ્રીની વિગતો આપતા કહ્યું હતું કે, યુવાનોને આ ઉપક્રમ ઉપયોગી બની રહેશે. પી.એસ.આઇ. સંવર્ગની ભરતી માટે ૪.૫ લાખથી વધુ યુવાનોએ ૧૫ જેટલા કેન્દ્રો ઉપર શારીરિક કસોટીની પરિક્ષા સંપૂર્ણ પારદર્શી રીતે લેવાઇ હતી તે પૈકી ૨.૫ લાખ ઉમેદવારો સફળ થયા છે.

એલ.આર.ડી. બોર્ડના ચેરમેન શ્રી એચ.એસ. પટેલે જણાવ્યુ હતું કે, લોકરક્ષકની ભરતી માટે ૮.૮૬ લાખ અરજીઓ આવી હતી, આ અરજીઓ પૈકી ૬.૯૮ લાખ ઉમેદવારો શારીરિક કસોટી માટે હાજર રહ્યા હતા. તે પૈકી ૩.૦૫ લાખ ઉમેદવારોએ આ કસોટી પાસ કરી છે. આ પ્રસંગે પોલીસ અને ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## વિડીયો સિરીઝમાં શું છે?







**ઉમેદવારોને લેખિત પરીક્ષાની તૈયારી કેવી રીતે કરવી? કઇ બાબતો ધ્યાનમાં રાખવું? શું કરવું? શું ના કરવું? ખાન-પાન અને પરીક્ષા સમયે માનસિક અને શારીરિક રીતે કેવી રીતે ફીટ રહેવું? તેનું સંપૂર્ણ માર્ગદર્શન આ સિરીઝમાં પૂરું પાડવામાં આવ્યું છે. આ માર્ગદર્શન સિરીઝ નાગરિકો માટે વિવિધ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ રહેશે. જેનો લાભ ઉમેદવારોને થશે. આ વિડીયો સિરીઝ ઉમેદવારોનું મનોબળ વધારવામાં મદદરૂપ થશે.**

# દેશનાં ગ્રામીણ ક્ષેત્રના વિકાસ માટે નાબાર્ડની પ્રતિબદ્ધતા સરાહનીય - CM



દેશનાં ગ્રામીણ ક્ષેત્રે કૃષિ, નાના અને કુટીર ઉદ્યોગ, હસ્તકલા અને અન્ય આર્થિક પ્રવૃત્તિને આર્થિક સહકાર આપવાનું કાર્ય નાબાર્ડ (નેશનલ બેન્ક ફોર એગ્રિકલ્ચર એન્ડ રુરલ ડેવલોપમેન્ટ) કરી રહી છે. નાબાર્ડે વર્ષ 2023-24 માટે ધિરાણની સંભવિતતા દર્શાવતું ફોકસ પેપર તૈયાર કર્યું છે. આ ફોકસ પેપરનું તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિમોચન કર્યું હતું. નાબાર્ડ દ્વારા રાજ્યના ૩૩ જિલ્લાઓ માટે મૂલ્યાંકન કરાયેલા એકંદર વાર્ષિક ધિરાણ સંભવિતતાનું આ ફોકસ પેપર તૈયાર કરવામાં રાજ્ય સરકારના સંબંધિત વિભાગો, બેન્કસ અને અન્ય હિસ્સેદારો સાથે પરામર્શ કરવામાં આવ્યો હતો. આ વિમોચન વેળાએ કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, નાણાં મંત્રી શ્રી કનુભાઇ દેસાઇ, સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ પણ સહભાગી થયા હતા.

નાબાર્ડ દ્વારા અગ્રિમ ક્ષેત્રે વર્ષ ૨૦૨૨-૨૩ માટે રાજ્યની ધિરાણ સંભવિતતા જે રૂ. ૨.૪૮ લાખ કરોડ દર્શાવવામાં આવી છે, તેમાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં રૂ. ૧.૧૩ લાખ કરોડ, MSME સેક્ટર માટે રૂ. ૧.૦૯ લાખ કરોડ અને અન્ય અગ્રિમ-પ્રાયોરિટી સેક્ટર માટે રૂ. ૨૬૨૫૫ કરોડનો હિસ્સો ધરાવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં અગ્રતા ક્ષેત્રના ધિરાણના વિકાસને આકાર આપનારા આ ડૉક્યુમેન્ટને ઝીણવટપૂર્વક તૈયાર કરવા માટેના નાબાર્ડના પ્રયાસોની સરાહના કરી હતી.

આ સ્ટેટ ફોકસ પેપરના વિમોચનમાં અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, કૃષિ સચિવ શ્રી મનિષ ભારદ્વાજ, નાણાં વિભાગના સચિવ (ખર્ચ) શ્રીમતી મનિષા ચન્દ્રા, સહકાર સચિવ શ્રી નલિન ઉપાધ્યાય, નાબાર્ડના ચીફ જનરલ મેનેજર શ્રી ડૉ. જ્ઞાનેન્દ્ર મણિએ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના રિજીયોનલ ડિરેકટર શ્રી એસ. કે. પાણિગ્રહી, એસ.એલ.બી.સી ના કન્વીનર શ્રી બંસલ અને અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

# IIT - RAM નો ચોથો પદવીદાન સમારોહ સંપન્ન

૨૧મી સદી જ્ઞાન-વિજ્ઞાનની સદી છે અને ભારત આ સદીમાં વિશ્વગુરૂ બનવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના દિશાદશર્નમાં સજ્જ બન્યું છે. ગુજરાત તેનું કેન્દ્રબિન્દુ બનવા આવી વિવિધ વૈશ્વિક જ્ઞાન પિરસતી યુનિવર્સિટીઓથી પ્રતિબદ્ધ છે. ગુજરાતની યુવાશક્તિને ગ્લોબલ યુથ બનાવવાની શ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રતિબદ્ધતામાંથી રાજ્યમાં સેક્ટરલ યુનિવર્સિટીઝની નવતર ભેટ મળી છે. તેમાં, IIT RAMનું નામ પણ જોડાઇ ગયું છે.

તાજેતરમાં અમદાવાદ સ્થિત ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેક્નોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટનો ચોથો પદવીદાન સમારોહ યોજાયો હતો.આ પદવીદાન સમારોહમાં ૩૭૦ થી વધુ વિદ્યાર્થીઓને પદવી અને તજજ્ઞતા પ્રાપ્ત ૨૦ જેટલા છાત્રોને મેડલ્સ એનાયત કરવામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ વર્ચ્યુઅલ સહભાગી થયા હતા.તેમણે આ ઇન્સ્ટીટયુટના પરિસરમાં કુલ રૂ. ૧૪૭ કરોડના ખર્ચે નિર્માણ થનારા હોસ્ટેલ ભવન, એકેડેમીક બ્લોક તથા ફેકલ્ટી હાઉસીંગના ભૂમિપૂજન પણ વિડીયો કોન્ફરન્સ દ્વારા ગાંધીનગરથી જોડાઇને કર્યા હતા.

આ સમારોહમાં શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ જણાવ્યુ હતું કે, સમૃધ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે વિદ્યાર્થીઓ ઉચ્ચ કારકિર્દી થકી પોતાનુ યોગદાન આપે એ આજના સમયની તાતી જરૂરિયાત છે. ગુજરાત સરકારે IITRAMમાં સંરક્ષણ તકનીકના ક્ષેત્રમાં પ્રવૃત્તિ શરૂ કરી છે. જેની સ્થાપના "ઇન્સ્ટિટ્યુટ ઑફ ડિફેન્સ સ્ટડીઝ એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન (IDSRF) તરીકે કરવામાં આવી છે. IDSRF દ્વારા ડિફેન્સ ટેકનોલોજી પર ઓનર્સ અને માઈનર પ્રોગ્રામો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ વેળાએ શિક્ષણ રાજયમંત્રી શ્રી કુબેરજીભાઈ ડિંડોર, શિક્ષણ વિભાગના સચિવ શ્રી એસ.જે.હૈદર વર્ચ્યુઅલી સહભાગી થયા હતા. ●



## વાપીમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ યોજના કામોને મંજૂરી



દક્ષિણ ગુજરાતના વાપીમાં વિવિધ વિસ્તારોમાં વરસાદી ગટર અને પાઇપ ડ્રેનેજના કામો માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે રૂ. ૩૧.૫૩ કરોડની ફાળવણીની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. વાપી નગરપાલિકાએ શહેરી વિકાસ વિભાગ મારફતે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વાપી નગરમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ યોજનાના કામો માટે મુખ્યમંત્રીશ્રી સમક્ષ દરખાસ્ત રજૂ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ દરખાસ્તને અનુમોદન આપીને વાપી નગરપાલિકા વિસ્તારમાં કુલ ૮ વોર્ડમાં ૪૪.૮૪ કિ.મીટરનું નેટવર્ક બનાવવા તેમજ હયાત સ્ટ્રોમ વોટર ડ્રેનેજ વ્યવસ્થાનો મહત્તમ ઉપયોગ થાય તે માટેના રજૂ થયેલા કામોના અંદાજોને અનુમતિ આપી છે. તદઅનુસાર, વાપી નગરમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ માટે રૂ. ૨૪.૯૪ કરોડ સહિત ગ્રાઉન્ડ વોટર રિચાર્જ કેપ્સુલ, ડિસીલ્ટીંગ એન્ડ રિમૂવલ ઓફ એક્ઝીટીંગ પાઇપલાઇન, રિવેમ્પીંગ ઓફ એક્ઝીટીંગ નેચરલ ડ્રેઇન વગેરે મળીને કુલ ૭ જેટલા કામો માટે આ રૂ. ૩૧.૫૩ કરોડની રકમના કામોને સૈદ્ધાંતિક મંજૂરી મુખ્યમંત્રીશ્રીએ આપી છે. ●

## કચ્છમાં સિંચાઇ માટે રૂ. ૪૩૬૯ કરોડના કામો મંજૂર

રાજ્યના સરહદી જિલ્લા કચ્છ માટે નર્મદાના વધારાના એક મિલિયન એકર ફીટ પાણીના ઉપયોગ માટે ફેઝ-૧ના કામો માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે રૂ.૪૩૬૯ કરોડના કામો મંજૂર કર્યા છે. નર્મદાના પૂરના વહી જતા વધારાના પાણીનો આ એક મિલિયન એકર ફીટ પાણીનો જથ્થો કચ્છ પ્રદેશ માટે ફાળવવામાં આવેલો છે. આ વધારાના પાણીના ઉપયોગ માટે કુલ ૩૩૭.૯૮ કિલોમીટરની લંબાઇની પાઇપલાઇન દ્વારા ૪ લિંકનું આયોજન કરાયું છે. કચ્છના ધરતીપુત્રોને જરૂરિયાત મુજબ સિંચાઇનું પાણી મળી રહે તે હેતુથી આવી પાઇપલાઇન મારફતે ૩૮ જેટલી નાની તથા મધ્યમ સિંચાઈ યોજનાઓમાં આ પાણી નાખવાનું રાજ્યના જળસંપત્તિ વિભાગનું આયોજન છે. મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર કચ્છ શાખા નહેરની વર્તમાન કામગીરીને ધ્યાનમાં રાખીને ફેઝ-૧ અંતર્ગત ૪૩૬૯ કરોડ રૂપિયાના કામો હાથ ધરવાની વહીવટી મંજૂરી આપી છે. આ કામો હાથ ધરાવાના પરિણામે કચ્છના મુન્દ્રા, અંજાર, માંડવી, રાપર, ભુજ અને નખત્રાણા એમ છ તાલુકાના ૭૭ ગામોને સિંચાઈ સુવિધા મળતી થશે. એટલું જ નહિ, અંદાજે બે લાખ ૮૧ હજાર એકર વિસ્તારમાં આ નર્મદા જળથી સિંચાઈ થઈ શકશે. નર્મદાના આ વધારાના પાણી જે ચાર લિન્ક મારફતે ૩૮ જેટલી નાની અને મધ્યમ સિંચાઇ યોજનાઓમાં પહોંચાડવાના છે. તે ચાર લિન્કમાં ૭૨.૪૬ કિ.મીટરની સારણ લિન્ક, ૧૦૬.૦૨ કિ.મીટરની સઘર્ન લિન્ક તથા ૧૦૭ કિ.મીટરની નોર્ધન લિન્ક અને ૫૨.૫૦ કિ. મીટરની હાઇ કન્ટુર સ્ટોરેજ લિન્કનો સમાવેશ થાય છે. ●


## રાજ્ય સરકાર તુવેર, ચણા અને રાયડાની સીધી ખરીદી કરશે

ગુજરાત સરકારે હરહંમેશ ખેડૂતહિતલક્ષી નિર્ણયો કર્યા છે. ખેડૂતોને સિંચાઈ, વીજળી તથા પાકોનો પોષણક્ષમ ભાવો મળી રહે તેવી વ્યવસ્થા કરી છે. ચાલુ વર્ષે ચણા સહિતના રવિ સિઝનના પાકોનું વધુ વાવેતર થવાથી ઉત્પાદન વધવાની સંભાવનાને પગલે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે કેન્દ્રિય કૃષિ મંત્રીશ્રીને ચણાનો વધુ જથ્થો ખરીદવા વિનંતી કરી હતી.

ટેકાના ભાવે ખરીદી અંગે મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ભારત સરકારે વર્ષ ૨૦૨૧-૨૨માં તુવેર માટે રૂ. ૧૨૬૦ પ્રતિ ૨૦ કિ.ગ્રા, ચણા માટે રૂ. ૧૦૪૬ પ્રતિ ૨૦ કિ.ગ્રા અને રાયડા માટે રૂપિયા ૧૦૧૦ પ્રતિ ૨૦ કિ.ગ્રા લઘુત્તમ ટેકાના ભાવ જાહેર કરેલા છે. રાજ્યમાં ખરીફ/રવિ સીઝન ૨૦૨૧-૨૨માં લઘુતમ ટેકાના ભાવે તુવેરની ખરીદી તા.૧૫/૦૨/૨૦૨૨ અને ચણા તથા રાયડાની ખરીદી તા.૦૧/૦૩/૨૦૨૨થી રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન લી.,અમદાવાદ મારફતે કરવામાં આવશે.

લઘુતમ ટેકાના ભાવે તુવેર, ચણા અને રાયડાનું વેચાણ કરવા ઇચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઇન વિના મૂલ્યે નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિક/ગ્રામ્ય કક્ષાએ VCE દ્વારા તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી કરવામાં આવશે. તે મુજબ તમામ ખેડૂતોએ નોંધણી કરાવવી જરૂરી છે. નોંધણીનો તમામ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતો હોઈ ખેડૂતોએ નોંધણી માટે VCE ને કોઈપણ પ્રકારની રકમ ચૂકવવાની રહેતી નથી. રાજ્યમાં તુવેર, ચણા અને રાયડા પકવતા ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તેઓની ઓનલાઇન નોંધણી ફરજીયાત હોઈ આ માટે સંબંધિત ગ્રામ પંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા મંત્રીશ્રીએ ખાસ અનુરોધ કર્યો છે. નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો સવાર ૯-૦૦ થી સાંજના ૬-૦૦ સુધી હેલ્પલાઈન નંબર ૦૭૯-૨૬૪૦૭૬૦૯, ૨૬૪૦૭૬૦૧૦, ૨૬૪૦૭૬૦૧૧, અને ૨૬૪૦૭૬૦૧૨ ઉપર સંપર્ક કરવાનો રહેશે. ●

# 'બેઝીક્સ ઓફ વર્નાક્યુલર ઇનોવેશન' ઓનલાઈન ટ્રેનીંગ પ્રોગ્રામનો પ્રારંભ



કોરોના સમયમાં ઓનલાઈન શિક્ષણ, પ્રશિક્ષણ આવશ્યક અને જરૂરી બન્યુ છે. રાજ્યના વિદ્યાર્થીઓના ઇનોવેશન અને રિસર્ચને યોગ્ય પ્લેટફોર્મ પુરૂ પાડવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકાર કટિબદ્ધ છે. તાજેતરમાં ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી દ્વારા આયોજિત 'બેઝીક્સ ઓફ વર્નાક્યુલર ઈનોવેશન' ઓનલાઈન ટ્રેનીંગ પ્રોગ્રામનો શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ પ્રારંભ કરાવ્યો હતો.

શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજોમાં અભ્યાસ કરતા નોન-ટેકનિકલ વિદ્યાર્થીઓ પણ ઈનોવેશન કરી શકે તેવા ઉમદા હેતુથી ઈનોવેશન ક્લબ દ્વારા સમગ્ર રાજયની સરકારી, બિન-સરકારી અનુદાનિત કોલેજો અને ગ્રામ વિદ્યાપીઠોમાં ઈનોવેશન કલબનું ગઠન કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત રાજ્યના વધુમાં વધુ વિદ્યાર્થીઓને સર્જનાત્મક વિચારો માટે પ્રોત્સાહિત કરી સ્ટાર્ટઅપ્સ માટે તૈયાર કરવામા આવશે. જેથી સ્થાનિક યુવાનો દ્વારા સ્થાનિક સમસ્યાઓનું સ્થાનિક સમાધાન મળી રહે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

દેશભરમાં ઈનોવેટર્સ અને ઉદ્યોગસાહસિકોને સશક્ત બનાવવાની મહત્વાકાંક્ષા સાથે 'અટલ ઈનોવેશન મિશન' (AIM), નીતિ આયોગ દ્વારા 'વર્નાક્યુલર ઈનોવેશન પ્રોગ્રામ' (VIP) શરૂ કરવામાં આવ્યો છે. વર્નાક્યુલર ઇનોવેશન પ્રોગ્રામ (VIP) ભારતમાં ઈનોવેટર્સ અને ઉદ્યોગસાહસિકોને ભારત સરકાર દ્વારા ૨૨ અનુસૂચિત ભાષાઓમાં ઇનોવેશન ઇકોસિસ્ટમમાં પ્રવેશ મેળવવા માટે સક્ષમ બનાવશે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં થયેલી જોગવાઈ અનુસાર ઇનોવેશન અને રિસર્ચને વધુમાં વધુ આગળ લઇ જવા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી દ્વારા શરુ કરવામાં આવેલ ઈનોવેશન કલબ કારગત નીવડશે.

આ કાર્યક્રમના ફળસ્વરૂપે સંશોધન અને ઇનોવેશનને "આઈડીયા ટુ સ્ટાર્ટ-અપ" સુધી સાકાર કરવા માટે SSIP 2.0 અંતર્ગત ફંડીંગની સહાયતા પૂરી પાડવામાં આવશે. ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST)એ આ ટ્રેનીંગ પ્રોગ્રામ દરમિયાન ટેક્નિકલ એજન્સી તરીકે મદદ કરશે. અદ્યતન વિષય સાથે DIY (ડુ ઈટ યોરસેલ્ફ) મેન્યુઅલ વૈજ્ઞાનિક કિટ્સ તૈયાર કરશે અને આ કીટના ઉપયોગ અંગેની તાલીમ પણ અપાશે.

વર્નાક્યુલર ઇનોવેશન પ્રોગ્રામ વિવિધ સમુદાયોના લોકોની ડિઝાઇન અને ઇનોવેશન ક્ષમતાઓને મજબૂત બનાવશે. તેમજ સ્થાનિક સાહસિકો, કારીગરો અને સંશોધકોના સર્વસમાવેશક વિકાસમાં વધારો કરશે. ઉપરાંત રાજ્યમાં ડિઝાઇન નિષ્ણાતો અને ઇનોવેશન પ્રેક્ટિશનરોનું મજબૂત સ્થાનિક નેટવર્ક બનાવવામાં પણ મદદ મળશે. તદુપરાંત આ પ્રોગ્રામ રાજ્યમાં ઇનોવેશન અને એન્ટરપ્રિન્યોરશિપ ઇકોસિસ્ટમની યાત્રામાં એક મહત્વનું પગથિયું બની રહેશે. તેમજ યુવા અને મહત્વાકાંક્ષી લોકોની બૌદ્ધિકતા અને ડિઝાઇન થીંકીંગ સિસ્ટમને મજબૂત કરશે. આ પ્રોગ્રામ થકી સ્થાનિક સમસ્યાઓના નવીન ઉકેલો સ્થાનિક ભાષામાં શોધવા સ્થાનિક યુવાનો વધુ સક્ષમ બનશે અને આત્મનિર્ભર ગુજરાત અને આત્મનિર્ભર ભારતના નિર્માણ ક્ષેત્રે નવુ સીમાચિહ્ન સ્થાપિત થશે.

શિક્ષણ અગ્ર સચિવ શ્રી એસ. જે હૈદરે જણાવ્યું હતું કે, આ પ્રોગ્રામમાં ૧૦૦૦ જેટલા પ્રાધ્યાપકો અને ૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાશે. આમ, અંદાજે ૬૦૦૦ જેટલા સહભાગીઓ માટે ઓનલાઈન ૨૬ કલાસરૂમ બનાવવામાં આવશે તેમજ તેનું You-Tube પર લાઇવ બ્રોડકાસ્ટિંગ પણ કરવામાં આવશે. ટ્રેનીંગ દરમિયાન દરેક સેશન બાદ એસાઈમેન્ટ આપવામાં આવશે,

આ ટ્રેનિંગ કોર્સમાં બ્લોક પ્રોગ્રામિંગની મૂળભૂત બાબતો, તેના ઉપયોગો અને વિવિધ એપ્લિકેશનોના અમલીકરણ ઉપર ૧૫ ટ્રેનીંગ સેશનો યોજાશે. ટ્રેનીંગ પ્રોગ્રામના મોડયુલમાં મોશન બ્લોક્સ, લુક્સ બ્લોક્સ, સાઉન્ડ બ્લોક્સ, ઈવેન્ટ બ્લોક્સ, કંટ્રોલ બ્લોક્સ, સેન્સિંગ બ્લોક્સ, ઓપરેટર્સ બ્લોકસ અને વેરિયેબલ બ્લોક્સનો પણ સમાવેશ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં વર્ચ્યૂઅલ માધ્યમથી શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર, કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલયના ઈનોવેશન સેલના નિયામક ડૉ. મોહિત ગંભીર, ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રી એમ. નાગરાજન, અટલ ઈનોવેશન મિશનના મિશન નિયામક ડૉ. ચિંતન વૈષ્ણવ, આઈહબના સીઈઓ શ્રી એચ. મહેતા, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. ●

# ગુજરાત હાઈકોર્ટમાં દેશમાં પ્રથમ ડિજિટલ જસ્ટિસ ક્લોક કાર્યરત



ડિજિટલ ઈન્ડિયાના જનક અને પ્રેરક એવા વિઝનરી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નને સાકાર કરવા ગુજરાત કટિબદ્ધ છે. ડિજિટલ ઈન્ડિયાના એજેન્ડાને સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર તમામ સેવાઓ ડિજિટલ કરવા પર કાર્ય કરી રહી છે. સમાજના દરેક વર્ગનો નાગરિક ઘર આંગણે કોર્ટ ફી ભરી શકે તે સંકલ્પને સિધ્ધ કરવાના હેતુસર તાજેતરમાં કાયદા મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી તથા સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં ઈ-કોર્ટ ફી પોર્ટ અને ગુજરાત હાઈકોર્ટ દ્વારા તૈયાર કરાયેલ ડિજિટલ જસ્ટિસ ક્લોકનું વર્ચ્યુઅલી અનાવરણ કરવામાં આવ્યુ હતુ.

આધુનિક સમયની સાથે તાલમેલ મેળવવા અને અદાલતના સંસાધનોનો અસરકારક રીતે ઉપયોગ કરી વર્ચ્યુઅલ ઈલેક્ટ્રોનિક પ્લેટફોર્મ માધ્યમ દ્વારા ઈ કોર્ટ ફી ભરી શકાશે. પરિણામે સામાન્ય નાગરિકોને કોર્ટ ફી ભરવામાં વધુ સરળતા રહેશે. કાયદા મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ભારતના નિર્માણના સપનાને સાકાર કરવા ગુજરાત સરકારે અનેકવિધ નવતર આયામો હાથ ધર્યા છે ત્યારે ડિજિટલાઈઝેશનના માધ્યમથી ન્યાયતંત્રને વધુ મજબૂત બનાવી નાગરિકોને પારદર્શી સેવાઓ પૂરી પાડવા માટે ગુજરાત હાઈકોર્ટે દેશભરમાં સૌ પ્રથમવાર ડિજિટલ જસ્ટિસ ક્લોક કાર્યરત કરીને ઝડપી ન્યાય તથા જસ્ટિસ ડિલીવરી સીસ્ટમને વધુ મજબૂત બનાવી દેશનો નવો રાહ ચિંધ્યો છે.

રાજયની કોર્ટોમા પણ ઈ-સુવિધાઓનો વ્યાપ વધાર્યો છે જેમા ઈ-કોર્ટ ફી સહિતની અન્ય સેવાઓ ઓનલાઈન ડિજિટલાઈજેશન દ્વારા પુરી પાડી છે જેના લીધે જસ્ટિસ ડીલીવરી સિસ્ટમ વધુ સરળ બની છે.

આ પ્રસંગે સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ શ્રી ડી. વાય. ચંદ્રચુડ, સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ શ્રી એમ. આર શાહ, સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ શ્રી બેલાબેન ત્રિવેદી, ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ શ્રી અરવિંદકુમાર, ગુજરાત હાઈકોર્ટના શ્રી આર. એમ. છાયા, શ્રી સોનિયાબેન ગોકાણી, એડવોકેટ જનરલ શ્રી કમલભાઈ ત્રિવેદી, એડિશનલ સોલિસિટર જનરલ શ્રી દેવાંગ વ્યાસ, બાર કાઉસિલના ચેરમેન શ્રી કિશોરકુમાર ત્રિવેદી, ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસો. પ્રમુખ શ્રી અસીમ પંડ્યા, વડી અદાલતના વરિષ્ઠ ન્યાયમૂર્તિશ્રીઓ તેમજ એન.આઈ.સી ના વરિષ્ઠ અધિકારીશ્રીઓ વર્ચ્યુઅલી માધ્યમથી જોડાયા હતા.

# ગાંધીનગરમાં સ્ટેટ વેટલેન્ડ ઓથોરિટીની બેઠક યોજાઇ



રાજયના જલપ્લાવિત વિસ્તારોના સંરક્ષણ માટે સ્ટેટ વેટલેન્ડ ઓથોરિટી કાર્ય કરી છે. તાજેતરમાં ગાંધીનગર ખાતે વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાના અધ્યક્ષસ્થાને પુનઃગઠિત સ્ટેટ વેટલેન્ડ ઓથોરિટીની પ્રથમ બેઠક યોજાઇ હતી. બેઠકમાં રાજ્યના જલપ્લાવિત વિસ્તારોના સંરક્ષણ બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. રાજ્યમાં આવેલા આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતા જલપ્લાવિત વિસ્તારોને રામસર સાઇટની માન્યતા પ્રાપ્ત થાય તે માટે રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા ચકાસણી બાદ આગળની કાર્યવાહી કરવા નિર્ણય કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, શહેરી વિકાસ વિભાગના અધિક સચિવશ્રી, ગ્રામ વિકાસ વિભાગના સચિવશ્રી, પ્રવાસન વિભાગના સચિવશ્રી, જળસંપત્તિ વિભાગના સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગના અધિક સચિવશ્રી, હેડ ઑફ ધ ફૉરેસ્ટ ફૉર્સ, ગુજરાત અને ચીફ વાઈલ્ડ લાઈફ વૉર્ડનશ્રી, ગીર ફાઉન્ડેશનના નિયામકશ્રી, BISAGના નિયામકશ્રી, ગીર ફાઉન્ડેશનના વરિષ્ઠ વૈજ્ઞાનિક તથા વિષય નિષ્ણાંત સહિત સ્ટેટ વેટલૅન્ડ ઑથોરિટીના સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

## વાંકલમાં સરકારી કન્યા છાત્રાલયના નવા ભવનનું ખાતમુહૂર્ત



સુરતના માંગરોળ તાલુકાના વાંકલમાં કન્યા છાત્રાલયના રૂ.૧૬ કરોડના ખર્ચે બનેલા નવા ભવનનું આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે ખાતમુહૂર્ત કર્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, આદિજાતિ સમાજની સુખસમૃદ્ધિ અને સુખાકારી માટે શિક્ષણ શ્રેષ્ઠ વિકલ્પ છે. ઉમરપાડા અને માંગરોળ તાલુકામાં નમૂનેદાર અને અદ્યતન વિદ્યાના મંદિરો સાકાર કરી રાજ્ય સરકારે આદિવાસી વિસ્તારના યુવાનો માટે ઘર આંગણે ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા ઉભી કરી છે. મંત્રીશ્રીએ નાગરિકોની સુખસુવિધા માટે અનેકવિધ વિકાસકાર્યોને સાકાર કરવામાં અથાગ પરિશ્રમ કરનાર જનપ્રતિનિધિ શ્રી ગણપતસિંહ વસાવાની સરાહના કરી અભિનંદન પાઠવ્યા હતા.

## આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "રાષ્ટ્રીય બાલિકા દિવસ"ની ઉજવણી



સશક્ત સમાજના નિર્માણ માટે મહિલા બાળ જન્મદરને પ્રોત્સાહન આપવુ અત્યંત અનિવાર્ય હોઈ, સમાજના સૌ નાગરિકો આ માટે સંકલ્પબધ્ધ બને એ આજના સમયની તાતી જરૂરિયાત છે. સમાજમાં દીકરીઓને રક્ષણ અને સંરક્ષણ આપવા માટે તાજેતરમાં "રાષ્ટ્રીય બાલિકા દિવસ"ની ઉજવણી નિમિત્તે રાજયકક્ષાનો પરિસંવાદ યોજાયો હતો. આ પ્રસંગે બાળ કલ્યાણ વિભાગના રાજય મંત્રી શ્રીમતી મનીષાબેન વકીલે બેટી બચાવો, બેટી પઢાવો કાર્યક્રમની સરાહના કરી હતી. આ પ્રસંગે રાજ્યભરમાંથી ૩૬૦ જેટલી દીકરીઓ તેમજ મહિલા અને બાળ અધિકારીની કચેરીના કર્મયોગીઓ વર્ચ્યુઅલ માધ્યમથી પરિસંવાદમાં સહભાગી બન્યા હતા.

## સુરતના આદિવાસી વિસ્તારને વિકાસ કાર્યોની ભેટ



સુરત જિલ્લાના આદિવાસી વિસ્તારના ખેડૂતો, ગ્રામજનોને સાતત્યપૂર્ણ વીજપૂરવઠો પૂરો પડવાના હેતુથી નાણા, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ તથા ઊર્જા રાજયમંત્રી શ્રી મુકેશભાઈ પટેલના હસ્તે ઉમરપાડાના બરડી ગામે જેટકો દ્વારા રૂ.૮ કરોડના ખર્ચે સ્થાપિત થનારા ૬૬ કે.વી. સબસ્ટેશનનું ભૂમિપૂજન તથા ઉમરપાડા રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રૂા.૬૦ લાખના ખર્ચે નિર્મિત ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતું.

આ વેળાએ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, આદિવાસી વિસ્તારોમાં સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર વીજપુરવઠો મળી રહે તે માટે રાજય સરકાર કટિબધ્ધ છે. નવા સબસ્ટેશનનું નિર્માણ થવાથી આદિવાસી ખેડૂતોને વિના વિક્ષેપે ખેતી અને રહેણાંક માટે વીજળી મળી રહેશે. ઊર્જા રાજય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, જ્યોતિ ગ્રામ યોજના થકી રાજયના તમામ ગામોમાં ૨૪ કલાક વીજળી પ્રાપ્ત થઈ રહી છે. રાજ્ય સરકાર લો વોલ્ટેજની સમસ્યા નિવારી વિના વિક્ષેપ અને ગુણવત્તાયુક્ત વીજપુરવઠો આપવા સંકલ્પબદ્ધ હોવાનું મંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવી રાજ્ય સરકારની જનહિતકારી કામગીરીને વધુ તેજ ગતિમાં આગળ વધારશે. ઉમરપાડા રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પણ રૂા.૬૦ લાખના ખર્ચે નિર્મિત થયેલા ૨૫૦ LPMની કેપેસિટીના ઓક્સિજન પ્લાન્ટ સાથે ૩૦ ઓક્સિજન બેડની સુવિધા ઉપલબ્ધ બની છે. આમ કોરોનાની લહેર વચ્ચે છેવાડાના આદિવાસી વિસ્તારના કોરોના દર્દીઓ માટે ઓક્સિજન પ્લાન્ટ આશીર્વાદરૂપ બનશે.

## રાજ્યના સિનિયર સિટિજન્સ માટે હેલ્પલાઇન નંબર ૧૪૫૬૭




રાજ્યના વરિષ્ઠ નાગરિકોને તેમને મૂંઝવણ પ્રશ્નોનો ઉકેલ એક જગ્યાએથી મળી રહે તે માટે રાજ્યના સામાજિક ન્યાય વિભાગ દ્વારા આવકારદાયક નિર્ણય કરાયો છે. તાજેતરમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે રાજ્યના વરિષ્ઠ નાગરિકોની મદદ માટે એલ્ડર હેલ્પલાઈન નંબર ૧૪૫૬૭ લોન્ચ કરતા જણાવ્યુ હતુ કે, રાજ્યના વરિષ્ઠ નાગરિકોના સ્વાસ્થ્ય વૃદ્ધત્વ માટે રાજ્ય સરકાર વરિષ્ઠ નાગરિકોની હરહંમેશ પડખે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર રાજ્યના તમામ વર્ગોની સમસ્યાઓનો હકારાત્મક ઉકેલ લાવવા સતત પ્રયત્નશીલ છે. રાજ્યના વરિષ્ઠ નાગરિકોને પડતી નાની મોટી મુશ્કેલીઓના નિવારણ માટે Help Age Indiaના સહયોગથી રાજ્યમાં હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. આ હેલ્પલાઈન રાજ્યના વરિષ્ઠ નાગરિકોની ફરિયાદોના નિવારણ માટે એક મંચ તરીકે કામ કરી તેમના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા મદદરૂપ થશે.

## રાજ્યમાં પશુ ચિકિત્સા અને પશુ સંવર્ધન સુવિધામાં વધારો



રાજ્યના પશુપાલકોને તેમના પશુઓ માટેની સારી ચિકિત્સા સેવા અને સંવર્ધન સેવાઓ મળી રહે તે માટે સરકાર કટીબદ્ધ છે. કૃષિ, પશુપાલન અને ગૌ સંવર્ધન મંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલે રાજ્યકક્ષાના પશુપાલન મંત્રી શ્રી દેવાભાઇ માલમની ઉપસ્થિતિમા વધુ ત્રણ અદ્યતન મકાનોના ઈ-લોકાર્પણ કર્યા હતા. અમદાવાદના મકરબામાં પશુપાલન સંકુલ, સુરતના માંડવીમાં બુલ મધર ફાર્મ તેમજ સુરતમાં ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાના નવનિર્મિત મકાનના ઈ-લોકાર્પણ મંત્રીશ્રીના કાર્યાલયમાંથી કરવામાં આવ્યા છે. મંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલે જણાવ્યું હતું કે, સુરત જિલ્લામાં રૂ.૨૩૧.૪૨ લાખના ખર્ચે તૈયાર કરાયેલા નવનિર્મિત મકાન “ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના કચેરી”નુ ઈ-લોકાર્પણ થયું જેના થકી પશુઓમાં કૃત્રિમ બીજદાન અને જાતીય આરોગ્ય કેમ્પની અગત્યની કામગીરી થશે. તે ઉપરાંત સુરતના માંડવી ખાતે મહેસાણી ભેંસો માટે બુલ મધર ફાર્મ બનશે. જેમાં અંદાજે ૩૦૦ પશુઓનાં વૈજ્ઞાનિક ઢબે નિભાવ કરવામાં આવશે.

## ખેડા જિલ્લાના મોદજ ગામને પુસ્તકાલયની ભેટ



વિશ્વ સાથે ભારતના યુવાનો સ્પર્ધા કરી શકે તે માટે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જરૂરી છે. પુસ્તકાલયો વ્યક્તિને માનસિક સ્વાસ્થ્ય અને રમતગમતના મેદાનો શારીરિક તાકત પૂરી પાડે છે. ગુજરાત સરકારે આવી સુવિધાઓ યુવાનોને પૂરી પાડવાનો નિર્ધાર કર્યો છે. તાજેતરમાં ખેડાના મોદજ ગામે ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી શ્રી અર્જૂનસિંહ ચૌહાણે મેદાનનું ખાતમુહૂર્ત અને પુસ્તકાલયનું લોકાર્પણ કર્યું હતું. આ તકે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની કલ્પનાને સાકાર કરવાની દિશામાં રાજય સરકારે વધુ એક પગલું ભર્યુ છે. આપણા યુવાનો રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ રમતોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરે તેવા ઉત્તમ આશયથી ગુજરાતના ૧૦ હજાર ગામોમાં રમતગમતના સરળ મેદાનો તેમજ સ્પર્ધાત્મક પરીક્ષામાં યુવાનો શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકે, ઇન્ટરનેટના માધ્યમથી વિશ્વનું જ્ઞાન મેળવી શકે તેવા અદ્યતન પુસ્તકાલયનું આયોજન કરવામાં આવ્યું છે. રમત ગમતનું મેદાન અને પુસ્તકાલયનો ઉપયોગ ગામના તમામ વ્યક્તિઓ પણ કરી શકશે અને તેઓના જ્ઞાનમાં અને શરીરની તંદુરસ્તીમાં વધારો કરી શકશે. ખેડા જિલ્લામાં ૨૦ રમતગમતના મેદાનો અને ૧૦ લાઈબ્રેરી અને ૧૦ ઓપન જીમ આગામી દિવસોમાં બનાવવામાં આવશે. ●

# સુરતની 'રબર ગર્લ'ને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર-૨૦૨૨





પોતાની શારીરિક અક્ષમતા છતાં સખત અને સતત મહેનત તેમજ કોઠાસૂઝથી યોગાસનમાં મહારથ મેળવી 'ધ રબર ગર્લ'નું બિરૂદ પ્રાપ્ત એવી સુરતની દીકરી અન્વી ઝાંઝરૂકિયાને 'રાષ્ટ્રીય બાલિકા દિન' અવસરે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાષ્ટ્રીય બાલ પુરસ્કાર-૨૦૨૨ એનાયત કરી સન્માનિત કરી હતી.

કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ કલ્યાણ મંત્રાલયને દેશભરમાંથી પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર માટે ૬૦૦ બાળકો તરફથી અરજીઓ મળી હતી. જેમાં વર્ષ-૨૦૨૨ માટે ૨૯ બાળકોની પસંદગી કરવામાં આવી હતી. તેમાં ગુજરાતની એકમાત્ર અને સુરતની દીકરી અન્વીએ આ એવોર્ડ મેળવીને સમગ્ર ગુજરાતનું નામ રોશન કર્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે આ દીકરીને 'બ્લોક ચેઈન ટેકનોલોજી' દ્વારા એવોર્ડ તથા રૂપિયા એક લાખની ધનરાશિ એનાયત કરવામાં આવી હતી.

રાષ્ટ્રીય બાળ પુરસ્કાર પાંચથી અઢાર વર્ષની વયના બાળકોને ખેલ, સમાજ સેવા, શિક્ષણ, કલા સંસ્કૃતિ, વિરતા ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત બાળકોને આપવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતની આ દિવ્યાંગ દીકરીને રાષ્ટ્રીય બાલ પુરસ્કારનું સન્માન મેળવવા માટે અભિનંદન પાઠવ્યા હતા.

આ દીકરી અન્વી જન્મ થયો ત્યારથી અનેક પ્રકારની શારીરિક અને માનસિક બિમારી સામે ઝઝૂમી રહી છે. જન્મજાત હૃદયની ખામી હોવાથી તેની ઓપન હાર્ટ સર્જરી થઈ ચૂકી છે અને હાલ તેને માઇટ્રલ વાલ્વ લિકેજ છે. ૨૧ ટ્રાઈસોમી અને હાર્શ સ્પ્રિંગ ડિસીઝના કારણે મોટા આંતરડામાં ક્ષતિ છે. તે ૭૫% બૌદ્ધિક દિવ્યાંગતા ધરાવે છે અને બોલવામાં પણ સમસ્યા અનુભવે છે છતાં ૧૧ વર્ષની ઉંમરે યોગ શીખવાનું શરૂ કરી યોગના પરિણામે તેણે આ સિદ્ધિ હાંસલ કરી છે.

અન્વીએ અનેક શારીરિક સમસ્યાઓ અને મર્યાદાઓ છતાં પણ મક્કમ મનોબળ અને સખત પરિશ્રમ થકી યોગમાં રાજ્ય અને રાષ્ટ્રીયકક્ષાની અનેકવિધ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ્સ જીત્યા છે. તેણે છેલ્લા ત્રણ વર્ષોમાં રાષ્ટ્રીય સ્તરની યોગ સ્પર્ધાઓમાં ૩ સુવર્ણ ચંદ્રકો અને ૨ કાંસ્ય ચંદ્રકો જીત્યા છે. કુલ ૪૨ યોગ સ્પર્ધાઓમાં ભાગ લીધો છે, અને ૫૧ જેટલા મેડલો મેળવ્યા છે. અન્વી ૧૧૨ કરતાં પણ વધુ આસનો કરી શકે છે. એટલું જ નહિ, અન્વીએ સોશિયલ મિડીયા પ્લેટફોર્મ પર બે લાખથી વધુ લાઇક પણ મેળવી છે.

૧૩ વર્ષની અન્વી ઝાંઝરૂકિયાને યોગાસનમાં વિશિષ્ટ પ્રદાન કરવા બદલ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા 'ક્રિએટિવ ચાઈલ્ડ વિથ ડિસેબિલીટી કેટેગરી'માં નેશનલ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય બાલ પુરસ્કાર મેળવનારા દેશભરના અલગ અલગ રાજ્યોના ૬ જેટલા બાળકો સાથે સંવાદ કરી તેમને પ્રોત્સાહન પુરૂં પાડયું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અન્વીની આ સિદ્ધિઓની પ્રસંશા કરતાં જણાવ્યું છે કે અન્વી એવા દિવ્યાંગો માટે રોલ મોડેલ છે જેઓ થોડી મહેનતથી સામાન્ય જીવન જીવી શકે છે.

વડાપ્રધાનશ્રીએ બ્લોક ચેઇન ટેક્નોલોજી મારફતે સંબોધન કરતાં આ એવોર્ડ અને પુરસ્કાર રાશિ અર્પણ કર્યા તે અવસરે સુરત જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અન્વીના માતા-પિતા શ્રી વિજયભાઇ અને અવનીબહેન, સુરતના મેયર શ્રીમતી હેમાલી બોઘાવાલા તેમજ જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# રાજ્યભરમાં પ્રજાસત્તાક પર્વની થયેલી ઉજવણીની તસવીરી ઝલક



મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી
ગાંધીનગર



મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા
મહેસાણા



મંત્રી શ્રી બ્રિજેશભાઇ મેરજા
જામનગર



મંત્રી શ્રી જીતુભાઇ ચૌધરી
નવસારી



મંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલ
ખેડા



મંત્રી શ્રી મુકેશભાઇ પટેલ
તાપી




મંત્રી શ્રી અરવિંદભાઇ રૈયાણી
જુનાગઢ



મંત્રી શ્રી કુબેરભાઇ ડીંડોર
સાબરકાંઠા



મંત્રી શ્રી કિર્તીસિંહ વાઘેલા
કચ્છ



મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમાર
ભરૂચ





મંત્રી શ્રી વિનોદભાઇ મોરડિયા
બોટાદ



મંત્રી શ્રી દેવાભાઇ માલમ
સુરેન્દ્રનગર

# દિલ્હીની પ્રજાસત્તાક દિન પરેડમાં ગુજરાતના ક્રાંતિકારી આદિવાસીઓની શૌર્યગાથા ઝાંખીએ લોકોને મંત્રમુગ્ધ કર્યા...





**Published on Date 1-2-2022**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.


**To,**


**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**

માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦